
વર્ષ: 02, અંક: 13
01-15 જાન્યુઆરી 2022
નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## અમૃત વર્ષ
## સ્વર્ણિમ સંકલ્પ

**નવા વર્ષમાં નવા ભારતના નિર્માણની અમૃત યાત્રાનો નવો સંકલ્પ**



INDIAN ARMY

## સેના દિવસ
15 જાન્યુઆરી

# ભારતની સેના
# મા ભારતીનું ગૌરવ અને મહિમા

“ ભારતના દરેક નાગરિકને આપણા સૈન્ય પર અતૂટ વિશ્વાસ છે, જે રાષ્ટ્રની સલામતી માટે હંમેશા તત્પર રહે છે. સાથે સાથે એ પણ ન ભૂલવું જોઈએ કે આપણા જવાનો મુશ્કેલીના સમયમાં લોકોને બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ભારતનું લશ્કર મા ભારતીનું ગૌરવ છે. ”

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન









# ન્યૂ ઈન્ડિયા સમાચાર

**વર્ષ: 02 ,અંક: 13 | 01-15 જાન્યુઆરી 2022**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દૂ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણ: **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલ: response-nis@pib.gov.in**



RNI No. : DELGUJ/2020/78810


## અંદરનાં પાને...

# નવા ભારતની નવી સવાર..




**કવર સ્ટોરી** આઝાદીની અમૃત યાત્રાના પ્રારંભના વર્ષમાં સંકલ્પથી સિધ્ધિ દ્વારા નવા ભારતના નિર્માણ માટે આગળ વધી રહેલો દેશ | પેજ 14-30

## વારાણસીની નવી દિવ્ય સવાર




કાશી-વિશ્વનાથ કોરિડોરનાં પ્રથમ તબક્કાનું ઉદઘાટન, ચાર દાયકાથી પેન્ડિંગ સરયુ નહેર પ્રોજેક્ટની શરૂઆત પેજ 06-10

**બાના સિંહના અદમ્ય સાહસથી વિશ્વની સૌથી ઊંચી 'કાયદ પોસ્ટ' બની 'બાના' પોસ્ટ** | પેજ 04

**શ્રધ્ધાંજલિ: બિપીન રાવત** | પેજ 05

**પ્રગતિના પથ પર પૂર્વાંચલને મળી રહી છે નવી ઓળખ**
ગોરખપુરમાં એઈમ્સ સહિત ત્રણ પ્રોજેક્ટ્સનો પ્રારંભ | પેજ 11-13

**કોવિડ કાળના ગ્રહણમાંથી મુક્ત થતું અર્થતંત્ર**
બીજા ત્રિમાસિક ગાળાના પ્રોત્સાહક આંકડા | પેજ 31-32

**'તમામને માટે મકાન'નું સપનું સાકાર**
કેબિનેટના નિર્ણયો | પેજ 33

**દિલ્હીથી દેવભૂમિ સુધીનો પ્રવાસ માત્ર અઢી કલાકમાં**
દિલ્હી-દહેરાદૂન કોરિડોરનો શિલાન્યાસ | પેજ 34-35

**ઘેર ઘેર રસીની ઝૂંબેશ**
કોવિડની સામેની લડાઈમાં ભારતની આગેકૂચ | પેજ 36-37

**પ્રત્યેક ઘરમાં પ્રકાશ રેલાયો**
ઉજાલા યોજનાથી જીવન બન્યું સુગમ | પેજ 38-39

**ભારત-રશિયા સંબંધોમાં નવાં પરિમાણ**
કોવિડના સમયમાં રશિયન રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે | પેજ 44



**અનુકરણીય દ્રષ્ટાંત પૂરું પાડનારા મહાનાયક**
આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ અંકમાં વાંચો ડો. સૈફુદ્દીન કિચલૂ, મહાદેવભાઈ દેસાઈ સહિતના સ્વતંત્રતા સેનાનીઓની કહાની | પેજ 40-43

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર

*આપ સૌને નવાં વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ !*

2022નાં વર્ષનો પ્રારંભ દર વર્ષની જેમ કેલેન્ડરમાં થતો માત્ર ફેરફાર નથી. દેશ તેની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠ મનાવી રહ્યો છે, જે રાષ્ટ્રની જીવન યાત્રાનો ખૂબ મહત્વનો પડાવ છે. જે રીતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ચરખા અને મીઠાને આઝાદીના આંદોલનનું પ્રતીક બનાવ્યું હતું, તે રીતે આઝાદીનો અમૃત મહોત્સવ નવા ભારતનું પ્રતીક છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીના 75માં વર્ષને સીમાચિહ્ન બનાવી દીધું છે, જેમાં આઝાદીનો સ્વર્ણિમ સમય એટલે કે 2047 સુધી દેશને ફરી એક વાર 'સોને કી ચિડીયા' બનાવવાનો નિર્ધાર છે.

વીતેલાં કેટલાંક વર્ષોમાં રાષ્ટ્રએ પ્રગતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જો કે અહીં યાત્રા પૂરી નથી થતી. હજુ ઘણું આગળ વધવાનું છે. દરેક રાજ્યમાં પસંદગીના વિસ્તારોને બદલે ખૂણે ખૂણે વિકાસ પહોંચાડવાનો છે, જેને સાકાર કરવા માટે અમૃત યાત્રા શરૂ થઈ ચૂકી છે. ભારતને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશ જન આંદોલન બની ચૂકી છે, વિકાસની યાત્રામાં છેવાડાના માણસને પણ સહભાગી બનાવવામાં આવ્યો છે, જેને કારણે નિર્ધારિત લક્ષ્ય હાંસલ કરીને નવા ભારતનો પાયો તૈયાર કરવામાં આવી રહ્યો છે. અમૃત કાળમાં ભારતનું લક્ષ્ય વિભાજીત વિકાસ નહીં પણ, સમાજના તમામ વર્ગો, વિસ્તાર, ગામ-શહેર, ખૂણે-ખૂણે રહેતાં લોકોને સાથે લઈને ચાલવાનું છે, જેથી સર્વાંગી, સર્વસમાવેશી વિકાસ થાય. જમીન, પાણી, આકાશ દરેક ક્ષેત્રમાં દેશે ગતિ પકડી છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં સરકારે કરેલા પ્રયત્નોએ એ સાબિત કરી દીધું છે કે 21મી સદીનું ભારત મોટાં લક્ષ્ય નિર્ધારિત કરીને તેને હાંસલ કરવાની તાકાત ધરાવે છે. નવા વર્ષના આ વિશેષાંકમાં અમૃત વર્ષ સુધી ભારત કેવું છે અને સ્વર્ણિમ વર્ષનું ભારત કેવું હશે તેની સંપૂર્ણ અમૃત યાત્રાને કવર સ્ટોરી બનાવવામાં આવી છે.


વ્યક્તિત્વ શ્રૃંખલા અંતર્ગત પરમવીર નાયબ સૂબેદાર બાના સિંહની વીરતાની ગાથા, અમૃત મહોત્સવની શ્રૃંખલામાં મહાનાયકોની પ્રેરક કહાની રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, આ વિશેષ અંકમાં ભારતની આર્થિક પ્રગતિ, કાશી કોરીડોરની દિવ્યતા-ભવ્યતા, દહેરાદૂન-દિલ્હી એક્સપ્રેસ વે, પૂર્વાંચલની પ્રગતિ અને 50 ટકા પાત્ર વસતિને કોવિડ રસીના બંને ડોઝ લગાવવાની સિધ્ધિ જેવા વિષયો પર અહેવાલ રજૂ કરવામાં આવ્યા છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરતાં રહો. તમારા સૂચનો અમને આ સરનામે મોકલી શકો છોઃ

**સરનામું: રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

હું પ્રારંભિક અંકોથી જ ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનનો પ્રશંસક રહ્યો છું. હું આગામી અંકોની આતુરતાપૂર્વક રાહ જોતો હોઉં છું. મેગેઝીનમાં તમામ સરકારી નીતિઓ, યોજનાઓ અને પ્રવૃત્તિઓની માહિતી સરળ ભાષામાં આપવામાં આવે છે. ગ્લોબલ વોર્મિંગની અસરોથી વિશ્વને બચાવવામાં ભારતની અગ્રદૂત તરીકેની ભૂમિકા વિષય પર આપવામાં આવેલી વાચન સામગ્રી સરસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બાબા કેદારની નગરીની કાયાપલટ કરવાના અહેવાલે ઘેર બેઠાં જ બાબા કેદારના દર્શન કરાવી દીધા.

**નરેશ કાનૂનગો**
**kanungo.naresh@gmail.com**

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન બહુ સરસ છે. હું નિયમિત રીતે મેગેઝીન વાંચું છું. મને આ મેગેઝીન સર્વશ્રેષ્ઠ લાગે છે. સરકારની વિવિધ યોજનાઓની માહિતી, દેશ દુનિયાની માહિતી અને દેશમાં નવું શું થઈ રહ્યું છે એ બધી માહિતી આ મેગેઝીનમાં મળે છે. ઉત્કૃષ્ટ સંપાદન માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**-મુકેશકુમાર ઋષિ વર્મા**
**mukesh123idea@gmail.com**

હું શહેરી વિસ્તારમાં રહું છું, જ્યાં સોશિયલ મિડિયાનું ઘણું ચલણ છે. જો કે સોશિયલ મિડિયા પર સાચી માહિતી નથી હોતી. તેથી દેશ અને દેશવાસીઓના હિતમાં સરકાર દ્વારા લેવામાં આવતા મહત્વનાં વિકાસ કાર્યોની જાણ નથી થતી. ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન સામાન્ય માણસોને તેનાથી માહિતગાર કરાવવા અને વિકાસ કાર્યોની વાસ્તવિક સ્થિતિ બતાવવાનું સારું અને વિશ્વસનીય માધ્યમ બની રહ્યું છે.

**-સતીશ ત્યાગી કાકડા**
**tyagisk67@gmail.com**

ન્યૂ ઇન્ડિયા મેગેઝીનનો 1-15 ડિસેમ્બર, 2021નો અંક ઇ-મેલ દ્વારા પ્રાપ્ત થયો. આ વખતના અંકમાં સરસ સમાચારો વાંચવા મળ્યા. ગોવામાં પૂરો થયેલો 52મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ, આઝાદી કા અમૃત મહોત્સવમાં ડો. રાજેન્દ્ર પ્રસાદ, રાજગોપાલાચારી, ડો. આંબેડકરનું સ્વતંત્રતા સંગ્રામમાં પ્રદાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એક્સપ્રેસ વેનું ઉદઘાટન અને કોવિડ-19 પર મહત્વની માહિતી મળી. મેગેઝીનનું કવરપેજ સુંદર છે. ભવિષ્યમાં પણ આવાં મેગેઝીન વાંચવા મળતા રહેશે તેવી અપેક્ષા છે.

**shrigopal6@gmail.com**

હું ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન ઓનલાઇન વાંચું છું. આ મેગેઝીનમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની ખૂબ સારી માહિતી વાંચવા મળે છે. આ મેગેઝીન વાંચવાથી મારી વિશ્લેષણાત્મક ક્ષમતા અને ઊંડી સમજ વિક્સિત થઈ રહી છે.

**-હનવંતસિંહ રાઠોડ**
**hanwantsinghrathore0@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# જેમનાં અદમ્ય સાહસથી વિશ્વની સૌથી ઊંચી કાયદ પોસ્ટ બની 'બાના' પોસ્ટ



જન્મઃ 6 જાન્યુઆરી, 1949

1987ની વાત છે. પાકિસ્તાની લશ્કરે સિયાચીન ગ્લેશિયરમાં આવેલા મહત્વના દુર્ગમ સ્થળ પર કબ્જો કરી લીધો હતો. દૂર દૂર સુધી સફેદ બરફથી ઢંકાયેલી એ જગ્યા જમીનથી 21,000 ફુટ ઉપર હતી. અહીંથી દુશ્મનની સેના ભારતીય સેનાના બચાવ ક્ષેત્ર, થાણાં સહિતની દરેક હિલચાલ પર નજર રાખી શકતી હતી. કાયદ પોસ્ટ નામની આ જગ્યા નાની પણ અજેય હતી, જેની બંને બાજુ સીધી અને સપાટ દિવાલો હતી, જેનાં પર ચઢવું મુશ્કેલ હતું. ભારતીય સેના માટે તેનાં પર કબ્જો કરવો મોટો પડકાર હતો. આ માટે એક ટીમની રચના કરવામાં આવી, જેનું કામ હતું કાયદ પોસ્ટને દુશ્મનના કબ્જામાંથી છોડાવવી. આ કામ ખૂબ અઘરું હતું એ જાણવા છતાં નાયબ સૂબેદાર બાના સિંહે સામે ચાલીને આ ટીમમાં પોતાનું નામ નોંધાવ્યું. તેમને આ ટીમના વડા બનાવવામાં આવ્યા.

સિયાચીનની ભયંકર આબોહવા, બરફનું તોફાન, માઇનસ 50 ડિગ્રી તાપમાન અને ઓક્સિજનની અછતને કારણે જીવતાં રહેવું પણ અઘરું હતું. પણ નાયબ સુબેદાર બાના સિંહ અને તેમનાં જવાનોએ 'ઝીરો વિઝિબિલિટી'ની સ્થિતિમાં પણ જોખમી માર્ગ દ્વારા બરફની 457 મીટર ઊંચી દિવાલ પર ચઢાઈ કરી. ભયંકર તોફાની રાતમાં ત્રીજા ભાગનો રસ્તો કપાયો હતો ત્યાં ટીમનો એક સભ્ય ખીણમાં પડી ગયો. આ ઘટનાથી વિચલિત થાય તો સમગ્ર ઓપરેશન જોખમમાં આવે એમ હતું. આ શૂરવીરો પોતાના ખભા પર સામાન મૂકીને, પગમાં ખીલી વાળા બુટ પહેરીને દોરડાં અને કુહાડીની મદદથી ઉપર ચઢતા રહ્યા. સવારે પાંચેક વાગ્યાનો સમય હતો. બાના સિંહ તેમની ટીમના સાથીઓ સાથે અંતિમ પડાવ પર આવી પહોંચ્યા હતા, જ્યાંથી દુશ્મનો થોડા અંતરે જ હતા. બાના સિંહ અને તેમના સાથી પહેલાં મોરચા પર કૂદી પડ્યા અને હાથગોળા ફેંકીને દુશ્મનના બંકર ધ્વસ્ત કરી દીધા. બાના સિંહ એક મોરચાથી બીજા મોરચા પર લડતા રહ્યા. સ્ટેનગનથી ગોળીબાર કરતાં કરતાં, ક્યારેક ધારદાર અણીવાળા શસ્ત્ર ઘોપતા તો ક્યાંક ગ્રેનેડ ફેંકીને દુશ્મનોને પાડી દેતાં હતાં. તેમણે કેટલાંક પાકિસ્તાની સૈનિકોનો ખાત્મો બોલાવ્યો અને જે બચ્યા હતા તેમણે ડરના માર્યા ટેકરી પરથી છલાંગ લગાવી દીધી. અંતે, બાના સિંહે ત્યાં રહેલા તમામ દુશ્મનોને ખતમ કરી દીધા અને કાયદ પોસ્ટ પુનઃ ભારતીય સેનાના કબ્જામાં આવી ગઈ.

### જ્યારે નરેન્દ્ર મોદી પીએમ બન્યા બાદ પ્રથમ વાર દિવાળી પર સિયાચીન પહોંચ્યા..

**સિયાચીન સ્થિત ચોકીઓ પર રહેતા આપણા વીર જવાનો એવી સ્થિતિમાં રહે છે જેવી સ્થિતિમાં ઉત્તર ધ્રુવ પર ઇગ્લુમાં એસ્કિમો રહે છે. ચારે બાજુ દૂર દૂર સુધી બરફનું સામ્રાજ્ય. ક્યાંય કોઇ માણસ નજરે ન પડે. આ બર્ફીલા પર્વતો પર ભારતીય સૈનિકો પોતપોતાની ચોકીઓમાં દેશની સલામતીની રક્ષા કરે છે. બરફથી ઢંકાયેલી આ જગ્યાનું નામ સિયાચીન છે, જેનો અર્થ થાય છે-ગુલાબોનો સંગ્રહ. વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીએ જવાનો સાથે પહેલી દિવાળી સિયાચીનમાં જ મનાવી હતી. ત્યારે તેમણે કહ્યું હતું,** "જ્યાં સુધી આ બર્ફીલા ગ્લેશિયરને કોઈ જૂએ નહીં, માઇનસ 30-40 ડિગ્રીમાં જવાન કઈ રીતે ફરજ બજાવે છે ત્યાં સુધી તેને ખ્યાલ નહીં આવે કે આપણાં દળો, આપણાં જવાનો કેટલી મુશ્કેલીઓ વચ્ચે, કેટલા દુર્ગમ વિસ્તારો વચ્ચે માતૃભૂમિનાં રક્ષણ માટે મહેનત કરી રહ્યા છે."

પરમવીર બાના સિંહની લશ્કરમાં જોડાવાની કહાની પણ રસપ્રદ છે. બાના સિંહનો જન્મ 6 જાન્યુઆરી, 1949નાં રોજ જમ્મુ કાશ્મીરના કડિયાલ જિલ્લામાં થયો હતો. તેમના પિતા અમર સિંહ આમ તો ખેતીવાડી સાથે સંકળાયેલા હતા પણ લશ્કરી જીવનથી ઘણાં પ્રભાવિત હતા કારણ કે લશ્કરમાં તેમનાં અનેક સગા સંબંધી હતા. તેઓ ઇચ્છતા હતા કે બાના સિંહ પણ લશ્કરમાં ભર્તી થાય અને તેમનું નામ રોશન કરે. જ્યારે પણ બાના સિંહ ગામમાં રજા પર આવતા સૈનિકોને મળતા અથવા તો તેમને જોતાં ત્યારે ખૂબ ખુશ થતા અને કહેતા હતા- મને પણ લશ્કરી યુનિફોર્મ સારો લાગે છે, હું પણ પહેરીશ અને દેશની સેવા કરીશ. બાના સિંહની આ ઇચ્છા 20માં વર્ષે પોતાના જન્મ દિવસે પૂરી થઈ. જન્મદિવસે આનાથી સારી ભેટ બીજી કઈ હોઈ શકે. 6 જાન્યુઆરી, 1969નાં રોજ તેઓ ભારતીય લશ્કરમાં ભરતી થયા હતા. ●

## શ્રધ્ધાંજલિ: જનરલ બિપીન રાવત

# ભારતના નરબંકા

**1977-78ની વાત છે. એનડીએની લેખિત પરીક્ષા પાસ કરીને એક નવયુવક ઇન્ટરવ્યુ માટે બ્રિગેડિયર સમક્ષ પહોંચ્યો. આ નવયુવકને ટ્રેકિંગનો બહુ શોખ હતો, ઇન્ટરવ્યુમાં બ્રિગેડિયરે સવાલ કર્યો- જો તમારે 4-5 દિવસ માટે ટ્રેકિંગ પર જવાનું હોય તો કઈ એવી મહત્વની વસ્તુ છે જેને તમે તમારી પાસે રાખશો. નવયુવકે કહ્યું-માચીસ. બ્રિગેડિયરે બીજી ઘણી વસ્તુ સાથે રાખવા માટે દબાણ કર્યું, પણ તેણે પોતાનો નિર્ણય ન બદલ્યો. આ નવયુવક હતો ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવત. નિર્ણય લેવો અને તેનાં પર ટકી રહેવું તેમની ખાસિયત હતી. મ્યાંમારની સરહદ પર જઈને આતંકવાદીઓને ખતમ કરવાના હોય કે, પછી સર્જિકલ સ્ટ્રાઇકથી માંડીને બાલાકોટ એર સ્ટ્રાઇક દ્વારા આતંકને જવાબ આપવાનો હોય..ભારતના દરેક લશ્કરી ઓપરેશનમાં તેમની મહત્વની ભૂમિકા રહી છે.**

1993ની વાત છે. બિપીન રાવત 5/11 ગોરખા રાઇફલ્સમાં મેજરનાં પદ પર હતા. તેઓ કાશ્મીરના ઉરી વિસ્તારમાં પોતાના સાથીઓ સાથે પેટ્રોલિંગ પર હતા. એ દરમિયાન પાકિસ્તાને ગોળીબાર શરૂ કરી દીધો. બિપીન રાવત પણ ગોળીબારની ઝપટમાં આવી ગયા. એક ગોળી તેમના પગની ઘૂંટીમાં વાગી અને બીજી ગોળી તેમના જમણા હાથમાં વાગી. તાત્કાલિક તેમને શ્રીનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમની ઘૂંટી અને હાથ ઠીક કરી દીધા, પણ રાવતને ડર હતો કે ગોળી વાગ્યા પછી તેમના સિનિયર કમાન્ડ કોર્સમાં જોડવાની ના પાડી દેશે. તેઓ હાર ન માન્યા. કાંખઘોડીની મદદથી ચાલવાનું શરૂ કર્યું અને એક મહિનામાં સાજા થઈ ગયા. 2015માં બિપીન રાવત લેફ્ટનન્ટ જનરલ હતા. તેમનાં પર નાગાલેન્ડના દીમાપુર સ્થિત 3 કોર્પ્સ હેડક્વાર્ટરની જવાબદારી હતી. 3 ફેબ્રુઆરી, 2015નાં રોજ સવારે 9-30 કલાકે બિપીન રાવત, એક કર્નલ અને બે પાયલટની સાથે ચિત્તા હેલિકોપ્ટર પર સવાર થયા. દીમાપુરથી ઉડાન ભર્યા બાદ હેલિકોપ્ટર જમીનથી 20 ફુટ ઉપર ગયું હશું ત્યાં એન્જિન ફેઇલ થઈ ગયું. ગણતરીની સેકન્ડોમાં હેલિકોપ્ટર જમીન પર આવી ગયું. તેમાં બેઠેલાં તમામ લોકોને ઇજા થઈ, પણ બિપીન રાવતે ફરી એક વાર મોતને મ્હાત આપી. પોતાની બહાદુરીથી મોતને મ્હાત આપી હોય તેવા આ બે કિસ્સા છે. પણ 8 ડિસેમ્બરે તકદીરે તેમનો સાથ ન આપ્યો. તામિલનાડુના કુન્નુરમાં સર્જાયેલી હેલિકોપ્ટર દુર્ઘટનામાં દેશના પ્રથમ સીડીએસ જનરલ બિપીન રાવત, તેમનાં પત્ની મધુલિકા રાવત સહિત 14 લોકોનાં મૃત્યુ થયાં. 11 ડિસેમ્બરનાં રોજ ઉત્તરપ્રદેશના બલરામપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનરલ રાવતના પ્રદાનને યાદ કરતા કહ્યું, ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવતનું જવું એ દરેક ભારતપ્રેમી માટે, દરેક રાષ્ટ્રભક્ત માટે બહુ મોટું નુકસાન છે. દેશને આત્મનિર્ભર બનાવવા માટે જનરલ બિપીન રાવતજીએ કરેલાં પ્રત્યેક કાર્યનું સમગ્ર દેશ સાક્ષી છે." ●



સીડીએસ જનરલ બિપીન રાવત (1958-2021)

### એ ઓપરેશન જેનાં માટે તેમને હંમેશા યાદ રાખવામાં આવશે

- 2015ની વાત છે. મણિપુરમાં આપણી સેના પર આતંકવાદી હૂમલો થયો. 18 સૈનિકોની શહીદીથી દેશમાં તીવ્ર રોષ હતો. તે સમયે 21 પેરા થર્ડ કોર્પ્સના કમાન્ડર બિપીન રાવત જ હતા. તેમણે દુનિયાને બતાવી દીધું કે ભારત પર આંચ આવે તો શું થાય છે. આ યુનિટના પેરા કમાન્ડોએ સરહદ પાર કરીને મ્યાંમારમાં ઓપરેશન કર્યું અને આતંકવાદી ગ્રૂપના 60થી વધુ આતંકવાદીઓને સરહદ પાર જઈને ખતમ કરી દીધા.
- પાકિસ્તાનની અવળચંડાઈનો જવાબ તેમણે પોતાના અંદાજમાં આપ્યો. 29 સપ્ટેમ્બર, 2016નાં રોજ પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં ભારતીય સેનાનાં સ્પેશ્યલ કમાન્ડો યુનિટે રાતોરાત ઓપરેશ કર્યું. અનેક આતંકવાદીઓની સાથે પાકિસ્તાનના સૈનિકોને પણ ખતમ કરી દીધા. ઉરી અને સીઆરપીએફ કેમ્પ પર પાકિસ્તાનના હૂમલાનો આ જવાબ હતો.

> **"જનરલ બિપીન રાવત એક બાહોશ સૈનિક અને સાચા દેશભક્ત હતા. તેમણે સેનાના આધુનિકીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી. સુનિયોજીત અને વ્યૂહાત્મક બાબતોમાં તેમનો અભિગમ અતુલનીય હતો. તેમનાં જવાથી હું ખૂબ દુ:ખી છું. ભારત તેમનાં યોગદાનને ક્યારેય નહીં ભૂલે."**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



### 43 વર્ષ વિરુદ્ધ 33 મહિના

# બનારસની નવી સવાર

કાશી-વિશ્વનાથ કોરિડોરના લોકાર્પણ પર
વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન સાંભળવા માટે
QR કોડ કેન કરો

**માળખાગત સુવિધાઓ હોય કે પછી દેશના સાંસ્કૃતિક ગૌરવને નવું અને આધુનિક સ્વરૂપ આપવાની પહેલ હોય, કેન્દ્ર સરકાર કોઇ પણ ક્ષેત્રમાં કોઈ કસર છોડવા માંગતી નથી. વર્ષોથી લટકેલાં પ્રોજેક્ટ 2014 બાદ સાકાર થઈ રહ્યા છે, તો દેશના સાંસ્કૃતિક વારસાને ભવ્ય રૂપ આપીને નવી ગૌરવગાથા લખવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશ તેનું તાજું ઉદાહરણ છે. સરયૂ-નહેર નેશનલ પ્રોજેક્ટનો પાયો છેક 1978માં નાખવામાં આવ્યો હતો પણ કામની શરૂઆત 2017માં થઈ. કાશી વિશ્વનાથ કોરિડોરનો પાયો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8 માર્ચ, 2019નાં રોજ નાખ્યો હતો અને માત્ર 33 મહિના અને ચાર દિવસમાં જ આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પૂરો કરી દેવામાં આવ્યો. 11 ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરયૂ નહેર પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું, તો 13 ડિસેમ્બરે કાશી વિશ્વનાથ કોરિડોરની ભેટ આપીને એ સાબિત કરી આપ્યું કે તેમની સરકારમાં હવે કામ અટકતાં નથી અને લટકતાં પણ નથી....**

એક સમય હતો જ્યારે વારાણસીમાં માળખાગત સુવિધાઓના વિકાસ અંગે કહેવામાં આવતું હતું કે, આ શહેરનું કંઇ ન થઈ શકે. તેનું કારણ એ હતું કે ડગલે ને પગલે મુશ્કેલી હતી. રસ્તામાં મંદિરો હતા તો કોઇક જગ્યાએ દબાણ થઈ ગયું હતું. કહેવાય છે કે અહીંના ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ મધપુડા જેવી હતી, જેને કોઈ છેડવા માંગતું નહોતું. કાશી વિશ્વનાથ મંદિર પાસે તો એટલું દબાણ હતું કે ક્યારેક તો ચાલતા જવામાં પણ મુશ્કેલી પડતી હતી. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોર દ્વારા વારાણસીની સ્થિતિ બદલી નાખી છે. 13 ડિસેમ્બરનાં રોજ પોતાના ડ્રીમ પ્રોજેક્ટ કાશી વિશ્વનાથ કોરિડોરનું શુભ રેવતી નક્ષત્રમાં ઉદઘાટન કરતાં વારાણસી પ્રત્યેનો તેમનો પ્રેમ ઝળકી ઉઠ્યો. 2014માં પ્રથમ વાર વડાપ્રધાન બન્યા ત્યારથી કાશીને દિવ્ય અને ભવ્ય રૂપ આપવાનું તેમનું સ્વપ્ન રહ્યું છે. તેમણે જણાવ્યું, "શાસ્ત્રોમાં વાંચ્યું છે કે જ્યારે પણ કોઇ શુભ પ્રસંગ હોય ત્યારે તમામ દેવી શક્તિઓ બનારસમાં બાબાની પાસે ઉપસ્થિત થઈ જાય છે. કંઇક આવો જ અનુભવ આજે મને બાબાના દરબારમાં આવીને થઈ રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે આપણું સમગ્ર ચૈતન્ય બ્રહ્માંડ સાથે જોડાયેલુ છે. જો કે પોતાની માયાનો વિસ્તાર તો બાબા જ જાણે. જ્યાં સુધી માનવીય દ્રષ્ટિ જાય છે. વિશ્વનાથ ધામનું કામ સમયસર પૂરું થવાની સમગ્ર વિશ્વ જોડાઈ ગયું છે. આજે ભગવાન શિવનો પ્રિય દિવસ સોમવાર છે. વિક્રમ સંવંત 2078ની દસમી તિથી એક નવો ઇતિહાસ રચી રહી છે."

વડાપ્રધાને કાશીની આધ્યાત્મિકતાનો ઉલ્લેખ કર્યો અને મહાન વારસાની સાથે આઝાદીના અમૃત મહોત્સવમાં વિકાસ યાત્રાના પોતાના સંકલ્પનો પુનરોચ્ચાર પણ કર્યો. વડાપ્રધાને આ પ્રસંગે કરેલા સંબોધનના અંશ...

### કાશીની આધ્યાત્મિકતાને નમન

આપણા પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે, કાશીમાં પ્રવેશતાની સાથે જ વ્યક્તિ તમામ બંધનમાંથી મુક્ત થઈ જાય છે. ભગવાન વિશ્વેશ્વરના આશીર્વાદ, એક અલૌકિક ઊર્જા આપણા અંતરાત્માને જાગૃત કરે છે.

> **કાશી એ શબ્દોનો વિષય નથી, સંવેદનાઓની સૃષ્ટિ છે. કાશી એ છે - જ્યાં જાગૃતિ એ જીવન છે! કાશી એ છે - જ્યાં મૃત્યુ પણ મંગળ છે! કાશી એ છે - જ્યાં સત્ય જ સંસ્કૃતિ છે. કાશી એ છે જ્યાં પ્રેમની પરંપરા છે!**
>
> -નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**



### સનાતન પરંપરાનો ઉલ્લેખ

વિશ્વનાથ ધામનું આ સમગ્ર નવું પરિસર માત્ર ભવ્ય ઈમારત નથી, આ આપણા ભારતની સનાતન સંસ્કૃતિનું પ્રતીક છે! આ એક પ્રતીક છે, આપણા આધ્યાત્મિક આત્માનું! તે ભારતની પ્રાચીનતાનું પ્રતિક છે. પરંપરાઓ! ભારતની ઊર્જા, ગતિશીલતાનું.

### પરંપરા અને આધુનિકતાના સંગમ પર ભાર

વિશ્વનાથ ધામનું આ નવું પરિસર બન્યું તે પહેલાં પ્રથમ મંદિર વિસ્તાર માત્ર ત્રણ હજાર ચોરસ ફૂટ હતો, હવે તે લગભગ 5 લાખ ચોરસ ફૂટ થઈ ગયો છે. હવે મંદિર અને મંદિર પરિસરમાં 50 થી 75 હજાર ભક્તો આવી શકે છે. એટલે કે, પહેલા માતા ગંગાના દર્શન-સ્નાન, અને ત્યાંથી સીધા વિશ્વનાથ ધામ જઈ શકાય.

### ઉજ્જવળ ભવિષ્યનો પાયો

કાશી વિશ્વનાથ ધામનું લોકાર્પણ ભારતને નિર્ણાયક દિશા આપશે, ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જશે. આ પરિસર આપણી ક્ષમતાનો, આપણી ફરજનો સાક્ષી છે. જો દ્રઢ નિશ્ચય હોય તો કંઇ કશું જ

## શ્રમિકોનું સન્માન

*હું આજે દરેક શ્રમિક ભાઈ-બહેનનો આભાર વ્યક્ત કરવા માંગું છું, જેમનો પરસેવો આ ભવ્ય પરિસરના નિર્માણમાં વહ્યો છે. કોરોનાના સંકટ સમયમાં પણ, તેમણે અહીં કામ અટકવા ન દીધું.*



*વડાપ્રધાન મોદી અચાનક કોરિડોર બનાવનારા શ્રમિકોને મળવા પહોંચી ગયા. તેઓ બધાં નવા પરિસરની સીડીઓ પર બેઠાં હતાં. વડાપ્રધાન ત્યાં પહોંચ્યા અને લગભગ 10 મિનિટ સુધી તેમનાં પર ફુલ વરસાવતા રહ્યા. તેમની પાસે સીડી પર પહોંચી ગયા. તેમણે શ્રમિકોને વિશ્વનાથ ધામના નિર્માણ સાથે સંકળાયેલા અનુભવ જાણ્યા. એ પછી તેમણે બાબાનો જયજયકાર કરતા બધાંની સાથે ફોટો પડાવ્યો.*

## શ્રદ્ધાળુઓને નવી સુવિધા

- કાશી વિશ્વનાથનું મંદિર હવે સીધું ગંગા સાથે જોડાયેલું છે. ભક્તો જલાસેન ઘાટ, મણિકર્ણિકા અને લલિતા ઘાટ પર ગંગામાં સ્નાન કરીને તમે સીધા બાબાના ધામમાં પ્રવેશ કરી શકશો.
- વિશાળ બાબા ધામના ત્રણ યાત્રી સુવિધા કેન્દ્રોમાં ભક્તોને પોતાનો સામાન સલામત રાખવા, બેસવાની અને તમને આરામની સુવિધા મળશે.
- કળા અને સંસ્કૃતિની નગરી કાશીમાં કલાકારો માટે એક સાંસ્કૃતિક કેન્દ્રની ભેટ મળશે. બે માળની ઈમારત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે છે.
- વિશ્વનાથ ધામમાં આવતા શ્રધ્ધાળુઓ માટે યોગ અને ધ્યાન કેન્દ્ર તરીકે વૈદિક કેન્દ્રને સ્થાપિત કરવામાં આવ્યું છે. ધામ ક્ષેત્રમાં બહારથી આવનારા શ્રધ્ધાળુઓ માટે સ્પિરિચ્યુઅલ બુક સેન્ટર ધાર્મિક પુસ્તકોનું નવું કેન્દ્ર હશે.
- શ્રધ્ધાળુઓ માટે બાબાની ભોગશાળા પણ બનાવવામાં આવી છે. અહીં એક સાથે 150 શ્રધ્ધાળુ બેસીને બાબા વિશ્વનાથનો પ્રસાદ આરોગી શકશે.
- સનાતન ધર્મમાં કાશીમાં મોક્ષની માન્યતા છે. વિશ્વનાથ ધામમાં મુમુક્ષુ ભવન બનાવવામાં આવ્યું છે. અહીંથી લગભગ 100 ડગલાં દૂર મહાસ્મશાન મણિકર્ણિકા છે.
- વિશ્વનાથ ધામમાં પ્રવેશ માટે ચાર વિશાળ દરવાજા બનાવવામાં આવ્યા છે. પહેલાં અહીં સાંકડી ગલીઓ હતી. સલામતી માટે હાઈટેક કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે.
- ધામમાં કટોકટીની સ્થિતિમાં સારવાર સુવિધાથી લઈને એમ્બ્યુલન્સ સુધીની વ્યવસ્થા રહેશે. એક જિલ્લો-એક ઉત્પાદન અને હસ્તકળાના સામાનની દુકાનો અને ફુડ કોર્ટ પણ બનાવવામાં આવ્યાં છે.
- ધામ પરિસરમાં મહાદેવ રૂદ્રાક્ષ, બિલી, પારિજાતના છોડ ઉપરાંત ધામ પરિસરની આસપાસ આસોપાલનાં વૃક્ષો અને વિવિધ પ્રકારના ફૂલો લગાવવામાં આવી રહ્યા છે.
- ધામમાં દિવ્યાંગો અને વડીલોની અવરજવર માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. રેમ્પ અને એસ્કેલેટરની અત્યાધુનિક સુવિધા ઉપલબ્ધ છે.



# 244વર્ષ બાદ કાશી-વિશ્વનાથ મંદિરનો પુનરોધ્ધાર









- કાશી વિશ્વનાથ મંદિર પર વર્ષ 1194થી લઈને 1669 સુધી અનેક વાર હૂમલા થયા. 1777થી 1780 દરમિયાન મહારાણી અહલ્યાબાઇ હોળકરે શ્રીકાશી વિશ્વનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.
- 8 માર્ચ, 2019નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 54,000 ચોરસ મીટર ક્ષેત્રફળમાં ફેલાયેલા કાશી વિશ્વનાથ ધામનો શિલાન્યાસ કર્યો.
- પ્રાચીન મંદિરના મૂળ સ્વરૂપને યથાવત રાખીને 5.27 લાખ સ્કવેર ફુટથી વધુ ક્ષેત્રફળમાં તેને વિક્સાવવામાં આવ્યું. રૂ. 339 કરોડનાં ખર્ચે બનેલા વિશ્વનાથ ધામમાં શ્રધ્ધાળુઓની સુવિધા અને સગવડોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.
- પહેલાં સાંકડી ગલીઓમાં જે વિશ્વનાથ મંદિરમાં શ્રધ્ધાળુઓ માટે પગ મૂકવાની પણ જગ્યા નહોતી, ત્યાં હવે બે લાખ શ્રધ્ધાળુઓ ઉભા રહીને દર્શન-પૂજા કરી શકશે.

## પ્રોજેક્ટ માટે 300થી વધુ બિલ્ડીંગ ખરીદવામાં આવી

*શ્રી કાશી વિશ્વનાથ મંદિરનું ક્ષેત્રફળ પહેલાં 3,000 સ્કવેર ફુટ હતું. લગભગ રૂ. 400 કરોડનાં ખર્ચે મંદિરની આસપાસ 300થી વધુ બિલ્ડિંગને ખરીદવામાં આવી. એ પછી પાંચ લાખ સ્કવેર ફુટથી વધુ જમીનમાં આશરે રૂ. 400 કરોડનાં ખર્ચે બાંધકામ કરવામાં આવ્યું. ધામ માટે ખરીદવામાં આવેલી બિલ્ડિંગોને તોડતી વખતે 40થી વધુ મંદિરો મળ્યા. આ મંદિરોનું પણ વિશ્વનાથ ધામ પ્રોજેક્ટ અંતર્ગત નવીનીકરણ કરવામાં આવ્યું છે.*



અશક્ય નથી.

### વારસાને બચાવવાની પ્રતિબધ્ધતા

આજનું ભારત પોતાનો ખોવાયેલો વારસો પાછો મેળવી રહ્યું છે. અહીં કાશીમાં તો માતા અન્નપૂર્ણા પોતે વિરાજે છે. મને આનંદ છે કે કાશીમાંથી ચોરાયેલી માતા અન્નપૂર્ણાની પ્રતિમા સદીની રાહ જોયા બાદ ફરી કાશીમાં સ્થાપિત થઈ છે.

### ભારતવાસીઓ માટે સંકલ્પ

મારે તમારી પાસેથી ત્રણ સંકલ્પો જોઈએ છે, તમારા માટે નહીં, પણ આપણા દેશ માટે - સ્વચ્છતા, સર્જન અને આત્મનિર્ભર ભારત માટે સતત પ્રયાસો.



# 43 વર્ષ પછી સરયૂ નહેર પ્રોજેક્ટનો પ્રારંભ

## સરયૂ નહેર પ્રોજેક્ટની મુખ્ય નહેરો

| | |
|---|---|
| સરયૂ મુખ્ય નહેર **63 કિ.મી** | રાપ્તી મુખ્ય લહેર **125 કિ.મી** |
| સરયૂ લિન્ક નહેર **43 કિ.મી** | રાપ્તી લિન્ક નહેર **21 કિ.મી** |

ઉત્તરપ્રદેશનાં સરયૂ નહેર પ્રોજેક્ટનું કામ 1978માં બહરાઇચપુરથી શરૂ કરવામાં આવ્યું હતું, પણ બાપુ ગાડીની ગતિથી ચાલતા આ પ્રોજેક્ટનું કામ 2017 સુધી માત્ર 52 ટકા સુધી જ પૂરું થઈ શક્યું. દેશભરમાં વર્ષોથી અટકી પડેલાં આવા અનેક પ્રોજેક્ટ્સ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશથી ઝડપથી કામ શરૂ થયું. સરયૂ પ્રોજેક્ટનું બાકીનું 48 ટકા કામ માત્ર સાડા ચાર વર્ષમાં પૂરૂં કરી લેવામાં આવ્યું. 11 ડિસેમ્બરનાં રોજ બલરામપુરમાં તેની શરૂઆત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, “જ્યારે આ પ્રોજેક્ટ પર કામ શરૂ થયું ત્યારે તેનો ખર્ચ 100 કરોડ રૂપિયાથી પણ ઓછો હતો. આજે તે લગભગ રૂ. 10,000 કરોડનાં ખર્ચે પૂરો થયો છે. અગાઉની સરકારોની બેદરકારીને કારણે દેશે 100 ગણી વધુ કિંમત ચૂકાવવી પડી છે. સરકારના પૈસા છે તો મારે શું એવો અભિગમ દેશના સંતુલિત અને સંપૂર્ણ વિકાસનાં માર્ગમાં મોટો અવરોધ બની ગયો હતો. આ અભિગમે સરયૂ નહેર પ્રોજેક્ટને લટકાવી અને ભટકાવી પણ.”


## 9 જિલ્લાના 29 લાખથી વધુ ખેડૂતોને ફાયદો

- 6,613 સ્ક્વેર કિલોમીટર નહેરોનું નેટવર્ક પાથરવામાં આવ્યું છે. આ તમામ નહેરો ગામડાંથી કનેક્ટ કરવામાં આવી છે, જે પૂર્વાંચલના 9 જિલ્લાની પાંચ નદીઓને જોડે છે.
- ઘાઘરાથી સરયૂ, સરયૂથી રાપ્તી, રાપ્તીથી બાણગંગા અને બાણગંગાથી રોહિણી નદીને જોડવામાં આવી. પાંચેય નદીઓમાંથી પાણી લઈને સિંચાઇ માટે નહેરમાં છોડવામાં આવશે. 2012માં તેને નેશનલ પ્રોજેક્ટ જાહેર કરવામાં આવ્યો.
- નહેરનો પ્રથમ કિનારો ઘાઘરા અને સરયૂ નદી પર બનેલા બહેરાઇચના સરયૂ બેરેજ પર છે. બહેરાઇચ, સિદ્ધાર્થનગર, બસ્તી, સંત કબીર નગર, ગોરખપુર, શ્રાવસ્તી, બલરામપુર અને મહારાજગંજના 6,200 ગામનાં 29 લાખથી વધુ ખેડૂતોને તેનો લાભ થશે.
- આ પ્રોજેક્ટથી 14 લાખ હેક્ટર જમીન પર સિંચાઇ થઈ શકશે. પ્રોજેક્ટની લંબાઈ 318 કિલોમીટર છે, જ્યારે 6,590 કિલોમીટર તેનું લિન્કેજ છે. ●

વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

## પૂર્વાંચલના વિકાસ પર વિશેષ ફોકસ

- 20 ઓક્ટોબર-કુશીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો પ્રારંભ. બૌધ્ધ સરકિટને પ્રોત્સાહનની સાથે સાથે પૂર્વાંચલના વિકાસને નવી ગતિ મળશે.
- 25 ઓક્ટોબર-સિધ્ધાર્થનગર સહિત 9 નવી મેડિકલ કોલેજોનું લોકાર્પણ. તેનાથી પૂર્વાંચલના લોકોને સારવાર માટે બીજે નહીં જવું પડે. પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાની શરૂઆત.
- 16 નવેમ્બર-પૂર્વાંચલ એક્સપ્રેસ વેનું ઉદઘાટન, ઉત્તરપ્રદેશનો બીજો એક્સપ્રેસ વે નવા રોજગારની સાથે આર્થિક આત્મનિર્ભરતાની સીડી બનશે.
- 7 ડિસેમ્બર-ગોરખપુરમાં એઈમ્સ અને ખાતર કારખાનાની શરૂઆત, ગંભીર બિમારી ધરાવતા લોકોને દિલ્હી કે લખનઉ જવામાંથી મુક્તિ મળશે. ખાતર કારખાનાથી ખેડૂતોને નવી ઊર્જા મળશે.
- 11 ડિસેમ્બર-સરયૂ નહેર પ્રોજેક્ટનું લોકાર્પણ. 9 જિલ્લાના 25 લાખથી વધુ ખેડૂતોને તેનો સીધો લાભ મળશે.
- 13 ડિસેમ્બર- વારાણસીમાં પોતાના ડ્રીમ પ્રોજેક્ટ કાશી-વિશ્વનાથ કોરિડોરનાં પ્રથમ તબક્કાનું ઉદઘાટન કર્યું



# પ્રગતિના પથ પર પૂર્વાંચલને નવી ઓળખ મળી

**“અમે જેનો શિલાન્યાસ કરીએ છીએ, તેનું ઉદઘાટન પણ અમે જ કરીએ છીએ.” વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દને વાસ્તવિકતામાં પરિવર્તિત થતાં દેશ જોઈ રહ્યો છે. 7 ડિસેમ્બરનાં રોજ ગોરખપુરમાં એઇમ્સ, ખાતર કારખાનું અને આઇસીએમઆરના પ્રાદેશિક કેન્દ્રની નવી ઈમારત એમ ત્રણ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું, જેમાંથી બેનું શિલારોપણ તેમણે જ 22 જુલાઈ, 2016નાં રોજ કર્યું હતું. એક્સપ્રેસ વે બાદ હવે ખાતર કારખાનું અને આરોગ્ય સુવિધાઓ દ્વારા ઉત્તરપ્રદેશમાં પૂર્વાંચલની પ્રગતિને પાંખો મળી રહી છે.**

આત્મનિર્ભર ભારતની ઝૂંબેશમાં ઉત્તરપ્રદેશ મહત્વનું રાજ્ય છે, જ્યાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સુસંકલન દ્વારા તમામ ક્ષેત્રો વિકાસની ધારા સાથે જોડાઈ રહ્યા છે. દાયકાઓથી ઉત્તરપ્રદેશ રાજકીય અવગણનાને કારણે મૂળભૂત સુવિધાઓના અભાવનો સામનો કરી રહ્યું હતું. પૂર્વાંચલમાં એક્સપ્રેસ વેના ઉદઘાટનના પખવાડિયા બાદ ગોરખપુરમાં ત્રણ દાયકાથી બંધ પડેલા ખાતર કારખાનાની શરૂઆત અને એઈમ્સ જેવી હોસ્પિટલને કારણે આ વિસ્તાર અને પડોશી રાજ્યોના વિકાસને પણ નવી ગતિ મળશે. એક સમયે પૂર્વાંચલમાં પાયાની કોઈ સુવિધા નહોતી અને લોકોને અનેક બિમારીઓ થતી હતી. પૂર્વાંચલ માટે ‘એન્સિફિલાઈટિસ’ એટલે કે મગજનો તાવ અભિશાપ સમાન હતો. પણ, 2014માં વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીએ આરોગ્યની સુવિધાઓ સ્થાપવાની શરૂઆત કરી. સ્વચ્છતાને આંદોલન બનાવવામાં આવ્યું, તો આયુષ્યમાન ભારત દ્વારા સામાન્ય માણસને જોડીને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપી. પીવાના શુદ્ધ પાણી માટે જલ જીવન મિશનની શરૂઆત કરી અને દરેક ઘરમાં શૌચાલયનાં નિર્માણ દ્વારા સ્વચ્છતા સુનિશ્ચિત કરી. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત ચેપી રોગો વિરુદ્ધ અભિયાન અને ‘હર ઘર દસ્તક’ અભિયાન ચલાવવામાં આવ્યું. તેનાં સારા પરિણામ આવ્યા અને પૂવાંચલ જેવા વિસ્તારોમાં જાપાની તાવના કેસોની સંખ્યામાં ઘટાડો થયો. કેન્દ્ર અને રાજ્યના સંકલનને કારણે પૂર્વાંચલની સાથે સાથે સમગ્ર પૂર્વ ઉત્તરપ્રદેશ હવે જાપાની તાવના પ્રકોપમાંથી બહાર આવી ગયું છે. તેનાથી થનારા મૃત્યુદરમાં 95 ટકા સુધીનો ઘટાડો થયો છે. ઉત્તરપ્રદેશ સહિત દેશના અન્ય ભાગોમાં સ્વસ્થ ભારત, સુરક્ષિત ભારતના સંકલ્પ સાથે આત્મનિર્ભર ભારતને પણ મજબૂતી મળી રહી છે.

વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

# ગોરખપુર એઈમ્સઃ મેડિકલ સેક્ટરમાં આત્મનિર્ભરતા




**દેશ મેડિકલ આરોગ્ય ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધી રહ્યો છે. દેશમાં નવી મેડિકલ કોલેજો બનાવવામાં આવી, વિશ્વ સ્તરીય સારવાર ટેકનિકને અપનાવવામાં આવી, નવી આરોગ્ય નીતિ અને ઈ-હેલ્થ જેવી સુવિધાઓ આપવામાં આવી. વીતેલા સાત વર્ષોમાં 16 નવી એઈમ્સ પર કામ શરૂ થયું છે. સાથે સાથે, ફિટ ઈન્ડિયા, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, આયુષ્યમાન ભારત, ડિજિટલ સ્વાસ્થ્ય મિશન જેવી ઝૂંબેશ શરૂ કરવામાં આવી. ઉત્તરપ્રદેશને બે એઈમ્સની ભેટ મળી છે. અગાઉ રાજ્યના લોકોને સારવાર માટે દિલ્હીની એઈમ્સમાં જવું પડતું હતું. પણ હવે, ગોરખપુરમાં એઈમ્સ આવવાથી પૂર્વાંચલની સાથે પડોશી રાજ્ય બિહાર, ઝારખંડ અને નેપાળના લોકોને પણ મેડિકલ સેવાઓ સરળતાથી મળી શકશે.**

## પૂર્વાંચલને એઈમ્સની ભેટથી આરોગ્ય ક્ષેત્રમાં સુધારો

- રૂ. 1,000 કરોડનાં ખર્ચે 112 એકરમાં બનેલી ગોરખપુર એઈમ્સને કારણે ગુણવત્તાયુક્ત તૃતીય સ્તરની આરોગ્ય સંભાળ સેવાઓની ઉપલબ્ધતા વધશે.
- તેમાં 750 બેડની હોસ્પિટલ, 18 સ્પેશ્યાલિટી, 17 સુપર સ્પેશ્યાલિટી વિભાગ અને 14 ઓપરેશન થિયેટર છે. આયુષ બ્લોક, મેડિકલ કોલેજ, નર્સિંગ કોલેજનું નિર્માણ
- સિટી સ્કેન, એમઆરઆઇ, અલ્ટ્રાસાઉન્ડની સુવિધા સહિત અનેક ગંભીર બિમારીઓની સારવાર મળશે.
- મેડિકલ શિક્ષણના 25થી વધુ અભ્યાસક્રમો સહિત એમબીબીએસની 125 સીટ છે. તેનાં નિર્માણથી યુવાનોને સીધી-આડકતરી રોજગારની તકો મળશે. અવરજવરને કારણે ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે. પાંચ વર્ષમાં તેનું નિર્માણ કાર્ય પૂરું થશે.

## આઇસીએમઆરના રિજનલ સેન્ટરથી રિસર્ચમાં મદદ

- નવા ભવનમાં અત્યાધુનિક સુવિધાઓની વ્યવસ્થા. ચેપી અને બિન-ચેપી રોગોમાં રિસર્ચનાં નવાં દ્વાર ખુલશે.
- વિસ્તારની અન્ય મેડિકલ સંસ્થાઓને મદદરૂપ સાબિત થશે. આ વિસ્તારમાં જાપાની એન્સિફલાઈટીસ, એક્યુટ એન્સેફ્લાઈટિસ સિન્ડ્રોનો સામનો કરવામાં મદદ મળશે.

> **“ કોઇ પણ દેશને આગળ વધવા માટે તેની આરોગ્ય સેવાઓ સસ્તી, બધાંને સુલભ હોય અને બધાંની પહોંચમાં હોય એ જરૂરી છે. મેં અનેક લોકોને સારવાર માટે એક શહેરથી બીજા શહેરનાં આંટા મારતા, પોતાની જમીન ગીરવે મૂકતાં, બીજા પાસેથી ઉધારી લેતા જોયાં છે. હું દેશનાં દરેક ગરીબ, દલિત, પીડિત, શોષિત, વંચિત, પછી એ કોઇ પણ વર્ગનો હોય, કોઇ પણ વિસ્તારમાં રહેતો હોય, આ સ્થિતિમાંથી બહાર કાઢવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યો છું.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

### આઇસીએમઆરઃ પ્રાદેશિક કેન્દ્રને પગલે રિસર્ચને પ્રોત્સાહન

કોવિડ મહામારીએ આરોગ્યના પાયાના માળખાને મજબૂત બનાવવાનાં લક્ષ્યને સુધાર્યું છે. આરોગ્ય ક્ષેત્રમાં અનેક નવા આયામ સ્થપાઈ રહ્યાં છે. આ શ્રૃંખલામાં મેડિકલ ક્ષેત્રમાં રિસર્ચ માટે નવી નવી સંસ્થાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આઇસીએમઆર, રીજનલ મેડિકલ રિસર્ચ સેન્ટર, ગોરખપુર એક દ્રષ્ટાંત છે. આધુનિક સુવિધાઓથી સજ્જ રિજનલ મેડિકલ રિસર્ચ સેન્ટરની નવી બિલ્ડીંગ આ વિસ્તારમાં મેલેરિયા, ટીબી, એચઆઇવી, કેન્સર અને રક્તપિત્તના રોગો પર રિસર્ચ માટે નવી ક્ષિતિજ ખોલશે. આ કેન્દ્ર નવા અને ઊભરતા સંક્રમણો, પોષણ સંબંધિત સમસ્યા ઉપરાંત, સુગર, હાઇ બીપી જેવાં રોગોને દૂર કરશે. તેનાથી અત્યાધુનિક તપાસની સુવિધાનો લાભ મળશે અને સેમ્પલને બહાર નહીં મોકલવું પડે. આ કેન્દ્ર પ્રાદેશિક સ્તરની બિમારીઓની તપાસ અને સારવારની નવી પધ્ધતિઓ શોધશે. આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂતી આપવા માટે બાબા રાઘવદાસ મેડિકલ કોલેજના પ્રાદેશિક રિસર્ચ સેન્ટર, ગોરખપુરમાં નવ અત્યાધુનિક લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું, જ્યાં જાપાનીઝ તાવ સહિતની વિવિધ જંતુ-વાયરસજન્ય રોગોનું પરીક્ષણ અને સંશોધન કાર્ય કરવામાં આવશે. સેમ્પલને તપાસ માટે મોટાં શહેરોમાં નહીં મોકલવા પડે અને તાત્કાલિક સારવાર થઈ શકશે. તેનાથી પૂર્વાંચલના જિલ્લાઓનાં લાખો લોકોને ભાગ થશે. આ કેન્દ્રનું નિર્માણ વિક્રમ ગતિથી કરવામાં આવ્યું છે, જેથી લોકો તેનો લાભ લઈ શકે... ●

# અપના યુરિયા / ગોરખપુર ખાતર કારખાનું આત્મનિર્ભર કૃષિનો આધાર

**આશરે 30 વર્ષથી બંધ પડેલાં પૂર્વાંચલ સ્થિત ગોરખપુર ખાતર કારખાનાનું નવીનીકરણ કરીને માત્ર પાંચ વર્ષમાં જ પુનઃ શરૂ કરીને સરકારે ઉદાહરણ સ્થાપિત કર્યું છે, જેથી 10 કરોડથી વધુ નાના ખેડૂતો સમૃધ્ધ બને અને ભારત આત્મનિર્ભર બને.**

અન્નદાતા કઠીન મહેનત કરીને દેશને અનાજ પૂરૂં પાડે છે. કૃષિ વિકાસ અને ખેડૂત કલ્યાણને કેન્દ્ર સરકારની નીતિઓ અને કામકાજમાં સર્વોચ્ચ પ્રાથમિકતા મળી છે. વીતેલાં વર્ષોમાં સરકારે બિયારણ, વીમો, બજાર અને બચત પર કામ કર્યું છે. સારી ગુણવત્તા ધરાવતા બિયારણ, નીમ કોટેડ યુરિયા, મુદ્રા સ્વાસ્થ્ય કાર્ડ, સુક્ષ્મ સિંચાઇ, ખાતર સબસિડીમાં વધારો જેવા વિવિધ પગલાંથી ખેડૂતો સમૃદ્ધિ થયા છે. દેશમાં નાના ખેડૂતોની સંખ્યા 10 કરોડથી વધુ છે. ઉત્પાદન અને ખેડૂતોની આવક વધારવા માટે દેશની આત્મનિર્ભરતા મહત્વપૂર્ણ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે બંધ પડેલા ખાતરના કારખાનાઓને પુનઃજીવિત કરવા અને ક્ષમતા વધારવા પર વિશેષ ધ્યાન આપ્યું હતું. 2016માં દેશના પૂર્વી રાજ્યોમાં વર્ષોથી બંધ પડેલાં ત્રણ ખાતર કારખાનાઓ (ગોરખપુર, બરૌની અને સિંદરી)ને પુનઃ શરૂ કરવાના લક્ષ્ય સાથે હિન્દુસ્તાન ઉર્વરક એન્ડ રસાયણ લિમિટેડ (HURL)ને શરૂ કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો, જેમાં 30 વર્ષથી બંધ પડેલા ગોરખપુર ખાતર કારખાનાનો પણ સમાવેશ થાય છે. કારખાના બંધ હોવાથી ખેડૂતો વર્ષો સુધી હેરાન થયા, તો અનેકની નોકરીઓ છીનવાઈ ગઈ. કારખાનાને કારણે થતાં અન્ય બિઝનેસ પણ બંધ થવા માંડ્યા. આનાથી મોટી સંખ્યામાં રોજગાર પર અસર પડવા માંડી. ખાતરના પુરવઠા પર ગંભીર અસર પડતાં વચેટિયાઓ તેનો લાભ લેવા માંડ્યા. યુરિયાની સંગ્રહખોરી અને કાળાબજારી થતી હતી. વધારે કિંમત પર ખાતર ખરીદવાને કારણે ખેડૂતો પર આર્થિક બોજ પડતો હતો. અહીં બનનારા યુરિયાને 'અપના યુરિયા' નામ આપવામાં આવ્યું છે. ગોરખપુરમાં ખાતર કારખાનાને ફરીથી શરૂ કરવાની લોકોની માંગણી સ્વીકારવાના અગાઉના સરકારના વાયદાઓ પોકળ સાબિત થયાં. આ નિરાશાજનક સ્થિતિને બદલવા માટે 2016માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ખાતર કારખાનાને ફરી બેઠું કરવા શિલોરોપણ કર્યું. હવે ગોરખપુરની ધરતી પર આ સપનું સાકાર થયું છે.

## ગોરખપુરમાં ખાતર કારખાનું એક, વિકાસના માર્ગ અનેક

- પૂર્વાંચલના ખેડૂતોની આકાંક્ષાઓને સાકાર કરવા અને યુરિયાની માંગ-પુરવઠા વચ્ચેનું અંતર દૂર કરવા ખેડૂતોને સરળતાથી રસાયણિક ખાતરની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે.
- લગભગ 8600 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા કારખાનાને કારણે યુરિયા ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવામાં મદદ મળશે. કારખાના અને સંલગ્ન ઉદ્યોગોને કારણે 20,000 રોજગારની નવી તકો સર્જાશે.
- કૌશલ્ય તાલીમ દ્વારા લોકોને રોજગાર માટે તૈયાર કરવામાં આવશે. સ્થાનિક પરંપરાગત ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે. યુરિયાની આયાતમાં ઘટાડાથી વિદેશી હૂંડિયામણમાં બચત થશે. પશ્ચિમી-મધ્ય વિસ્તારોમાંથી યુરિયાનું પરિવહન ઘટવાથી રેલ અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરનું દબાણ ઘટશે.


**30** થી વધુ વર્ષોથી બંધ પ્લાન્ટ શરૂ થવાથી આ વિસ્તારમાં સર્વગ્રાહી આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે.

**3850**
મેટ્રિક ટન યુરિયાનું પ્રતિ દિવસ ઉત્પાદન થશે

**2200**
મેટ્રિક ટન લિક્વિડ એમોનિયાનું ઉત્પાદન થશે.



# નવા ભારતની નવી સવાર



> અમૃત કાળ 25 વર્ષનો છે. પણ આપણે આપણા લક્ષ્યની પ્રાપ્તિ માટે આટલી લાંબી પણ રાહ નથી જોવાની. આપણે અત્યારથી જોડાઈ જવાનું છે. આપણી પાસે ગુમાવવા માટે એક પળ પણ નથી. આ જ સમય છે, આ જ સમય છે. આપણા દેશે પણ બદલાવું પડશે અને આપણે એક નાગરિકના નાતે પોતાની જાતને પણ બદલવાની છે. આપણે આપતી જાતને બદલાતા યુગ પ્રમાણે બદલવાની છે.
>
> -નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**

**આઝાદીના અમૃત મહોત્સવ (75મી વર્ષગાંઠ)માં પ્રવેશ બાદ 2022 માત્ર પ્રથમ નવું વર્ષ નહીં, પણ ભારતની અમૃત યાત્રાનાં મજબૂત આધારનું વર્ષ બનવા જઈ રહ્યું છે. એક મજબૂત સંકલ્પ સાથે નવા ભારતની પરિભાષા રચવામાં આવી રહી છે, જ્યાં એક વિશેષ પ્રસંગ એક બાજુ ભારતની જીવન યાત્રામાં આઝાદીના ઈતિહાસના લોકશાહીકરણનો નવો અધ્યાય લખી રહ્યો છે..., તો બીજી બાજુ, જો અને પણ વગર વિકાસ યાત્રાને તેનાં સમાપન તરફ પહોંચાડવાનો સંકલ્પ છે, જેથી દેશ આઝાદીના 100 વર્ષ પૂરા કરે ત્યારે દેશવાસીઓના લક્ષ્ય હાંસલ થાય અને 21મી સદીનું નવું ભારત સ્વામી વિવેકાનંદના સપનાનું ગૌરવ હાંસલ કરીને વિશ્વ ગુરુ બને... અમૃત કાળના પ્રથમ નવા વર્ષના પ્રારંભમાં એ સમજીએ કે 2047માં કેવું હશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પોનું ભારત...**



# રાષ્ટ્રની પ્રગતિ

## પ્રતિ 1 મિનિટમાં ભારત....

**ભારતની ક્ષમતાને કારણે આજે એક મિનિટમાં અનેક વિક્રમ સ્થપાઈ રહ્યા છે. સાથે સાથે દેશ પ્રગતિના માર્ગ પર સતત અગ્રેસર જઈ રહ્યો છે...**




**09** વાહનોની નિકાસ કરવામાં આવી

**197** લોકો રોજગારમાં જોડાયા

**7.74** લાખ ડોલર ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવી

**50** વાહનોનું નિર્માણ થયું

**1.7** લાખ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું

**5275** કોવિડ રસીના ડોઝ આપવામાં આવ્યા

**1300** ઈન્ટરનેટ યુઝર્સ જોડાયા

**609** મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું

**14**
લોકોને આયુષ્યમાન ભારતથી લાભ

**9.5**
કરોડ રૂપિયાની જીડીપી તૈયાર

**15**
કરોડ રૂપિયાનાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શન થયાં

**2200**
મોબાઇલ કનેક્શન જોડ્યાં

# પ્રથમ વાર



**1020**
થયો ભારતમાં પ્રથમ વાર 1000 પૂરુષોની સરખામણીમાં મહિલાઓનો ગુણોત્તર

**800**
અબજ ડોલરના વધારા સાથે ભારતનું અર્થતંત્ર 2014માં 10માં ક્રમેથી સુધરીને 6ઠ્ઠા ક્રમે આવ્યું

- ઓટોમોબાઇલ માર્કેટમાં મેક્સિકોને પછાડીને ભારત 2014માં સાતમાં ક્રમેથી છઠ્ઠા ક્રમે આવ્યું.
- વિયેતનામ, કોરિયા, અમેરિકાને પછાડીને ભારત વિશ્વનાં અગ્રણી સ્માર્ટફોર્ન ઉત્પાદકોમાંનું એક બન્યું.
- વૈશ્વિક સ્તરે મેક ઇન ઇન્ડિયા પ્રોડક્ટ્સની ભારે માંગ થઈ રહી છે. વિશ્વની તમામ એજન્સીઓ ભારતન જીડીપીમાં વૃદ્ધિ અંગેનો પોતાના અગાઉના અંદાજમાં વધારો કરવા મજબૂર બની છે.
- ઉજ્જવલા, પાકા મકાન, આયુષ્યમાન ભારત જેવી પહેલ ગરીબોને વધુ સારું જીવન ધોરણ પૂરૂં પાડી રહી છે.

**400**
અબજ ડોલરને વટાવવાની આશા છે નિકાસમાં વધારો વર્તમાન નાણાંકીય વર્ષમાં

**10**
ટોચનાં દેશોમાં ભારતનો સમાવેશ થયો કૃષિ ઉત્પાદનની નિકાસ ક્ષેત્રમાં

- સામાજિક જવાબદારી પ્રત્યે જાગૃત નવું ભારત પશ્ચિમી દેશોની સરખામણીમાં ચડિયાતું. વર્લ્ડ 'ગિવિંગ' ઇન્ડેક્સમાં વ્યાપક સુધારા સાથે 2014માં રેન્કિંગ 69 હતું, જે હવે 14 થયું.
- સ્ટીલ રેન્કિંગમાં ભારત 2014માં ચોથાથી બીજા સ્થાને પહોંચ્યું.
- ઇનોવેશન રેન્કિંગમાં ભારત 30 પોઇન્ટનો સુધારો કરીને 2014નાં 76માં સ્થાન પરથી હવે 46માં સ્થાને આવ્યું.
- વિશ્વ પર્યટન રેન્કિંગમાં 2013માં 65માં ક્રમની સરખામણીમાં 34માં ક્રમે પહોંચ્યું.
- વિશ્વમાં સૌર ઊર્જા પ્લાન્ટની સંખ્યાના રેન્કિંગમાં ભારત 2014માં 10માં ક્રમે હતું, હવે બીજા ક્રમે પહોંચ્યું છે.

આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહેલા ભારતની વિકાસ યાત્રામાં આ સફળતાઓ માત્ર એક પડાવ છે, સમાપ્તિ નથી. વર્ષ 2014થી અત્યાર સુધી ભારતે કરેલી પ્રગતિ અમૃત કાળનો મજબૂત પાયો બન્યો છે, તો ભવિષ્યનું ભારત પોતાની મહત્વાકાંક્ષાઓને પૂરા કરવા સંકલ્પબધ્ધ છે. આપણે ત્યાં કહેવાય છે, **'उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्'** . એટલે કે કોઈ પણ સંકલ્પ વિના ઉત્સવ સફળ નથી થતો. સંકલ્પ નવા વર્ષનો હોય કે પછી અમૃત કાળમાં ભારતને વિશ્વ ગુરુ બનાવવાનો, જ્યારે તે ઉત્સવનું સ્વરૂપ ધારણ કરે ત્યારે તેમાં લાખો-કરોડો લોકોનો સંકલ્પ અને ઊર્જા તેને સાકાર કરવામાં જોડાઈ જાય છે. તેને સાકાર કરવામાં ભારતની સૌથી મોટી શક્તિ યુવાનોની છે. ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે, જ્યાં સરેરાશ ઉંમર 29 વર્ષ છે અને એ જ યુવા શક્તિ ભારતને સશક્ત બનાવવાની સૌથી મોટી તાકાત છે. યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદ જ્યારે ભારતના ભવિષ્યની વાત કરતા હતા ત્યારે પોતાની આંખો સામે મા ભારતીની ભવ્યતાના દર્શન કરતા હતા અને કહેતા હતા- જ્યાં સુધી શક્ય હોય, ભૂતકાળ તરફ જૂઓ. પાછળ જે ઝરણું વહી રહ્યું છે તેનું પાણી પીઓ. પછી આગળ વધો અને ભારતને અગાઉ કરતાં વધુ ઉજ્જવળ, મહાન અને શ્રેષ્ઠ બનાવો.

સ્વતંત્ર ભારતમાં જન્મેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદના વિચારોને આત્મસાત કરીને ભારતને નવી દિશા આપવાનું બીડું ઝડપ્યું ત્યારે તેમનો સંદેશ પણ સ્પષ્ટ હતો-હવે દેશ ધીમી ઝડપથી ન ચાલી શકે. તૂટેલો-ફૂટેલો, અડધો-પડધો ન ચાલી શકે. નાના-નાના કામ કરીને નહીં ચાલી શકે, પણ જે પણ કરવાનું હશે તે મોટું જ કરવું પડશે. આ જ વિચારે સામાન્ય માણસનું મન બદલ્યું છે અને તેને કારણે દેશ આજે સંકલ્પ પણ લે છે અને સિધ્ધિ પણ હાંસલ કરી રહ્યો છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને વૈભવશાળી બનાવવાની સંકલ્પ યાત્રા શરૂ કરી છે, જેને અમૃત

# ઊર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભરતા

***વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 2018માં સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રીએ 'ચેમ્પિયન ઓફ અર્થ' દ્વારા સન્માનિત કર્યા હતા, જે આ નવી ઊર્જાના સ્ત્રોતના દોહનમાં ભારતનાં વધતાં જતાં આદર્શવાદી નેતૃત્વની એક ઓળખ છે. ભારતની પ્રગતિ માટે, આત્મનિર્ભર ભારત બનાવવા માટે ભારત ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બને તે સમયની માંગ છે.***

**અમૃત વર્ષ**

**બિન અશ્મિભૂત ઈંધણના સ્રોત દ્વારા ઊર્જા ઉત્પાદનમાં ભારતે 40 ટકાનું લક્ષ્ય હાંસલ કર્યું છે.**

**12** લાખ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરે છે ભારત ઊર્જાની આયાત માટે

**85** ટકા આયાત કરે છે ભારત તેની કુલ પેટ્રોલિયમ અને અન્ય ઊર્જા જરૂરિયાતોની

**નેચરલ ગેસની અડધી જરૂરિયાત વિદેશથી પુરવઠાથી પૂરી પાડવામાં આવે છે. વિશ્વમાં 16 ટકાથી વધુ વસતિ હોવા છતાં આપણે વિશ્વની પ્રાથમિક ઊર્જાનો માત્ર છ % જ ઉપયોગ કરીએ છીએ. 05% કાર્બન ઉત્સર્જન ભારતનું છે, જ્યારે વિશ્વની વસતિમાં 16 ટકા જ હિસ્સો છે.**



**સ્વર્ણિમ કાળ**

- ઊર્જા સલામતી માટેની અમારી શોધ પ્રાપ્યતા, પહોંચ, ઓછો ખર્ચ અને સ્વીકાર્યતાના માળખા હેઠળ કામ કરશે, જેનો હેતુ તમામ વર્ગો અને વિભાગોને પોસાય તેવા ખર્ચે ઊર્જા સુલભ બનાવવાનો છે.
- ગેસ આધારિત અર્થતંત્ર, સીએનજી, પીએનજીનું નેટવર્ક, 20 ટકા ઈથેનોલ મિશ્રણ, ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન અને 2030 સુધી રેલવેને નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનવાળું સેક્ટર બનાવવાનું લક્ષ્ય છે.
- 2030 સુધી ભારતીય રેલ માર્ગોનું 100 ટકા ઈલેક્ટ્રિફિકેશન કરવાનું લક્ષ્ય છે.
- ભારત 2022 સુધી 175 ગિગાવોટ નવીનીકરણ ક્ષમતાનું નિર્માણ કરીને અને 2030 સુધી 450 ગિગાવોટ સુધીની ઊર્જા સલામતી માટે પોતાની પ્રતિબધ્ધતાનું અનુસરણ કરી રહ્યું છે. આમાંથી, 100 ગિગાવોટનાં લક્ષ્યને ભારતે સમય કરતાં પહેલાં હાંસલ કરી લીધો છે.

# ઈતિહાસમાંથી પ્રેરણા

## ચરખા અને મીઠાની જેમ જન્મજયંતીઓ અને વિશેષ પ્રસંગ વિકાસ યાત્રાના નવાં પ્રતીક બન્યાં



***આઝાદીના આંદોલનમાં સામાન્ય લોકોની મોટી ભૂમિકા રહી છે. પણ તેઓને એટલી ઓળખ ન મળી, જેટલી મળવી જોઈતી હતી. ગાંધીજીએ ચરખા અને મીઠાને આઝાદીના પ્રતીક બનાવ્યા એ રીતે વર્તમાન સરકારમાં પ્રતીકોનો ઉપયોગ અને અમૃત મહોત્સવ દ્વારા આઝાદીના ઈતિહાસનું લોકશાહીકરણ કરવામાં આવી રહ્યું છે...***

### અમૃત વર્ષ

- ખાસ પ્રસંગો અને મહાપુરુષોની જન્મજયંતીને લોકભાગીદારીનો પ્રસંગ બનાવ્યો.
- સ્વચ્છતા આંદોલનને મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતી સાથે જોડીને દેશને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ લઈને લોકા આંદોલન ઊભું કરવામાં આવ્યું.
- આઝાદીના 75 વર્ષને અમૃત મહોત્સવ નામ આપવામાં આવ્યું અને વિશેષ કમિટી બનાવીની આયોજન કરવામાં આવ્યું.
- ગુમનામ નાયકોની કહાની લખવા માટે યુવાનોને પ્રેરિત કરવામાં આવ્યા. નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતીને પ્રસંગ બનાવવામાં આવ્યો.
- જનજાતિય ગૌરવ માટે ભગવાન બિરસા મુંડાની જયંતી 15 નવેમ્બરને દર વર્ષે જનજાતીય ગૌરવ દિવસ તરીકે મનાવવાનું શરૂ કરવામાં આવ્યું.
- સુહેલદેવ, રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ જેવા અનેક મહાપુરુષોના યોગદાનને યાદ કરીને આઝાદીના આંદોલનની એક નવી ભૂમિકા તૈયાર કરવાની શરૂઆત થઈ.

### સ્વર્ણિમ કાળ

- વર્ષ 1847ની જેમ 2022 એટલે કે 75માં વર્ષને આધારની જેમ તૈયાર કરવામાં આવ્યું છે, જેથી 2047 સુધી ભારતના નવા સંકલ્પોને સાકાર કરવાની પ્રેરણા મળે.
- આઝાદીનું આંદોલન માત્ર અંગ્રેજી શાસન સુધી સીમિત નથી, તેની પહેલાં પણ ભારત ગુલામીના સમયમાંથી પસાર થયું છે. એ સમયના મહાપુરુષોનાં યોગદાનને રજૂ લાવવાની પહેલ કરી.
- દેશનાં દરેક ખૂણા, વર્ગનાં પ્રદાનને દેશની સામે લાવવાનું છે. એવાં ઘણાં લોકો છે જેઓ કોઈને કોઈ મહાન કામ કરી રહ્યા છે. તેમનાં વિચારને સામે લાવીને અને દેશને તેમનાં પ્રયાસો સાથે જોડવામાં આવશે.
- આઝાદીના આંદોલનનાં મૂળ ભક્તિયુગમાં સમાયેલા છે. જેવી રીતે ભક્તિ આંદોલને આઝાદીના આંદોલનને તાકાત આપી તેવી જ રીતે આત્મનિર્ભર ભારતનો પાયો તૈયાર કરવામાં એ મહાપુરુષોની પ્રેરણાને 'વોકલ ફોર લોકલ'નો આધાર બનાવવામાં આવી રહ્યો છે.
- દેશમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ રહી છે. આધ્યાત્મિક ચેતનાને 75માં વર્ષનાં આધારની જેમ તૈયાર કરવામાં આવી રહી છે. જેથી, 2047 સુધી ભારતના નવા સંકલ્પોને સાકાર કરવાની પ્રેરણા મળે.

કાળ નામ આપવામાં આવ્યું છે. વિક્સિત ભારતની પૃષ્ઠભૂમિ આ રીતે તૈયાર થઈ રહી છે. ઈતિહાસ સાક્ષી છે કે કોઈ રાષ્ટ્રનું ગૌરવ ત્યારે જ જાગૃત થાય જ્યારે તે પોતાના સ્વાભિમાન અન બલિદાનની પરંપરાઓને આગામી પેઢીને પણ શીખવાડે અને તેને સંસ્કારિત અને સતત પ્રેરિત કરે. આ જ વિચારને આગળ ધપાવતા વડાપ્રધાન મોદીએ આઝાદીના 75 વર્ષને એવા મહાયજ્ઞનાં રૂપમાં બદલી નાખ્યું છે, જ્યાં આઝાદીના ઈતિહાસનું  લોકશાહીકરણ પણ થઈ રહ્યું છે. આઝાદીના આંદોલનોમાં સામાન્ય માણસોની સહભાગીતાને પ્રતીકો અને પ્રસંગો દ્વારા વડાપ્રધાને નવી દિશા આપી છે. જે રીતે મહાત્મા ગાંધીએ ચરખો અને મીઠુને આંદોલનનું પ્રતીક બનાવી દીધું

**આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા માટે ઓઇલ અને ગેસ સેક્ટરના મેનેજમેન્ટમાં લોકલાઈઝેશનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.**

હતું, એ જ રીતે નવા ભારતમાં મહાત્મા ગાંધીની 150મી જયંતી સુધી ભારતને સ્વચ્છ બનાવવાની વાત હોય કે પછી ભગવાન બિરસા મુંડાની જયંતીને જનજાતિય ગૌરવ દિવસ તરીકે મનાવવાની, નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મ જયંતી, આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં ગુમનામ નાયકોની કહાની લખવા અંગેનું આયોજન અને હવે અમૃત કાળનો સંકલ્પ.

# આરોગ્ય સમૃધ્ધિ તરફ ભારત

**દરેક ગરીબને વધુ સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાની ઝડપ વધી છે, તો કોવિડના પડકારોમાંથી આગળ વધીને કેન્દ્ર સરકાર હવે આવા આરોગ્ય માળખાના નિર્માણની દિશામાં કામ કરી રહી છે, જેથી દેશ ભવિષ્યમાં ગમે ત્યારે આવા રોગચાળાનો સામનો કરવા તૈયાર રહે.**




અમૃત વર્ષ

**137%**

**નાં વધારા સાથે 2.40 લાખ કરોડ રૂપિયાનું આરોગ્ય બજેટ કર્યું. આરોગ્ય બજેટ પ્રથમ વાર કેન્દ્ર સરકારના એજન્ડામાં સર્વોચ્ચ પ્રાથમિકતા બન્યું.**

### ડિજિટલ હેલ્થ આઇડી

આત્મનિર્ભર ભારત ડિજિટલ હેલ્થ મિશનની શરૂઆત. દરેક નાગરિકને ડિજિટલ હેલ્થ આઇડી. તેમાં સંપૂર્ણ હેલ્થ રેકોર્ડ હશે.

### મફતમાં રસી

UIP યોજના અંતર્ગત બિમારીઓ સામે મફતમાં રસી પૂરી પાડવામાં આવી રહી છે.

### વિક્રમ

કોવિડ રસીકરણમાં વિશ્વ વિક્રમ સ્થપાયો. લોકોને સુરક્ષાચક્ર આપી રહી છે કેન્દ્ર સરકાર

આરોગ્ય સેવાને સુલભ અને કિફાયતી બનાવવા માટે આયુષ્યમાન ભારત જન આરોગ્ય યોજના (સ્વાસ્થ્ય વીમા યોજના), આયુષ્યમાન આરોગ્ય અને કલ્યાણ કેન્દ્ર, જેનેરિક દવાઓ માટે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજના, આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન અને પીએમ આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન જેવી યોજનાઓ ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે.

તેનો હેતુ સ્વતંત્રતા સંગ્રામના જાણીતા નાયકોની સાથે સાથે એ સેનાનીઓની જીવનગાથાને પ્રત્યેક માણસ સુધી પહોંચાડવાની છે, જેમને ઈતિહાસમાં મળવું જોઇતુ હતું તેટલું સ્થાન ન મળ્યું. દેશના દરેક ખૂણા, દરેક વર્ગના પ્રદાનને પણ દેશ સમક્ષ રજૂ કરવાનું છે. આઝાદીના લડવૈયાઓ અંગ્રેજો સામે લડી રહ્યા હતો, તો લોક જાગૃતિ અને ચેતનાનો સંચાર કરવાનું કામ સંતો,

## સ્વર્ણિમ કાળ

**1.5** લાખ હેલ્થ અને વેલનેસ સેન્ટર બનાવવામાં આવશે આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત. અત્યાર સુધી 75,000થી વધુ હેલ્થ અને વેલનેસ સેન્ટર બનાવી દેવામાં આવ્યા છે.

**736** જિલ્લામાં બાળ સારવાર એકમો અને દરેક રાજ્યમાં ઉત્કૃષ્ટ બાળ સારવાર એકમો સ્થપાશે વિશેષ પેકેજ દ્વારા



**602** જિલ્લામાં ક્રિટિકલ કેર યુનિટનો પ્રારંભ થશે

- સરકાર 'સંપૂર્ણ આરોગ્ય' વિષય પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. તમામ નાગરિકોનાં ડિજિટલ હેલ્થ કાર્ડ બનશે.
- કોવિડ કાળમાં મળેલાં બોધપાઠ બાદ કેન્દ્ર સરકાર ચેપી રોગોનાં નિવારણ અને નિદાન માટે સારવારનું મજબૂત માળખું તૈયાર કરશે.
- દેશભમાં ગામથી માંડીને જિલ્લા, રાજ્યો સુધી આરોગ્યનું સમગ્ર માળખું તૈયાર થશે, જેથી લોકોને ઘરની નજીકમાં જ આરોગ્યની તમામ સુવિધાઓ મળી રહે.
- રોગની સારવારને બદલે નિવારણ પર વિશેષ ભાર મૂકતાં રાષ્ટ્રીય આયુષ મિશનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેમાં શિક્ષણ અને તાલીમની સાથે સાથે નવી આયુષ હોસ્પિટલોનાં નિર્માણ અને સારવાના સાધનો ઉપલબ્ધ કરવામાં આવશે.

## અમૃત વર્ષ

**100 કરોડ ડોઝ** ભારતે નવો વિક્રમ સર્જ્યો છે. વિશ્વના સૌથી ઝડપી રસીકરણ અભિયાન અંતર્ગત નવ મહિનામાં રસીના 100 કરોડ ડોઝ લગાવવામાં આવ્યા.

- કોવિન એપના માધ્યમથી વિશ્વનાં સૌથી મોટાં ડિજિટલ રસીકરણ અભિયાનમાં 86 કરોડનું રજીસ્ટ્રેશન થયું
- 17 સપ્ટેમ્બર, 2021નાં રોજ વિશ્વમાં એક દિવસમાં સૌથી વધુ 2.5 કરોડ રસીનાં ડોઝ લગાવવામાં આવ્યા.
- 140 કરોડથી વધુ રસીનાં ડોઝ લગાવી દેવામાં આવ્યા છે આ વર્ષમાં. સંપૂર્ણ રસીકરણની સાથે ભવિષ્ય માટે પણ આરોગ્યનું સુરક્ષા કવચ બનાવવામાં આવશે.
- પ્રારંભના 85 દિવસોમાં 10 કરોડ ડોઝ લગાવવાની સરખામણીમાં હવે માત્ર 15 દિવસોમાં 10 કરોડ ડોઝ લગાવવામાં સક્ષમ
- ભારતમાં કોવિડનો પ્રથમ કેસ આવ્યાનાં 11 મહિનાની અંદર મેક ઈન ઈન્ડિયા રસી- કોવિશીલ્ડ અને કોવેક્સિનને મંજૂરી આપી.
- સામાન્ય માણસ સુધી કોવિડ રસી પહોંચાડવામાં આવી. રસી પહોંચાડવા માટે પ્રથમ વાર ડ્રોનનો ઉપયોગ.
- આઈસીએમઆરે રસીની ડિલિવરી માટે 'I-Drone' લોંચ કર્યું, હાલમાં મણિપુર, નાગાલેન્ડ અને આંદામાન નિકોબાર દ્વિપ સમૂહમાં તેનો ઉપયોગ.
- સમગ્ર અભિયાનમાં પોસ્ટઓફિસ, શાળા, આંગણવાડી વગેરે દ્વારા ફ્રન્ટલાઈન હેલ્થકેર વર્કર્સને મદદ

## સ્વર્ણિમ કાળ

- કોવિડ વિરુધ્ધની નિર્ણાયક લડાઈ માટે દેશનાં તમામ નાગરિકોને રસી લગાવવામાં આવશે.
- નવી રસીને મંજૂરી આપવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં બાળકોનું પણ રસીકરણ શરૂ થશે.
- રસીકરણ માટે ડ્રોનનો ઉપયોગ દેશનાં અન્ય વિસ્તારોમાં પણ કરવામાં આવશે, જેથી રસીકરણ અભિયાનમાં હજુ ઝડપ લાવી શકાય. રસીકરણમાં નવી નવી ટેકનોલોજીનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.
- લોકભાગીદારીએ વધુ એક વાર પોતાની તાકાત બતાવી છે અને 'હર ઘર દસ્તક' કાર્યક્રમે રસીકરણને નોંધપાત્ર પ્રગતિ પૂરી પાડી છે, તેને નવા પરિમાણો આપવામાં આવી રહ્યા છે.

મહંતો અને આચાર્યોએ પણ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ દરેક દિશા, દરેક વિસ્તારમાં કર્યું. પૂર્વમાં ચૈતન્ય મહાપ્રભુ, રામ કૃષ્ણ પરમહંસ અને શ્રીમંત શંકર દેવ જેવા સંતોના વિચારોએ સમાજને દિશા આપી. પશ્ચિમમાં મીરાબાઈ, એકનાથ, તુકારામ, રામદાસ અને નરસિંહ મહેતા થઈ ગયા. ઉત્તરમાં સંત રામાનંદ, કબીરદાસ, ગોસ્વામી તુલસીદાસ, સુરદાસ, ગુરુ

## સમગ્ર વિશ્વમાં 140 કરોડથી વધુ રસીનાં ડોઝ અપાયા ભારતમાં

નાનકદેવ, સંત રૈદાસ, દક્ષિણમાં માધવાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય થઈ ગયા. ભક્તિકાળના આ સમયમાં મલિક મોહમ્મદ જાયસી, રસખાન, સુરદાસ, કેશવદાસ, વિદ્યાપતિ જેવા મહાનુભાવોએ પોતાની રચનાઓ દ્વારા સમાજમાં વ્યાપત બદીઓ ડામવા પ્રેરિત કર્યા. તેને પગલે આધ્યાત્મિક ચેતના માટે જુસ્સો આવ્યો, જેણે 1857ની ક્રાંતિને જન્મ આપ્યો. એક રીતે જોવા જઇએ તો, ભક્તિ આંદોલને રાષ્ટ્રવ્યાપી સ્વતંત્રતા સંગ્રામનાં બીજ રોપ્યાં હતા.

ફરી એક વાર દેશમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થતી દેખાઈ રહી છે, જે રાષ્ટ્રના પુનર્નિર્માણમાં પાયાનું કામ કરી રહી છે. દરેક દેશની વિકાસ યાત્રામાં એક સમય એવો આવે છે જ્યારે દેશ ખુદને નવેસરથી વ્યાખ્યાયિત કરે છે. ખુદને નવા સંકલ્પો સાથે આગળ વધારે છે. ભારતની વિકાસ યાત્રામાં પણ 2022 આવું જ વર્ષ છે. આઝાદીના અમૃત મહોત્સવનું આયોજન 75 વર્ષની સફળતાઓને વિશ્વ સમક્ષ રજૂ કરવા અને આગામી 25 વર્ષ માટે રૂપરેખા રજૂ કરવા માટે કરવામાં આવ્યું છે. 2022નું વર્ષ આઝાદ ભારતના 100 વર્ષ માટે નવા સંકલ્પોનો આધાર બનશે, જેનું લક્ષ્ય છે- ભારત અને ભારતના નાગરિકો માટે સમૃધ્ધિનાં નવા શિખરોનું આરોહણ. એક એવા ભારતનું નિર્માણ જ્યાં ગામડાં અને શહેરોની સુવિધાઓમાં ભેદભાવ ન હોય. એક એવા ભારતનું નિર્માણ, જ્યાં નાગરિકોનાં જીવનમાં સરકાર વગર કારણે દરમિયાનગીરી ન કરે. એક એવા ભારતનું નિર્માણ જ્યાં વિશ્વનું દરેક આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય. નવનિર્માણ તરફ વધતું ભારત

ભારતને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશ હોય કે પછી ગરીબો, મજૂરોને ગામમાં જ અનાજ અને રોજગાર અપાવવાનો હોય, યુવા શક્તિને સ્ટાર્ટઅપથી જોડવાનાં હોય કે મધ્યમ

# વેક્સિન મૈત્રીઃ વિશ્વ માટે ભારતની સંજીવની

### અમૃત વર્ષ

- 20 જાન્યુઆરી, 2021નાં રોજ વેક્સિન મૈત્રી કાર્યક્રમ અંતર્ગત અન્ય દેશોમાં વેક્સિન ડોઝ આપવાનું શરૂ કરવામાં આવ્યું.
- 14 ઓક્ટોબર, 2021નાં રોજ ફરી એક વાર વેક્સિન મૈત્રી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ અંતર્ગત નેપાળ, મ્યાંમાર, ઈરાન અને બાંગલાદેશ પ્રત્યેકને 10 લાખ ડોઝ પૂરાં પાડવામાં આવ્યા.
- હાલમાં 96 દેશોમાં મેડ ઈન ઈન્ડિયા રસીની નિકાસ કરવામાં આવી રહી છે.



### સ્વર્ણિમ કાળ

**500** કરોડ રસીના ડોઝ વિશ્વને ઉપલબ્ધ કરાવશે ભારત આગામી દિવસોમાં

- વિશ્વમાં મેક ઇન ઈન્ડિયા રસી પર ભરોસો વધ્યો છે. ડબલ્યુએચઓ સહિત વિશ્વના 125થી વધુ દેશો ભારતની સ્વદેશી રસીનો સ્વીકાર કર્યો છે.
- લોકભાગીદારી અને આત્મવિશ્વાસ સાથે આગળ વધતું ભારત રસીનાં નિકાસની સાથે સાથે નાના દેશોને માનવીય સહાયતાનો ધર્મ પણ નિભાવશે.
- નવો વેરિએન્ટ ઓમિક્રોન આવ્યા બાદ ભારતે આફ્રિકન દેશોને મદદ શરૂ કરી છે. તેને આગળ વધારવામાં આવશે, જેથી માનવતાના રક્ષણમાં ભારતની અગ્રણી ભૂમિકા બની રહે.

# સમાજની અંતિમ વ્યક્તિ સુધી વિકાસ અને આત્મસન્માન

**વીતેલાં સાત વર્ષોમાં શરૂ થયેલી યોજનાઓનો લાભ કરોડો ગરીબોને મળ્યો છે. ઉજ્જવલાથી માંડીને આયુષ્યમાન ભારતની તાકાત દેશનો દરેક ગરીબ જાણે છે. આજે સરકારી યોજનાઓએ ગતિ પકડી છે અને તે નક્કી કરેલા લક્ષ્યાંકો પૂરા કરી રહી છે. પહેલાંની સરખામણીમાં ભારત બહુ ઝડપથી આગળ વધી રહ્યું છે. પણ હવે વિકાસને અંતિમ લક્ષ્ય સુધી લઈ જવા માટે કેન્દ્ર સરકાર યોજનાઓને અમલી બનાવી રહી છે.**

### અમૃત વર્ષ

**80** કરોડથી વધુ લોકોને મફત રેશન કોવિડ સમયમાં


**02** કરોડથી વધુ પરિવારોને પાક્કાં મકાન

**10** કરોડથી વધુ ઘરોમાં શૌચાલયનું નિર્માણ

**43** કરોડથી વધુ જન-ધન ખાતામાં સામાજિક સુરક્ષા

- 8 કરોડથી વધુ પરિવારોને મફતમાં રાંધણગેસનું જોડાણ, કવરેજ 99.6 ટકા સુધી પહોંચ્યું, 2300 કરોડ રૂપિયાનો લાભ 23 લાખથી વધુ લારીવાળા અને ફેરિયાઓને સ્વનિધિ યોજના અંતર્ગત
- 11.4 કરોડથી વધુ ખેડૂત પરિવારોને અત્યાર સુધી 1.6 લાખ કરોડ રૂપિયાથી વધુ સન્માન નિધિ, 50 કરોડથી વધુ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા-આયુષ્યમાન ભારત
- જલ જીવન મિશનનાં માત્ર બે વર્ષમાં પાંચ કરોડથી વધુ પરિવારોને નળનું પાણી મળવાનું શરૂ થઈ ગયું છે.

### સ્વર્ણિમ કાળ



અમૃત યાત્રા દ્વારા સ્વર્ણિમ વર્ષ સુધી 100 ટકા ગામડાંઓમાં રોડ હોય

તમામ પરિવારોના બેન્ક એકાઉન્ટ હોય

ઉજ્જવલા 2.0 દ્વારા તમામ પાત્ર વ્યક્તિઓને ગેસનું જોડાણ

100 ટકા લાભાર્થીઓ પાસે આયુષ્યમાન ભારતનું કાર્ડ હોય

સરકારની વીમા યોજના-પેન્શન યોજના-આવાસ યોજના સાથે દેશનો દરેક પાત્ર નાગરિક જોડાય

સ્વનિધિ યોજના દ્વારા દેશનો દરેક લારીવાળો-ફેરિયો પોતાની આજીવિકા સાથે જોડાય

વર્ગ, મહિલાઓ સહિત સમાજના દરેક વર્ગને વિકાસની મુખ્યધારામાં લાવવાના હોય. વડાપ્રધાન મોદીએ આ કામોને પ્રાથમિકતા આપી છે. દાયકાઓ સુધી નિયતિના ભરોસે રહેલો દેશ હવે સંપૂર્ણ અને સર્વગ્રાહી વિકાસના અભિગમ અને ટેકનોલોજી દ્વારા પ્રગતિનાં માર્ગે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ભારતના વિકાસનાં એવા ઉપકરણ બની ગયા છે કે વહીવટી સુધારાઓ, વીજળી, રેલવે સુધારા, ભ્રષ્ટાચાર પર અંકુશ, ટેક્સમાં પારદર્શિતા, જીએસટી દ્વારા એક દેશ-એક ટેક્સ, સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, ખેડૂતો-

## કેબિનેટે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણને વર્ષ 2024 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી

મહિલાઓનાં હિતમાં પગલાં, શિક્ષણનાં ક્ષેત્રમાં પરિવર્તનથી માંડીને સંરક્ષણ આધુનિકીકરણ અને દાયકાઓથી પેન્ડિંગ રહેલા એવા પ્રોજેક્ટ પૂરા થઈ રહ્યા છે, જે પહેલાં અશક્ય લાગતા હતા.


# અપાર સંભાવનાઓ

## વિશ્વનો સૌથી યુવાન દેશ ભારત

***ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને તેની વસતિ માનવસંસાધન છે. પશ્ચિમી દેશ અને યુરોપિયન દેશોમાં વડીલોની વસતિ વધી રહી છે, ત્યારે ભારત તેની યુવા વસતિને કારણે અપાર ક્ષમતાઓ ધરાવે છે. યુવાનોની આકાંક્ષાઓ અને રાષ્ટ્ર માટે કંઈક કરી બતાવવાની ઈચ્છાશક્તિ નવા ભારતની મજબૂત આધારશિલા છે, જે સ્વર્ણિમ વર્ષના સંકલ્પોને સાકાર કરશે...***

**50,000**

**ભારતમાં પહેલાં સ્ટાર્ટઅપ શબ્દ ભાગ્યે જ બોલાતો હતો, પણ વીતેલા સાત વર્ષોમાં ભારતમાં સ્ટાર્ટઅપનો નવો યુગ શરૂ થયો અને આજે ભારતમાં 50,000થી વધુ સ્ટાર્ટઅપ કામ કરી રહ્યા છે.**




- આઈડિયા-ઈનોવેશન, જોખમ લેવાની તાકાત અને કામ પૂરૂં કરવાની જીદ, સમૃધ્ધ દેશ માટે આ મહત્વપૂર્ણ છે અને યુવાનોની સાચી ઓળખ છે.
- સ્ટાર્ટઅપ દ્વારા દેશનાં યુવાનો નોકરી માંગવા વાળાને બદલે નોકરી આપવા વાળા બની રહ્યા છે અને સ્ટાર્ટઅપમાં સતત રોકાણ વધી રહ્યું છે.
- ભારત હવે સ્ટાર્ટઅપથી આગળ વધીને યુનિકોર્નની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે. યુનિકોર્ન એટલે એવી કંપની જેનું મૂલ્ય એક અબજ ડોલર (આશરે 7,000 કરોડ રૂપિયા)થી વધુ છે. પહેલાં ભારતમાં 1-2 યુનિકોર્ન હતા, પણ હવે તેની સંખ્યા 70ને વટાવી ચૂકી છે.
- માત્ર કોવિડ કાળમાં છેલ્લાં 10 મહિનામાં જ દર 10 દિવસમાં એક નવી યુનિકોર્ન બની છે.
- ટોક્યો ઓલિમ્પિકમાં ભારતે એક સુવર્ણ, બે રજત અને ચાર કાંસ્યચંદ્રક જીત્યા.ઓલિમ્પિક રમતોત્સવમાં ભારતીય ખેલાડીઓનો આ સર્વશ્રેષ્ઠ દેખાવ છે. પેરાલિમ્પિક રમતમાં આ વખતે ભારતે પોતાનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરતાં પાંચ સુવર્ણ, આઠ રજત અને છ કાંસ્યચંદ્રક મેળવીને 24મું સ્થાન હાંસલ કર્યું હતું.

## ‘સ્કિલ, રિસ્કિલ અને અપસ્કિલ’ના વડાપ્રધાન મોદીના મૂળ મંત્ર સાથે હવે ભારતીય યુવાનો આત્મનિર્ભર બની રહ્યો છે.

પ્રગતિના પથ પર આગળ વધી રહેલા દેશ સમક્ષ અને વિશ્વમાં સમગ્ર માનવ જાતિ સમક્ષ કોવિડનો સમયગાળો મોટાં પડકાર તરીકે સામે આવ્યો. પણ દેશે ખૂબ સંયમ, ધૈર્ય સાથે આ લડાઈને લડી. આ લડાઈમાં અનેક પડકારો આવવા છતાં દરેક ક્ષેત્રમાં દેશવાસીઓએ અસાધારણ ગતિથી કામ કર્યું છે. વૈજ્ઞાનિકો, ઉદ્યોગ સાહસિકોની તાકાતને પરિણામે જ આજે ભારતને વેક્સિન માટે કોઈ બીજા દેશ પર આધાર નથી રાખવો પડતો. એક સમય હતો, જ્યારે રસી માટે વિદેશો પર આધાર રાખવો પડતો હતો, કોવિન જેવી ઓનલાઈન વ્યવસ્થા, ડિજિટલ સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થા આજે વિશ્વને આકર્ષિત કરી રહી છે. મહામારીના સમયમાં ભારતે જે રીતે 80 કરોડ દેશવાસીઓને મહીનાઓ સુધી સતત મફત અનાજ આપીને ગરીબોનાં ઘરમાં ચુલો સળગતો રાખવાનું કામ કર્યું, તેનાથી વિશ્વને પણ નવાઈ થઈ અને તે ચર્ચાનો વિષય પણ બન્યો. 2047નાં ભારતની તસવીર સુવર્ણ બનાવવાની શરૂઆત છેલ્લાં સાત વર્ષથી શરૂ થઈ. કરોડો ગરીબો સુધી અનેક યોજનાઓનાં લાભ પહોંચ્યા છે. આજે દેશનો દરેક ગરીબ ઉજ્જવલાથી માંડીને આયુષ્યમાન ભારતની તાકાત જાણે છે. આજે સરકારી યોજનાઓની ગતિ વધી છે. તે નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરી રહી છે. પહેલાંની તુલનામાં દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે. પણ આ યાત્રા અહીં પૂરી નથી થતી. દેશે અંતિમ પડાવ સુધી જવાનું છે. આ સંકલ્પ સાથે ભારતે અમૃત કાળની યાત્રા શરૂ કરી છે, જ્યાં તમામ ગામડાંમાં

### સ્વર્ણિમ કાળ

**ભારતીય રેલવે કૌશલ્ય વિકાસ પરિયોજના**

# 50,000

થી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવશે. કૌશલ્ય વિકાસને 2024 સુધી પ્રોત્સાહન આપવા માટે

**અટલ ટિન્કરીંગ લેબનો વ્યાપ વધીને હવે**

# 9000

શાળાઓ સુધી પહોંચ્યો છે અને તેને 10,000થી વધુ શાળાઓ સુધી પહોંચાડવામાં આવશે

**સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં હજારો આઈડિયાઝ**

# 1000000

થી વધુ વિદ્યાર્થીઓ, 7,000થી વધુ સંસ્થાઓ દ્વારા 6,000થી વધુ આઈડિયા આવ્યા. તેને હજુ ગતિ આપવામાં આવશે.

**મફત કૌશલ્ય તાલીમ**

**46** લાખથી વધુ મહિલાઓ, 45,000થી વધુ દિવ્યાંગજન સશક્ત થયા, તેને 100 ટકા સુધી પહોંચાડવામાં આવશે.

**ઓલિમ્પિક્સમાં ભારત શ્રેષ્ઠ દેખાવ કરે**

ભારતને ઓલિમ્પિક રમતોમાં 2028 સુધી વિશ્વના ટોચનાં 10 દેશોની યાદીમાં લાવવું. 2021-25 સુધી રમતગમત માટે અલગથી રૂ. 8,750 કરોડની જોગવાઈ

- પોડિયમ સ્કીમ દ્વારા 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિકની તૈયારી. નવી શિક્ષણ નીતિમાં રમતગમતને ઈતર પ્રવૃત્તિને બદલે અભ્યાસક્રમનો હિસ્સો બનાવવામાં આવ્યો. પ્રતિભાશાળી ખેલાડીઓનું સંવર્ધન કરીને, આધુનિક ટેકનોલોજી દ્વારા પ્રોફેશનલ બનાવવાનું અભિયાન આ દાયકામાં તીવ્ર બનાવીને વિસ્તરણ કરવામાં આવશે.
- નવી શિક્ષણ નીતિ અંતર્ગત 2025 સુધી ઓછામાં ઓછા 50 ટકા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કુશળતા પ્રદાન કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે, જેથી શાળાકીય સ્તરે મેળવેલાં વ્યાવસાયિક કૌશલ્યને ઉચ્ચ શિક્ષણના સ્તર સુધી લઈ જઈ શકાય.



## વિશ્વભરમાં સૌથી વધુ સ્ટાર્ટઅપ ભારતમાં. ઇનોવેશન દ્વારા યુવાનોને નવી તકો મળી રહી છે.

પાકા રોડ હોય, તમામ પરિવારોના બેન્ક ખાતા હોય, તમામ લાભાર્થીઓ પાસે આયુષ્યમાન ભારત કાર્ડ હોય, તમામ પાત્ર વ્યક્તિઓને ઉજ્જવલા યોજના અને ગેસ જોડાણ મળે. સરકાર વીમા યોજના, પેન્શન યોજના, આવાસ યોજના સાથે દરેક વ્યક્તિને જોડવા માંગે છે, જે તેનાં માટે પાત્રતા ધરાવે છે. લારી-રેંકડી ચલાવનાર ફેરીયા, ફુટપાથ પર બેસીને સામાન વેચનારાઓને સ્વનિધિ યોજના દ્વારા બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવી રહ્યા છે. 'હર ઘર જલ મિશન' પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. જલ જીવન મિશન અંતર્ગત માત્ર બે-અઢી વર્ષમાં પાંચ કરોડથી વધુ પરિવારોને નળનું પાણી મળવાનું શરૂ થઈ ગયું છે. દેશનાં દરેક ગરીબ, દરેક વ્યક્તિ સુધી પૌષ્ટીક આહાર પહોંચાડવો સરકારની પ્રાથમિકતા છે. ગરીબ મહિલાઓ, ગરીબ બાળકોમાં કુપોષણ અને જરૂરી પૌષ્ટીક આહારની અછત તેમનાં વિકાસમાં અવરોધક સાબિત થાય છે. તેને જોતાં, સરકારે ગરીબોને પોષણયુક્ત ચોખા ફોર્ટિફાઇડ કરવાનો સંકલ્પ લીધો છે. અત્યાર સુધી 75,000થી વધુ હેલ્થ-વેલનેસ સેન્ટર બનાવી દેવામાં આવ્યા છે. હવે બ્લોક સ્તર પર સારી હોસ્પિટલો અને આધુનિક લેબનાં નેટવર્ક પર ખાસ કામ કરવામાં આવી રહ્યું છે. બહુ જલ્દી, દેશની હજારો હોસ્પિટલોની નજીકમાં ઓક્સિજન પ્લાન્ટ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. વિકાસની પહોંચથી પાછળ રહી ગયેલા લોકો કે વિસ્તારોને સાથે લઈને ચાલવાનું છે. પાયાની જરૂરિયાતોની ચિંતાની સાથે દલિતો, પછાતો, આદિવાસીઓ,

સામાન્ય વર્ગના ગરીબો માટે અનામત સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ મેડિકલ અભ્યાસના ક્ષેત્રમાં ઓલ ઈન્ડિયા ક્વોટામાં ઓબીસી વર્ગ માટે અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. સંસદમાં કાયદો બનાવીને ઓબીસીની યાદી બનાવવાનો અધિકાર રાજ્યોને આપવામાં આવ્યો છે.

## સર્વસમાવેશી-સર્વસ્પર્શી વિકાસ

કેન્દ્ર સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે સમાજની વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ, કોઇ વર્ગ, કોઈ વિસ્તાર, દેશનો કોઈ ખૂણો પાછળ ન રહી જાય. વિકાસ સર્વાંગી હોવો જોઇએ. દેશનાં આવા વિસ્તારોને આગળ લાવવા માટે છેલ્લાં સાત વર્ષોમાં પૂરા પ્રયાસ કરવામાં આવ્યા છે. પૂર્વ ભારત, પૂર્વોત્તર, જમ્મુ-કાશ્મીર, લડાખ સહિતનો સમગ્ર હિમાલય વિસ્તાર, દરિયાઇ વિસ્તાર હોય કે પછી આદિવાસી પટ્ટો હોય. ભવિષ્યના ભારતનાં વિકાસમાં આ તમામ ક્ષેત્રોનો વિકાસ પણ જરૂરી છે. જમ્મુ કાશ્મીરમાં સીમાંકન પંચની રચના થઈ ચૂકી છે અને ભવિષ્યમાં વિધાનસભા ચૂંટણીઓ માટે તૈયારીઓ પણ ચાલી રહી છે. લડાખ પણ વિકાસની અપાર સંભાવનાઓ તરફ આગળ વધી રહ્યું છે. એક તરફ લડાખમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે, તો બીજી બાજુ સિંધુ સેન્ટ્રલ યુનિવર્સિટીને કારણે તે ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર બનશે.

21મી સદીના આ દાયકામાં ભારત બ્લુ ઈકોનોમીનાં પ્રયાસોને ઝડપથી આગળ વધારી રહ્યું છે. ડીપ સી અભિયાન દ્વારા સમુદ્રની અપાર સંભાવનાઓને શોધવાની મહત્વાકાંક્ષાને સાકાર કરવામાં આવી રહી છે. દેશના જે જિલ્લાઓ પાછળ રહી ગયા હતા ત્યાં પણ વિકાસની યોજનાઓ શરૂ કરવામાં આવી છે. દેશમાં 110થી વધુ આકાંક્ષી જિલ્લાઓમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, રોડ, રોજગાર સાથે સંકળાયેલી યોજનાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આકાંક્ષી જિલ્લા ભારતના અન્ય જિલ્લાઓની સમકક્ષ પહોંચે તે દિશામાં સ્પર્ધા ચાલી રહી છે. આર્થિક દુનિયામાં મૂડીવાદ અને સમાજવાદની ચર્ચા તો ખૂબ થાય છે પણ ભારત સહકારવાદ

### અમૃત વર્ષ

**નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન પ્રોજેક્ટ**

**107**

લાખ કરોડનો પ્રોજેક્ટ, જેમાં રેલ, રોડ, શિપિંગ, એક્સપ્રેસ વે, એરપોર્ટર્સ અને અન્ય યોજનાઓ સામેલ છે.

**100%**

નો વધારો સાત વર્ષમાં નેશનલ હાઈવેના નિર્માણમાં

**નેશનલ હાઇવે અને માર્ગ નિર્માણ**

**37 કિ.મી**

દરરોજ રસ્તાનું નિર્માણ કરીને ભારત વિશ્વ વિક્રમ સર્જી રહ્યો છે

**13,394**

કિલોમીટર રોડ બનાવ્યો ભારતે નાણાંકીય વર્ષ 2020-21માં, કોવિડ છતાં

- ભારતીય રેલ્વેએ પશ્ચિમ મધ્ય રેલ્વે ઝોનના ભોપાલ-ઈટારસી ત્રીજી લાઈન પ્રોજેક્ટના કિબરખેડા-બુદની (26.50 કિમી) વિભાગ વચ્ચે મોટી લાઈન ત્રીજી લાઈન માટે મોટા પાયે ટનલ બનાવવાનું કામ શરૂ કર્યું છે
- ભારત ગૌરવ ટ્રેનો દ્વારા દેશ અને વિશ્વના લોકોને ભારતના મહાન સાંસ્કૃતિક વારસા અને ભવ્ય ઐતિહાસિક સ્થળોનાં દર્શન કરાવવામાં આવશે.
- પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન અંતર્ગત સરકાર વિવિધ મંત્રાલયોને એક પ્લેટફોર્મ પર લાવી રહી છે. અલગ-અલગ પ્રોજેક્ટ્સની માહિતી, દરેક વિભાગને સમય પર મળે એ માટેની વ્યવસ્થા પણ બનાવવામાં આવી છે.
- ગતિશક્તિ માસ્ટર પ્લાન દ્વારા ભારત હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં નવી દિશા અને દશામાં આગળ વધી રહ્યો છે.
- પ્રધાનમંત્રી ગતિશક્તિ નેશનલ માસ્ટરપ્લાન 100 લાખ કરોડથી વધુની યોજના છે, જે લાખો યુવાનો માટે રોજગારની નવી તકો લઈને આવી છે.

**આઝાદ ભારતની સૌથી મોટી ગતિશક્તિ યોજનાને કારણે દેશમાં હવે પ્રોજેક્ટ્સ અટકશે નહીં, લટકશે નહીં**

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર

## બદલાશે રાષ્ટ્રની દશા-દિશા

ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક એવું સેક્ટર છે, જે દેશને વિકાસનાં માર્ગ પર લઈ જાય છે એટલું જ નહીં, પણ આધુનિક વિશ્વમાં આધુનિક માળખાકીય સુવિધાઓ પ્રગતિનો પાયો છે. આ ઉપરાંત, તે મધ્યમવર્ગની જરૂરિયાતો અને અપેક્ષાઓને પણ સંતોષે છે.

**સ્વર્ણિમ કાળ**

**111** લાખ કરોડની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનનું વિસ્તરણ, 7,400 પ્રોજેક્ટ્સને આવરી લેવા માટે

**02** લાખ કિ.મીની લંબાઈ સુધી કરવામાં આવશે એનએચએઆઈ દ્વારા નિર્મિત નેશનલ હાઈવેઝનું વિસ્તરણ વર્ષ 2024-25 સુધી

**સ્વર્ણિમ કાળ**

**અમૃત મહોત્સવ**

**75**

75 નવી વંદે ભારત ટ્રેન દેશભરમાં ચલાવવાનો રેલવેનો પ્રયાસ આગામી બે વર્ષમાં

**ગતિ શક્તિ યોજના**

**220**

થશે એરપોર્ટ/હેલીપોર્ટ/વોટર એરોડ્રોમની સંખ્યા વધીને વર્ષ 2024-25 સુધી ઉડાન અંતર્ગત

માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે વાહન સ્ક્રેપિંગ નીતિ સંબંધિત પ્રોત્સાહન અને દંડાત્મક કાર્યવાહી પર જાહેરનામું બહાર પાડ્યું, જે 1 એપ્રિલ, 2022થી અમલી બનશે.

દેશમાં વધુ 19 સ્થળોએ કટોકટીમાં લેન્ડિંગની સુવિધા વિકસાવવામાં આવશે. તેમાં રાજસ્થાનમાં ફલોદી-જેસલમેર રોડ, બાડમેર-જેસલમેર રોડ, પશ્ચિમ બંગાળમાં ખડગપુર-બાલાસોર રોડ, ખડગપુર-ક્યોંઝર રોડ, અને પાનાગઢ-/કેંકેડીની પાસે, તામિલનાડુમાં ચેન્નાઈ, પુડુચેરી રોડ પર, આંધ્રપ્રદેશમાં નેલ્લોર-ઓંગોલ રોડ અને ઓંગોલ-ચિલકારુપિટ રોડ પર, હરિયાણામાં મંડી-ડબવાલીથી ઓધન રોડ પર, પંજાબમાં સંગરુર પાસે, ગુજરાતમાં ભુજ-નલિયા રોડ અને સુરત-વડોદરા રોડ પર, જમ્મુ અને કાશ્મીરમાં બનિહાલ-શ્રીનગર રોડ, લેહ/ન્યોમા વિસ્તારમાં, આસામમાં જોરહાટ-બારાઘાટ રોડ પર, શિવસાગરની નજીક, બાગડોગરા-હાશિમારા રોડ પર અને આસામમાં હાશિમારા-તેજપુર માર્ગ પર, હાશિમારા-ગુવાહાટી રોડનો સમાવેશ થાય છે.

પર પણ ખૂબ ભાર મૂકે છે. આ ક્ષેત્રમાં સશક્તિકરણ માટે અલગ મંત્રાલય બનાવીને આ દિશામાં પગલાં ભરવામાં આવ્યાં છે.

### ગામડાં-ખેડૂતોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ગામડાંઓમાં ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક દ્વારા ઈન્ટરનેટ પહોંચી રહ્યું છે. ગામડાંમા સ્વસહાય જૂથ દ્વારા આઠ કરોડથી વધુ મહિલાઓ જોડાઈ છે. આજે દેશ વોકલ ફોર લોકલના મંત્ર સાથે આગળ વધી રહ્યો છે. સ્વામિત્વ યોજના દ્વારા ગામડાંઓને સક્ષમ બનાવવામાં આવી રહ્યા છે. દેશના 80 ટકાથી વધુ ખેડૂતો એવા છે જેમની પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે. આ નાના અને સીમાંત ખેડૂતોને અગાઉની

## વિશ્વની સૌથી મોટી અન્ન યોજના દ્વારા 80 કરોડ લોકોને મફતમાં અનાજ મળી રહ્યું છે.

સરકારોમાં જેટલી પ્રાથમિકતા આપવી જોઈતી હતી તેટલી નથી આપવામાં આવી. હવે દેશમાં, આ નાના ખેડૂતોને ધ્યાનમાં રાખતાં કૃષિ સુધારા કરવામાં આવી રહ્યા છે અને નિર્ણય લેવામાં આવી રહ્યા છે. ન્યૂ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સંકલિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વિચાર સાથે પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજના શરૂ કરી દેવામાં આવી છે. આધુનિક વિશ્વમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પ્રગતિનો પાયો ચણાય છે, જે મધ્યમવર્ગની જરૂરિયાતો, આકાંક્ષાઓને પૂરી કરે છે. આ વાતને સમજીને દેશે જળ, ભૂમિ, વાયુ એમ દરેક ક્ષેત્રમાં અસાધારણ ઝડપ અને મોટા પાયે કામ કરી બતાવ્યું છે. નવાં જળમાર્ગ, વોટરવેઝ, નવાં નવાં સ્થળોને સી પ્લેનથી જોડવાની દિશામાં દેશમાં ઝડપથી કામ ચાલી રહ્યું છે. ભારતીય રેલવે પણ ઝડપથી આધુનિક અવતાર ધારણ કરી રહી છે. પૂર્વોત્તર-પૂર્વ ભારતમાં વિકાસ દ્વારા નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે, જે લોકોનાં હૃદયની સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ જોડી રહ્યાં છે. પૂર્વોત્તરના તમામ રાજ્યોની રાજધાનીઓને રેલવે સેવાથી જોડવાનું કામ પૂરું થવામાં છે. એક્ટ ઈસ્ટ નીતિ અંતર્ગત પૂર્વોત્તરનાં રાજ્યો બાંગલાદેશ, મ્યાંમાર અને દક્ષિણ-પૂર્વ એશિયા સાથે પણ જોડાઈ રહ્યા છે. વીતેલાં વર્ષોમાં જે પ્રયાસ થયાં તેને કારણે હવે પૂર્વોત્તર રાજ્યોમાં કાયમી શાંતિ સર્જાઇ છે અને શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે લોકોનો ઉત્સાહ અનેક ગણો વધ્યો છે. આ રાજ્યોમાં પર્યટન, રમતગમત, જૈવિક ખેતી, હર્બલ દવાઓ વગેરેની ભરપૂર ક્ષમતા છે. તેને વિકાસ યાત્રાનો હિસ્સો બનાવીને અમૃત કાળનાં પ્રારંભિક દાયકાઓમાં જ તેને પૂર્ણ કરવાનો નિર્ધાર છે.

### સુશાસનનો નવો અધ્યાય

કોવિડ પછી સર્જાયેલી નવી આર્થિક પરિસ્થિતિઓમાં મેક ઇન ઇન્ડિયાને સ્થાપિત કરવા માટે સરકારે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ (PLI) ની પણ જાહેરાત કરી છે. આ યોજનાને

# સાચું પોષણ- દેશ રોશન હવે પોષણયુક્ત ચોખા

***કેન્દ્ર સરકારે પોષણ અભિયાન દ્વારા કુપોષણ સામે ઝુંબેશ શરૂ કરી અને હવે પોષણ 2.0 દ્વારા મિશનને આગળ ધપાવવામાં આવ્યું છે. આ શ્રૃંખલામાં, ગરીબોના પોષણને ધ્યાનમાં રાખીને સરકાર હવે તેની વિવિધ યોજનાઓ હેઠળ પૌષ્ટિક ચોખા આપવાનો નિર્ણય પણ લીધો છે.***

### અમૃત વર્ષ



- **કેન્દ્ર સરકાર વિવિધ યોજનાઓ હેઠળ પાત્ર નાગરિકોને ચોખા પણ આપે છે.**
- **અન્ન સલામતી આપવાના હેતુથી લોકોને સસ્તા ભાવમાં અથવા કોવિડ સમયમાં મફતમાં અનાજ પૂરું પાડવામાં આવ્યું જેથી તેમને અનાજ અને પોષણની સલામતી મળે.**
- પોષણ માટે 2020માં વિશ્વ અન્ન દિવસ પ્રસંગે 17 અને 2021માં 35 જૈવ સંવર્ધિત જાતોના બીજ રાષ્ટ્રને સમર્પિત કર્યા
- કૃષિ ક્ષેત્રને રિસર્ચ અને ટેકનોલોજી સાથે જોડવામાં આવ્યું છે, જેથી ઉચ્ચ જાતના બીજમાંથી પોષણ અભિયાનને મજબૂતી મળે.

### સ્વર્ણિમ કાળ

- સરકારે નક્કી કર્યું છે કે તે પોતાની અલગ અલગ યોજનાઓ અંતર્ગત જે ચોખા ગરીબોને આપે છે, તેને પોષણયુક્ત કરશે
- 2024 સુધી સમગ્ર જાહેર વિતરણ પ્રણાલિમાં ફોર્ટિફાઇડ ચોખા પૂરા પાડવામાં આવશે, જેથી ગરીબોને પોષણયુક્ત ચોખા મળે.
- રેશનની દુકાન પર મળનાર ચોખા હોય કે મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને મળતાં ચોખા હોય. વર્ષ 2024 સુધી દરેક યોજનામાં મળતાં ચોખાને પોષણયુક્ત કરવામાં આવશે.

### મિશન પોષણ 2.0

**મિશન પોષણ 2.0ની જાહેરાત સામાન્ય બજેટમાં કરવામાં આવી છે. હવે કેન્દ્ર સરકાર આગામી દિવસોમાં પોષક તત્વોને વધારવાની સાથે સાથે પોષણનાં તમામ અભિયાન આ મિશન અંતર્ગત ચલાવશે.**

# આત્મનિર્ભર ભારતના મૂળ મંત્રની સાથે આત્મનિર્ભરતાના પથ પર દેશ આગળ વધી રહ્યો છે

***આત્મનિર્ભર ભારતના મૂળ મંત્રની સાથે આજે ભારત વોકલ ફોર લોકલ અને મેડ ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેથી સ્વાવલંબી બની શકે. સાથે સાથે, ભારતમાં બનેલી ચીજોની વિદેશમાં મોટા પાયે નિકાસ કરી શકાય અને અહીંના યુવાનો નોકરી માંગનાર નહીં પણ નોકરી આપનાર બને. ભારત સરકાર આત્મનિર્ભરતાને એક અભિગમ બનાવવાની પહેલ કરી રહી છે, જેથી ન્યૂ ઈન્ડિયા આત્મવિશ્વાસથી ભરપૂર અને પ્રગતિના પથ પર ઝડપથી અગ્રેસર રહી શકે..***

### અમૃત વર્ષ

- મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી હાર્ડવેર, ઓટોમોબાઈલ, મોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, ઈવી બેટરી સહિત 13 નિર્દિષ્ટ સેક્ટર્સ માટે 1.97 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા.
- ઓગસ્ટ 2020ની સરખામણીમાં ઓગસ્ટ 2021માં કુલ નિકાસમાં 33 ટકાથી વધુ વૃદ્ધિ
- વર્ષ 2013-14માં કૃષિ ક્ષેત્રની ફાળવણી રૂ. 21,934 કરોડ હતી, જ્યારે 2021-22માં તેમાં 5.5 ગણો વધારો કરીને રૂ. 1,23,018 કરોડ કરવામાં આવી હતી.
- કોવિડ પહેલાં ભારતમાં પીપીઈ કિટનું ઉત્પાદન લગભગ નગણ્ય હતું. હવે ભારત વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક બન્યું.
- 2019-20માં બે અબજ ડોલરની સંરક્ષણ નિકાસનું અનુમાન
- આત્મનિર્ભર ભારત રોજગાર યોજના અંતર્ગત સપ્ટેમ્બર 2021 સુધી લગભગ 30 લાખ લોકોને રૂ. 1500 કરોડથી વધુનો લાભ મળ્યો.



### સ્વર્ણિમ કાળ

- મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ભારતમાં લઘુતમ ઉત્પાદન પાંચ વર્ષોમાં 500 અબજ અમેરિકન ડોલરથી વધુ રહેવાની આશા
- શાળામાં કમ્પ્યુટર, સ્વચ્છતા, પાણી, વીજળી સહિતની માળખાકીય સુવિધા. રોજગારને પ્રોત્સાહન, રોજગારની તકોને વધારવી.
- સ્ટાર્ટઅપ દ્વારા યુવાનો આત્મનિર્ભર બની શકે અને લોકોને નોકરી આપનાર બની શકે.

## પીએલઆઇ એટલે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ દ્વારા મેન્યુફેક્ચરિંગ સેક્ટરને ગતિ મળી રહી છે, ઉત્પાદન પણ વધ્યું

કારણે આવેલાં પરિવર્તનનું ઉદાહરણ ઈલેક્ટ્રોનિક સેક્ટર છે. સાત વર્ષ પહેલાં ભારત લગભગ આઠ અબજ ડોલરનાં મોબાઈલ ફોનની આયાત કરતું હતું, જ્યારે હવે ત્રણ અબજ ડોલરનાં મોબાઈલ ફોનની નિકાસ કરે છે. ઉત્પાદન ક્ષેત્રમાં ભારતને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાના વિચારથી આ યોજનાને આગળ વધારતાં બજેટની જાહેરાત પ્રમાણે તમામ 13 સેક્ટરમાં સ્કીમ અમલી કરવામાં આવી છે. આજે દેશનાં અલગ-અલગ સેક્ટર અને દેશનાં નાના શહેરોમાં પણ નવા નવા સ્ટાર્ટઅપ બની રહ્યાં છે. મોટાં પરિવર્તન લાવવા અને સુધારાઓ માટે રાજકીય ઈચ્છાશક્તિની જરૂર હોય છે અને આજે દુનિયા જોઈ રહી છે કે ભારતમાં રાજકીય ઈચ્છાશક્તિની કોઈ કમી નથી. આજે દુનિયા એ વાતની પણ સાક્ષી છે કે કઈ રીતે ભારત સુશાસનનો નવો અધ્યાય લખી રહ્યું છે.

વિશ્વમાં રાષ્ટ્રીય સલામતીનું જેટલું મહત્વ છે તેવું જ મહત્વ પર્યાવરણીય સલામતીને પણ આપવામાં આવી રહ્યું છે. ભારત આજે પર્યાવરણીય સલામતીનો પ્રખર અવાજ છે. ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા નવા ભારતની અનિવાર્યતા છે અને આઝાદીના 100 વર્ષ પૂરાં થતાં પહેલાં સ્પષ્ટ રોડમેપ સાથે સાકાર કરવાનો સંકલ્પ પણ ભારતે લીધો છે. ગેસ આધારિત અર્થતંત્ર, સીએનજી, પીએનજીનું નેટવર્ક, 20 ટકા ઈથેનોલ મિશ્રણ, ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન, રેલવેનું 100 ટકા ઈલેક્ટ્રિફિકેશન અને 2030 સુધી નેટ ઝીરો કાર્બન



ઉત્સર્જનવાળા સેક્ટર બનાવવાનું લક્ષ્ય છે. જળવાયુ લક્ષ્યોને હાંસલ કરવા માટે પ્રયાસરત દેશોમાં ભારત સૌથી આગળ છે.

### અમૃત સંકલ્પના યુવા વાહક

ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે, જ્યાં 65 ટકા વસતિ 35થી ઓછી ઉંમર ધરાવે છે અને 50 ટકા વસતિ 25થી ઓછી ઉંમરની છે. દેશના યુવાનો મહત્વાકાંક્ષી, દ્રઢનિશ્ચયી અને કટિબધ્ધ છે. વડાપ્રધાન મોદી ખુદ કહે છે, "હું ભવિષ્યદ્રષ્ટા નથી, હું કર્મના ફળ પર વિશ્વાસ કરું છું. દેશનાં યુવાનો પર, દેશની બહેનો પર, દેશની બેટીઓ પર, દેશનાં ખેડૂતો પર, દેશનાં પ્રોફેશનલ પર મને વિશ્વાસ છે. આ 'can do' જનરેશન (કંઇક કરી બતાવનારી) છે, જે દરેક લક્ષ્ય હાંસલ કરી શકે છે." 21મી સદીનું આજનું ભારત મોટાં લક્ષ્ય નિર્ધારિત કરવાની અને તેને હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આજે ભારત એ મુદ્દાઓ પણ ઉકેલી રહ્યું છે, જેને હલ થવાની લોકો સદીઓથી રાહ જોતાં હતા. કલમ 370 રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય, દેશને ટેક્સની જાળમાંથી મુક્તિ અપાવતી વ્યવસ્થા-જીએસટી, લશ્કર માટે વન રેન્ક-વન પેન્શનનો નિર્ણય, રામ જન્મભૂમિ વિવાદ ઉકેલ જેવાં કેટલાંક મુદ્દા હલ થયા છે. નિશ્ચિતપણે, અમૃત કાળની યાત્રા નવા ભારત અને આઝાદીના સ્વર્ણિમ વર્ષની નવી ગાથા લખી રહી છે. આ સપનાઓ અને આકાંક્ષાઓને પૂરી કરવાનું મૂળ દેશની એકતામાં છે, જેનો અર્થ છે 'સબ કા પ્રયાસ.' ●

*વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંવેદનશીલ હૃદયમાંથી નવા ભારતની તસવીર.....*

*वो जो सामने मुश्किलों का अंबार है,*
*वो जो सामने मुश्किलों का अंबार है,*
*उसी से तो मेरे हौसलों की मीनार है,*
*उसी से तो मेरे हौसलों की मीनार है।*
*चुनौतियों को देखकर घबराना कैसा,*
*इन्हीं में तो छिपी संभावना अपार है।*
*चुनौतियों को देखकर, घबराना कैसा*
*इन्हीं में तो छिपी संभावना अपार है।*
*विकास के यज्ञ में परिश्रम की महक है,*
*यही तो मां भारती का अनुपम श्रृंगार है।*
*विकास के यज्ञ में, परिश्रम की महक है,*
*यही तो मां भारती का अनुपम श्रृंगार है।*
*गरीब–अमीर बनें नए हिंद की भुजाएं*
*गरीब–अमीर बनें नए हिंद की भुजाएं*
*बदलते भारत की यही तो पुकार है।*
*देश पहले भी चला और आगे भी बढ़ा।*
*अब न्यू इंडिया दौड़ने को बेताब है,*
*दौड़ना ही तो न्यू इंडिया का सरोकार है।*


# કોવિડ કાળના ગ્રહણમાંથી મુક્ત થયું અર્થતંત્ર



**ભારતના અર્થતંત્ર માટે નવેમ્બર મહિનો ખુશીના સમાચાર લઈને આવ્યો હતો. ચાલુ નાણાંકીય વર્ષનાં બીજા ત્રિમાસિક સમયગાળામાં જીડીપીમાં 8.4% નો વૃધ્ધિ દર નોંધાવ્યો, જ્યારે જીએસટીની વસૂલાત પણ રૂ. 1.31 લાખ કરોડનાં વિક્રમ સ્તરને વટાવી ગઈ. અર્થતંત્રમાં આ વૃધ્ધિ વિશ્વમાં સૌથી ઝડપી છે. જીએસટી વસૂલાતનો આંકડો ઈતિહાસમાં બીજા ક્રમે છે....**

સાત વર્ષ પહેલાં ગુજરાતના મુખ્યમંત્રીમાંથી દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો ત્યારે જીડીપીના સંદર્ભમાં ભારતનું અર્થતંત્ર ડામાડોળ હતું. ભાવ વધી રહ્યા હતા અને વિદેશી રોકાણના આંકડા નિરાશાજનક હતા. દેશ વિકાસની અપેક્ષા રાખી રહ્યો હતો. સરકાર સામે અર્થતંત્રને આકાર આપવાનો પડકાર હતો. એક દેશ એક કર વ્યવસ્થા (જીએસટી), કોર્પોરેટ ટેક્સ રેટમાં ઘટાડો, એમએસએમઈને સહાયની સાથે માળખામાં સુધારો અને આઈબીસી કોડ જેવા ઐતિહાસિક નિર્ણયોને પરિણામે અર્થતંત્રમાં સુધારો પણ થયો. પણ, કોવિડ કાળમાં જૂન ક્વાર્ટરમાં જીડીપીમાં 24.4 ટકાના સંકોચને અર્થતંત્રને ફટકો માર્યો ત્યારે લોકોએ કેન્દ્ર સરકારની નીતિઓ પર સવાલ ઉઠાવવાનું શરૂ કરી દીધું. પણ લોકડાઉન બાદ ઓક્ટોબર-ડિસેમ્બર 2020 ત્રિમાસિક સમયગાળામાં ફરીથી જીડીપી સકારાત્મક આંકડામાં આવી ગઈ. જો કે, કોવિડની બીજી લહેરમાં ફરી એક વાર અર્થતંત્ર ડામડોળ થવા માંડ્યું, પણ કેન્દ્ર સરકારે અર્થતંત્રને મજૂબત કરવા માટે લીધેલાં નક્કર પગલાંને પરિણામે ભારતીય અર્થતંત્રએ ફરી તેજીની દિશા પકડી અને વિશ્વની તમામ એજન્સીઓને ભારતની જીડીપીનો અંદાજ સુધારવો પડ્યો. 30 નવેમ્બરનાં રોજ જારી કરવામાં આવેલા આંકડા પ્રમાણે નાણાંકીય વર્ષ 2021-22ના બીજા ત્રિમાસિક સમયગાળામાં જીડીપીમાં 8.4 ટકાનો વધારો થયો. વિશ્વનાં દરેક દેશની વર્તમાન જીડીપીમાં આ આંક સૌથી ઊંચો છે, એટલું જ નહીં, તે ભારતના ભવિષ્યના સપનાને પૂરા કરનારી એ આકાંક્ષાનું પણ પ્રતીક છે, જે અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "જ્યારે વિશ્વના મોટાં મોટાં અર્થતંત્રો મહામારી દરમિયાન પોતાનો બચાવ કરવામાં વ્યસ્ત હતા ત્યારે ભારત સુધારાઓ કરવામાં વ્યસ્ત હતું બીજા ત્રિમાસિક ગાળાના આંકડાઓએ નાણાં મંત્રાલયના આ અનુમાનોને સાચા સાબિત કર્યા છે."

# અર્થતંત્રનાં આઠ કોર સેક્ટરમાં પાંચના દર પોઝિટીવ: ત્રણમાં સુધારો




| બીજું ક્વાર્ટર (કરોડ રૂ.) | 2019-20 | 2021-22 |
|---|---|---|
| કૃષિ | 378602 | 407641+ |
| ઉત્ખનન | 64905 | 70022+ |
| મેન્યુફેક્ચરિંગ | 564742 | 586775+ |
| યુટિલિટી સર્વિસિસ | 77469 | 86330+ |
| કન્સ્ટ્રક્શન | 241188 | 240528- |
| ટ્રેડ, હોટલ, પરિવહન | 638065 | 579113- |
| ફાઇનાન્સ, રિયલ એસ્ટેટ | 862867 | 845468- |
| લોકસેવા, સંરક્ષણ અને અન્ય | 443615 | 472861+ |

# વિશ્વમાં સૌથી આગળ આપણે

- 2021-22ના બીજા ત્રિમાસિક સમયગાળા એટલે કે જુલાઇ-સપ્ટેમ્બર દરમિયાન નોંધાયેલો વૃદ્ધિ દર અપેક્ષા કરતાં સારો છે. આ આપણું અર્થતંત્ર કોરોનામુક્ત બન્યું હોવાનો સંકેત છે, કારણ કે હવે કોરોના સમય પહેલાં કરતાં પણ સારી સ્થિતિ છે. 2019માં અર્થતંત્રનું કદ રૂ. 35.61 લાખ કરોડ હતું, જે હવે વધીને રૂ. 35.71 લાખ કરોડ થઈ ગયું છે.
- સૌથી વધુ 15.4 ટકા વૃદ્ધિ માઇનિંગ સેક્ટરમાં થઈ છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 5.5 ટકા, બાંધકામ ક્ષેત્રમાં 7.5 ટકાની તેજી આવી છે. કૃષિ ક્ષેત્રમાં 4.5 ટકા વૃદ્ધિ નોંધાઈ.
- 2020-21માં પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં લોકડાઉન બાદ સૌથી વધુ અસર બાંધકામ ક્ષેત્ર પર પડી હતી. 50.3 ટકા સાથે તેનું કદ ઘટીને રૂ. 1.30 લાખ કરોડ રહી ગયું હતું. હવે સવા વર્ષ બાદ આ સેક્ટરે નોંધપાત્ર સુધારો નોંધાવ્યો અને જુલાઇ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં પ્રી-કોવિડ સ્તરથી માત્ર રૂ. 660 કરોડ દૂર છે.
- સૌથી મહત્વની વાત એ છે કે ભારતનો વૃદ્ધિ દર વિશ્વમાં સૌથી ઝડપી રહ્યો છે. વિશ્વના મહત્વનાં દેશો અમેરિકા (4.9%), ચીન (4.9%), જાપાન (1.4%) વગેરેમાં વીતેલા ક્વાર્ટરમાં વૃદ્ધિ દર ઓછો રહ્યો છે. ભારત પછીના ક્રમે તુર્કી (6.9%) આવે છે.

### અર્થતંત્રમાં અસંગઠિત ક્ષેત્રના ઔપચારિકકરણની પ્રક્રિયામાં ઝડપ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ડિજિટાઇઝેશનને પ્રોત્સાહન આપ્યું છે. આનાથી અનૌપચારિક ક્ષેત્ર એટલે કે અંસગઠિત ક્ષેત્રના ઔપચારિકકરણની પ્રક્રિયા ઝડપી બની છે. 2020-21માં ભારતીય અર્થતંત્રમાં અનૌપચારિક ક્ષેત્રનું પ્રદાન 15-20 ટકા થઈ ગયું છે, જે 2017-18માં 52.4 ટકા હતું. એસબીઆઇ રિસર્ચના સંશોધન પ્રમાણે 2011-12માં અર્થતંત્રને ઔપચારિક બનાવવાનાં પ્રયત્નો શરૂ થયા હતા, પણ હવે તેણે જોર પકડ્યું છે. અભ્યાસ પરથી જણાયું છે કે 2016થી ડિજિટાઇઝેશનમાં ઝડપ અને ગિગ ઇકોનોમીના ઉદભવે ઔપચારિક ક્ષેત્રના હિસ્સાને ઝડપથી વધાર્યો છે. તેની સકારાત્મક અસર હવે અર્થતંત્ર પર દેખાઈ રહી છે.

### આરબીઆઇ અને એસબીઆઇના અંદાજ કરતા વધુ વૃધ્ધિદર

ભારતીય રિઝર્વ બેન્કના અંદાજમાં 7.9 ટકા જીડીપી વૃદ્ધિ દરની અપેક્ષા હતી. જ્યારે દેશની સૌથી મોટી બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ 8.1 ટકા વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો હતો. વાસ્તવમાં બીજા ક્વાર્ટરમાં 8.4 ટકાનો જીડીપી નોંધાયો, જે આ બંને અંદાજ કરતાં વધુ રહ્યો.

# ગામડાં, ખેડૂતો અને ઉધોગોને મદદરૂપ નિર્ણયો

**ગામડાંમાં પ્રત્યેક ગરીબને મકાન પૂરું પાડવા માટે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ માર્ચ 2024 સુધી લંબાવવામાં આવી છે, તો કેન-બેતવા લિંક યોજનાને મંજૂરી આપીને કેન્દ્ર સરકારે નદી જોડો અભિયાનનાં વર્ષો જૂના પ્રોજેક્ટને પૂરો કરીને દેશને વિકાસની નવી ગતિ આપવાની તૈયારી કરી છે. આ ઉપરાંત, દરેક ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ માટે જરૂરી સેમીકન્ડક્ટર ચિપ ભારતમાં બનાવવા માટે રૂ. 76,000 કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. ગામડાં, ગરીબ, ખેડૂતો સાથે સંકળાયેલા આવા મહત્વના નિર્ણયોને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી છે.**




- **નિર્ણયઃ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણને માર્ચ 2024 સુધી ચાલુ રાખવા મંજૂરી, તેનો રૂ. 2,17,257 કરોડ ખર્ચ થશે. આનાથી ગ્રામીણ વિસ્તારોમાં 'તમામને મકાન' શક્ય બનશે.**

**અસરઃ** આ .યોજનાને 2024 સુધી ચાલુ રાખવાને કારણે એ સુનિશ્ચિત થશે કે 'પીએમએવાય-જી' હેઠળ 2.95 કરોડ મકાનો બનાવવાના લક્ષ્ય અંતર્ગત બાકીના 155.75 લાખ પરિવારોને પાયાની સુવિધાઓ ધરાવતા પાકા મકાનો બનાવવા આર્થિક સહાય કરવામાં આવશે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં 'તમામને મકાન'ના હેતુને સિધ્ધ કરી શકાય.

- **નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે કેન-બેતવા નદીઓને એકબીજાથી જોડવાના પ્રોજેક્ટને મંજૂરી આપી. આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. 44,605 કરોડ આવશે અને તેને આઠ વર્ષમાં પૂરો કરવામાં આવશે.**

**અસરઃ** આ પ્રોજેક્ટ દ્વારા 103 મેગાવોટ જળ વિદ્યુત અને 27 મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન થશે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે કેન-બેતવા લિંક પ્રોજેક્ટ ઓથોરિટી (KBLPA) નામની વિશેષ પ્રાયોજક સંસ્થા બનાવવામાં આવશે. તેનાથી મધ્યપ્રદેશના છત્તરપુર, પન્ના અને ટીકમગઢ અને ઉત્તરપ્રદેશના બાંદા, મહોબા અને ઝાંસીના દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અને પાણીની અછત ધરાવતા 10.62 લાખ હેક્ટર વિસ્તાર સુધીની વાર્ષિક સિંચાઈ થઈ શકશે. નહેર જોડાવાથી લગભગ 62 લાખ લોકોને પીવાનું પાણી મળી શકશે. કૃષિ પ્રવૃત્તિઓમાં વધારાથી બુંદેલખંડના પછાત વિસ્તારમાં સામાજિક-આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન મળશે. આનાથી પાણીની અછતથી થનારું વિસ્થાપન રોકવામાં પણ મદદ મળશે. આ પ્રોજેક્ટથી સારી રીતે પર્યાવરણ મેનેજમેન્ટ કરી શકાશે,

- **નિર્ણયઃ મેડ ઇન ઇન્ડિયા સેમીકન્ડક્ટર ચિપનું સપનું પૂરું થશે. રૂ. 76,000 કરોડની યોજનાને મંજૂરી**

**અસરઃ** સ્માર્ટ ફોનથી માંડીને તમામ ઇલેક્ટ્રોનિક સામાનમાં મહત્વપૂર્ણ પાર્ટ ગણાતા સેમીકન્ડક્ટર ચિપ ભારતમાં પણ બની શકશે.

- છ વર્ષમાં દેશમાં સેમીકન્ડક્ટર ચિપ્સની સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિક્સિત કરવામાં આવશે. આ અંતર્ગત દેશમાં સેમીકન્ડક્ટર ચિપ્સની ડિઝાઈન, ફેબ્રિકેશન, પેકેજિંગ, ટેસ્ટીંગ અને સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિક્સાવવામાં આવશે. આ માટે રૂ. 76,000 કરોડનાં રોકાણને મંજૂરી આપવામાં આવી છે.

- ભારતને ગ્લોબલ હબ બનાવવા માટે પીએલઆઇ યોજના અંતર્ગત રૂ. 2.3 લાખ કરોડનું પ્રોત્સાહન આપવામાં આવશે. તેને મિશન મોડમાં ચલાવવા માટે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશનની સ્થાપના કરવામાં આવશે.

- **નિર્ણયઃ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાને વર્ષ 2021થી પાંચ વર્ષ લંબાવીને વર્ષ 2026 સુધી કરવાના પ્રસ્તાવને મંજૂરી**

**અસરઃ** પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાથી દેશના 22 લાખ ખેડૂતોના જીવનમાં પરિવર્તન આવશે, જેમાં 2.5 લાખ અનુસૂચિત જાતિ અને બે લાખ અનુસૂચિત જનજાતિના ખેડૂતોનો પણ સમાવેશ થાય છે. ●



# રાજધાની દિલ્હીથી દેવભૂમિ સુધીનો પ્રવાસ માત્ર અઢી કલાકમાં પૂરો થશે

**આઝાદીના અમૃત કાળમાં દેશે પ્રગતિની જે ઝડપ પકડી છે તેમાં હવે કોઈ અવરોધ નહીં આવે, ઉલ્ટાનું તે વધુ વિશ્વાસ અને સંકલ્પોની સાથે આગળ વધશે. 2022 સુધી એક નવા ભારતનું નિર્માણ કરવા માટે એક વિશેષ દ્રષ્ટિકોણ સાથે વિશ્વ સ્તરીય પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાથમિકતા આપવામાં આવી છે. વિકાસ યાત્રાની આ શ્રૃંખલાને આગળ ધપાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીથી દહેરાદૂન વચ્ચે 210 કિલોમીટરનાં આર્થિક કોરિડોરનું શિલારોપણ કર્યું. આને પગલે મુસાફરીનો સમય અડધાથી ઓછો થઈ જશે અને ઉત્તરાખંડની પ્રગતિને નવી દિશા મળશે.**

એક સમય હતો જ્યારે પહાડોમાં રહેનારા લોકો વિકાસની મુખ્યધારા સાથે જોડાવવાનું સપનું જોતા હતા. પેઢીઓને પેઢીઓ પ્રાથમિક સુવિધાઓ મેળવી શકતી નહોતી. પણ સરકાર નિર્ધાર કરે તો સ્થિતિ બદલાઈ શકે છે. કેન્દ્ર સરકાર સ્થિતિ બદલવાના નિર્ધાર સાથે પગલાં ભરી રહી છે, જેથી પહાડી લોકો પણ વિકાસના ફળ ચાખી શકે. પહાડોમાં રહેનારાઓનું જીવન સરળ બનાવવું એ દેશની સર્વોચ્ચ પ્રાથમિકતાઓમાંની એક છે કારણ કે પહાડ ભારતીય સંસ્કૃતિ અને આસ્થાનો ગઢ હોવાની સાથે સાથે દેશની સલામતીનો કિલ્લો પણ છે. આ અભિગમ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 4 ડિસેમ્બરનાં રોજ દિલ્હી-દહેરાદૂન એક્સપ્રેસ વે સહિતનાં અનેક વિકાસ પ્રોજેક્ટનું શિલારોપણ કર્યું. વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે રાજધાની દિલ્હીથી દહેરાદૂન વચ્ચે મુસાફરીનો સમય ઘટીને માત્ર અઢી કલાક થઈ જશે. આ માટે રૂ. 12,000 કરોડનાં ખર્ચે એક એવા કોરિડોરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે એશિયાના સૌથી લાંબા વન્ય જીવ કોરિડોરમાંથી પસાર થશે. દિલ્હી-દહેરાદૂન આર્થિક કોરિડોરની લંબાઈ 210 કિ.મી છે, જે ઉત્તર પૂર્વ દિલ્હી, ગાઝીયાબાદ, બાગપત, શામલી, મુઝફ્ફરનગર, સહારનપુર અને દહેરાદૂન જિલ્લામાંથી પસાર થશે. આ પ્રોજેક્ટને ડિસેમ્બર 2023 સુધી પૂરો કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

દિલ્હીના અક્ષરધામથી દહેરાદૂન સુધીના આ આર્થિક કોરિડોરને કારણે ઉત્તરાખંડ રાજ્યના પર્યટન અને વિકાસને પ્રોત્સાહન મળશે. આ કોરિડોરથી 51 કિ.મીનો લિન્ક રોડ હરિદ્વારને પણ જોડશે. રૂ. 2095 કરોડનાં ખર્ચે બનનારા આ રોડથી ભક્તો અને સામાન્ય

વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

# વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દહેરાદૂનમાં આશરે રૂ. 18,000 કરોડનાં ખર્ચે અનેક પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યાં.
- વડાપ્રધાને 11 વિકાસ પ્રોજેક્ટ્નું શિલારોપણ કર્યું, જેમાં દિલ્હી-દહેરાદૂન આર્થિક કોરિડોર, (ઈસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ વે જંક્શન દહેરાદૂન સુધી)નો સમાવેશ થાય છે. આ કોરિડોર રૂ. 8300 કરોડનાં ખર્ચે બનાવવામાં આવશે.
- આનાથી દિલ્હીથી દહેરાદૂન સુધીની મુસાફરીનો સમય છ કલાકથી ઘટીને લગભગ અઢી કલાકનો થઈ જશે.
- તેમાં વન્યજીવોની વિના અવરોધ અવરજવર માટે એશિયાનો સૌથી મોટો વન્યજીવ એલિવેટેડ કોરિડોર (12 કિલોમીટર) બનાવવામાં આવશે.
- દહેરાદૂનમાં ડાટ કાલી મંદિર પાસે 340 મીટર લાંબી સુરંગ વન્યજીવો પર પડનારી અસરને ઓછી કરશે.
- ગણેશપુર-દહેરાદૂન સેક્શનમાં પશુઓને વાહન સાથેની અથડામણથી બચાવવા માટે અનેક રસ્તાઓ બનાવવામાં આવ્યા છે.
- દિલ્હી-દહેરાદૂન આર્થિક કોરિડોરમાં વરસાદી પાણીના સંગ્રહ અને 500 મીટરના અંતરે 400થી વધુ વોટર રિચાર્જ પોઈન્ટની વ્યવસ્થા પણ હશે.
- દિલ્હી-દહેરાદૂન આર્થિક કોરિડોર દ્વારા ગ્રીનફીલ્ડ માર્ગરેખા પ્રોજેક્ટ, સહારનપુરના હલગોઆથી હરિદ્વારના ભદ્રાબાદને જોડનારા પ્રોજેક્ટનું નિર્માણ રૂ. 2,000 કરોડથી વધુનાં ખર્ચે કરવામાં આવશે.
- રૂ. 1600 કરોડથી વધુનાં ખર્ચે બનનાર મનોહરપુરથી કાંગડી સુધીનો હરિદ્વાર રિંગ રોડ પ્રોજેક્ટ હરિદ્વાર શહેરના લોકોને, ખાસ કરીને પ્રવાસનની મોસમ દરમિયાન ટ્રાફિક જામમાં રાહત આપશે અને કુમાઉ વિસ્તાર સાથેની કનેક્ટિવિટી પણ મળશે.
- આશરે રૂ. 1700 કરોડનાં ખર્ચે બનનાર દહેરાદૂન-પોન્ટાસાહિબ (હિમાચલ પ્રદેશ) રોડ પ્રોજેક્ટથી મુસાફરીનો સમય ઘટશે અને બંને સ્થળો વચ્ચે અવિરત કનેક્ટિવિટી પૂરી પાડશે.
- લક્ષ્મણ ઝુલા પાસે ગંગા નદી પર એક પુલ પણ બનાવવામાં આવશે. વિશ્વ પ્રસિધ્ધ લક્ષ્મણ ઝુલાનું નિર્માણ 1929માં કરવામાં આવ્યું હતું, પણ તેની ભાર વહન ક્ષમતા ઘટી જતાં તેને બંધ કરી દેવામાં આવ્યો છે. નવા પુલ પર પગપાળા જતાં લોકો માટે કાચનું ડેક બનાવવામાં આવશે. આ ઉપરાંત, હળવા વજનના વાહનોને પણ મંજૂરી આપવામાં આવશે.
- વડાપ્રધાને આ મુલાકાત દરમિયાન દહેરાદૂનમાં બાળકોની અવરજવર માટે રસ્તાઓને સલામત બનાવવા શહેરને ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.
- દહેરાદૂનમાં રૂપિયા 700 કરોડના ખર્ચે જળ પૂરવઠા, માર્ગ અને ડ્રેનેજને લગતા વિવિધ પ્રોજેક્ટ્સનો પણ શિલાન્યાસ કર્યો.
- સ્માર્ટ આધ્યાત્મિક નગરોનો વિકાસ કરવા અને પર્યટન સંબંધિત માળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરવા માટે વડાપ્રધાનની દૂરંદેશીતાને અનુરૂપ, શ્રી બદ્રીનાથધામ અને ગંગોત્રી- યમુનોત્રી ધામ ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ કાર્યો માટે પણ શિલાન્યાસ કરવામાં આવ્યો. આ ઉપરાંત, રૂપિયા 500 કરોડ કરતાં વધુનાં ખર્ચે હરિદ્વારમાં નવી મેડિકલ કોલેજનું પણ નિર્માણ કરવામાં આવશે.

## સલામત પ્રવાસ માટેનાં સાત પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરાયું

- વડાપ્રધાને સાત પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું, જેમાં આ પ્રદેશમાં કાયમી ભૂસ્ખલનની સમસ્યા દૂર કરવા મુસાફરીને વધુ સુરક્ષિત બનાવવાનો સમાવેશ થાય છે.
- ચારધામ રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટ અંતર્ગત દેવપ્રયાગથી શ્રીકોટ સુધી અને એનએચ-58 પર બ્રહ્મપુરીથી કોડિયાલા સુધીનો રોડ પહોળો કરવાના પ્રોજેક્ટનું પણ ઉદઘાટન કર્યું.
- યમુના નદી પર રૂપિયા 1700 કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવેલી 120 MWના વ્યાસી જળવિદ્યુત પ્રોજેક્ટ તથા દહેરાદૂનમાં હિમાલય સંસ્કૃતિ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યું.
- હિમાલયન સંસ્કૃતિ કેન્દ્રમાં રાજ્ય સ્તરનું સંગ્રહાલય હશે, જેમાં 800 બેઠકોનો સભાખંડ, પુસ્તકાલય, કોન્ફરન્સ હોલ વગેરે છે. આનાથી લોકોને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અને રાજ્યના સાંસ્કૃતિક વારસામાં ભાગ લેવામાં મદદ મળી શકશે.
- વડાપ્રધાને દહેરાદૂનમાં અદ્યતન પરફ્યુમરી અને અરોમા લેબોરેટરી (સુગંધીદાર છોડ કેન્દ્ર)નું પણ ઉદઘાટન કર્યું.

લોકોને સગવડ પૂરી પાડશે. આ કોરિડોરનો પ્રથમ સેક્શન દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે દ્વારા અક્ષરધામથી શરૂ થશે અને બાગપત પાસે ઈપીઈ જંક્શન પર પૂરો થશે. આ સેક્શનની લંબાઈ 32 કિ.મી હશે, જેમાંથી 18 કિ.મીનો એલિવેટેડ રોડ હશે. એલિવેટેડ સેક્શન દિલ્હીમાં શાસ્ત્રીપાર્ક, ખજુરી ખાસ અને મંડોલા થઈને પસાર થશે. ઈપીઈ ક્રોસિંગ પછી 118 કિ.મી.નો ગ્રીનફિલ્ડ રોડ બનશે. હાઈવે પર એન્ટ્રી અને એક્ઝિટ માટે કુલ સાત એક્ઝિટ અને 62 અન્ડરપાસ હશે. ચોક્કસપણે, આ કોરિડોર બનવાથી આર્થિક અને વ્યાપારિક પ્રવૃત્તિઓ વધશે અને રાષ્ટ્રની પ્રગતિની સાથે સાથે ઉત્તરાખંડના વિકાસને પણ વેગ મળશે.

# 'હર ઘર દસ્તક' અભિયાન



આ તસવીર અલવર, રાજસ્થાનમાં ખેતી કરી રહેલી મહિલાઓની છે, જ્યાં હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત રસીકરણ કરવામાં આવ્યું

**કોવિડ જેવી સદીની સૌથી મોટી મહામારીથી બચવાનો એક માત્ર ઉપાય છે સંપૂર્ણ રસીકરણ. ઓમિક્રોન સહિતનાં વિવિધ કોરોના વેરિયેન્ટ સામે આવી રહ્યાં છે અને વિશેષ બુસ્ટર ડોઝ પર વિચારણા ચાલી રહી છે, ત્યારે ભારતમાં 55 ટકા પાત્ર વસતિને રસીના બંને ડોઝ અપાઈ ચૂક્યા છે. કેન્દ્ર સરકાર 'સંપૂર્ણ રસીકરણ, લક્ષ્ય અમારું'ના સંકલ્પ સાથે દેશનાં તમામ નાગરિકોનું રસીકરણ કરવા માટે 'હર ઘર દસ્તક, હર ઘર ટીકા' અભિયાન ચલાવી રહી છે...**

રાજસ્થાનના અલવર જિલ્લામાં મહિલાઓ ખેતરોમાં કામ કરી રહી હતી. તેમનાં કામ પર અસર ન પડે અને રસીકરણ પણ થાય તે માટે આરોગ્યકર્મીઓ પોતે ખેતરમાં ગયા અને એ મહિલાઓને કોવિડની રસી આપી. આ જ રીતે, મધ્યપ્રદેશમાં ઘુઘરી, મંડલામાં રસીકરણ અભિયાન અંતર્ગત કામનાં સ્થળે જ લોકોને રસી આપવામાં આવી, જેથી કામ પર અસર ન પડે અને કોઈ પણ વ્યક્તિ રસીથી વંચિત ન રહે. કેન્દ્ર સરકાર દેશભરમાં કોવિડ-19 રસીકરણનું કવરેજ અને ઝડપ વધારવા પ્રતિબધ્ધ છે. પરિસ્થિતિ ગમે તેવી હોય, થાક્યા કે હાર્યા વિના લક્ષ્યની પ્રાપ્તિની તરફ આગળ વધતા રહીશું ના મૂળ મંત્ર સાથે ભારતમાં કોવિડ રસીકરણનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેથી કોઈ વ્યક્તિ રહી ન જાય અને લોકોનાં આરોગ્યને નુકસાન ન થાય. આ અંતર્ગત કેન્દ્ર સરકારે 3 નવેમ્બરથી 31 ડિસેમ્બર સુધી 'હર ઘર દસ્તક' અભિયાન ચલાવ્યું, જેમાં આરોગ્યકર્મીઓ ઘેર ઘેર અને ખેતરોમાં ગયા જેથી દેશમાં રસીકરણથી કોઈ વંચિત ન રહી જાય અને 100 ટકા રસીકરણનો લક્ષ્ય હાંસલ કરી શકાય.

## નવા ભારતનો નવો વિક્રમ

**55%**

થી વધુ પાત્ર વસતિને કોવિડ રસીના બંને ડોઝ આપવામાં આવ્યા.

**86%**

લોકોને કોવિડ રસીનો પ્રથમ ડોઝ લગાવવામાં આવ્યો છે.

**135**

કરોડથી વધુ ડોઝ લગાવવામાં આવી ચૂક્યા છે દેશભરમાં. વિશ્વમાં આ સૌથી વધુ આંક છે.

**100%**

રસીકરણ કરનાર હિમાચલ પ્રદેશ પ્રથમ રાજ્ય બન્યું

### વેક્સિન મૈત્રી- વિશ્વ માટે ભારતની સંજીવની

- ભારતે 20 જાન્યુઆરી, 2021નાં રોજ વેક્સિન મૈત્રી કાર્યક્રમ અંતર્ગત અન્ય દેશોને વેક્સિન ડોઝ ઉપલબ્ધ કરવાનું શરૂ કર્યું.
- 14 ઓક્ટોબર, 2021નાં રોજ ફરી એક વાર વેક્સિન મૈત્રી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ અંતર્ગત નેપાળ, મ્યાંમાર, ઈરાન, બાંગલાદેશ પ્રત્યેકને 10 લાખ વેક્સિન ડોઝ પૂરા પાડવામાં આવ્યા. હાલમાં, 96 દેશોને 'મેડ ઈન ઇન્ડિયા' રસીની નિકાસ કરવામાં આવી રહી છે.



**"કોવિડની મુશ્કેલ પરિસ્થિતિમાં પણ દેશે 100 કરોડથી વધુ કોવિડ રસીનો આંકડો પાર કરી લીધો છે અને આપણે 150 કરોડ તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. નવા વેરિએન્ટના સમાચારો પણ આપણને જાગૃત કરી રહ્યા છે. એવામાં, સૌનું ઉત્તમ આરોગ્ય, દેશવાસીઓનું ઉત્તમ આરોગ્ય, આ સંકટ સમયમાં અમારી પ્રાથમિકતા છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**


સમગ્ર દેશમાં અત્યાર સુધી 86 ટકાથી વધુ લોકોને ઓછામાં ઓછો એક ડોઝ લગાવવામાં આવ્યો છે, જે વિશ્વનાં અનેક મોટાં દેશો કરતાં વધુ છે. આટલું જ નહીં, દેશની 55 ટકાથી વધુ પુખ્ત વસતિને બંને ડોઝ આપી દેવામાં આવ્યા છે. દેશવ્યાપી રસીકરણ અભિયાનના ભાગ રૂપે કેન્દ્ર સરકાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નિઃશુલ્ક કોવિડ રસી પૂરી પાડવા સંપૂર્ણ સહયોગ કરી રહી છે. દેશનાં સામાન્ય લોકો સુધી કોવિડ રસીને પહોંચાડવા માટે પ્રથમ વાર ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો. હાલમાં, મણિપુર, નાગાલેન્ડ, આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહમાં આઈસીએમઆરના 'આઈ-ડ્રોન'નો ઉપયોગ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "ભારતની જનતા કંઈક કરવાનું નક્કી કરે તો કશું જ અશક્ય નથી." ભારતનાં લોકો અને આરોગ્યકર્મીઓની તત્પરતાને કારણે 19 ડિસેમ્બર સુધી ભારતે 137 કરોડથી વધુ લોકોને રસી લગાવી છે અને 'સબ કા પ્રયાસ'ના મંત્ર પર ચાલતાં આરોગ્યકર્મીઓની આકરી મહેનતને કારણે હિમાચલ પ્રદેશ પોતાની પુખ્ત વસતિને 100 ટકા બંને ડોઝ લગાવનાર પ્રથમ રાજ્ય બની ગયું છે.

### ખતરો ટળ્યો નથી, સાવધાની જરૂરી

ભારતમાં ચલાવવામાં આવી રહેલા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધી 135 કરોડથી વધુ રસીના ડોઝ લગાવી દેવામાં આવ્યા છે. કોવિડથી બચવાના બે જ ઉપાય છે. એક રસીકરણ અને બીજો બચાવ. આપણે યાદ રાખવાનું છે કે કોવિડનો ખતરો હજુ ટળ્યો નથી. એટલે રસીકરણની સાથે સાથે ઉપાય પણ કરવા જોઈએ અને માસ્કનો ઉપયોગ અને કોવિડ ઉપયુક્ત વ્યવહારનું ચોક્કસ પાલન કરવું જોઈએ.

### મોનિટરીંગ વધારો- ડબલ્યુએચઓ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે, કોવિડનો નવો વેરિએન્ટ ઓમિક્રોન 77થી વધુ દેશોમાં પહોંચી ગયો છે અને તેના સંક્રમણનો દર ડેલ્ટા વેરિએન્ટ કરતાં વધુ છે. ડબલ્યુએચઓએ એમ પણ કહ્યું છે કે એ અત્યાર સુધી સ્પષ્ટ નથી કે નવો વેરિએન્ટ આટલી ઝડપથી કેમ ફેલાઈ રહ્યો છે. 24 નવેમ્બરનાં રોજ દક્ષિણ આફ્રિકામાં કોરોનાનો ઓમિક્રોન વેરિએન્ટ નોંધાયો હતો. દરમિયાન, ભારત સરકાર સતત આ વેરિએન્ટ પર ચાંપતી નજર રાખી રહી છે. દક્ષિણ પૂર્વ એશિયા માટે ડબલ્યુએચઓના રિજનલ ડિરેક્ટર ડો. પૂનમ ખેત્રપાલનું માનવું છે કે નવા વેરિએન્ટનો અર્થ એ નથી કે સ્થિતિ કથળતી જશે, પણ અનિશ્ચિત રહેશે એ ચોક્કસ છે. એટલે, મહામારી હજુ યથાવત છે અને આપણે સાવધાન રહેવું જોઈએ. મોનિટરીંગની સાથે સાથે જાહેર આરોગ્યને પણ મજબૂત કરવું જોઈએ. ●



# ‘ઉજાલા’એ ઘર ઘરમાં પ્રકાશ ફેલાવ્યો

**કોઈ પણ દેશની પ્રગતિ તેની પાસે ઉપલબ્ધ સંસાધનોના આયોજનબધ્ધ ઉપયોગ અને અમલીકરણ પર આધાર રાખે છે. ભારત જેવા દેશમાં કુલ વીજળી ખપતનો 20 ટકા હિસ્સો લાઈટિંગ માટે થાય છે. એક સમયે લાઈટિંગમાં મોટો હિસ્સો જૂના બલ્બનો હતો, જેમાં વધુ વીજ વપરાશ થતો હતો. વધુ વપરાશને કારણે વધારાના સ્રોતમાંથી વીજળીનું ઉત્પાદન કરવું પડતું હોવાથી પર્યાવરણને પણ નુકસાન થતું હતું. તેનાં વિકલ્પ તરીકે બજારમાં એલઈડી બલ્બ તો ઉપલબ્ધ હતાં જ પણ મોંઘા હોવાને કારણે ત્યાં સુધી કોઈની પહોંચ નહોતી. આ સમસ્યા ઉકેલવા 5 જાન્યુઆરી, 2015નાં રોજ ઉજાલા યોજનાની શરૂઆત થઈ, જેનાં દ્વારા અત્યાર સુધી માત્ર 10 રૂપિયાનાં ભાવે આશરે 37 કરોડ એલઈડી બલ્બ લોકોને આપવામાં આવ્યા છે, જેણે કરોડો ઘરોમાં પ્રકાશ ફેલાવ્યો છે.**

આંધ્રપ્રદેશના સિકંદરાબાદના એક અનાથાશ્રમમાં રહેતી 15 વર્ષીય મર્સી સુસાન બહુમુખી પ્રતિભા ધરાવે છે. તેને પિયાનો વગાડવો અને કરાટેનો અભ્યાસ કરવો બહુ ગમે છે. હાલમાં તે 10માં ધોરણમાં અભ્યાસ કરી રહી છે. ગણિત અને વિજ્ઞાન તેના મનપંસદ વિષયો છે. તે કહે છે, “જૂના બલ્બની સરખામણીમાં નવા એલઈડી બલ્બમાં વધુ પ્રકાશ હોય છે, તેથી ભણવામાં વધુ સરળતા રહે છે. પહેલાં હું જૂના બલ્બમાં બે કલાક અભ્યાસ કરી શકતી હતી, પણ હવે નવા બલ્બમાં ચાર કલાક વાંચી શકું છું.” હરિયાણામાં સોનીપતથી પસાર થતા નેશનલ હાઈવે પર A1 ઢાબાના પાર્ટનર દેવદત્ત શર્માએ પોતાના ઢાબામાં ટ્યુબલાઈટની જગ્યાએ એલઈડી લાઈટ લગાવી છે. આને કારણે વીજળીનું બિલ છ મહિનામાં જ રૂ. 45,000થી ઘટીને રૂ. 15,000 થઈ ગયું છે. સંપૂર્ણ રીતે પ્રકાશમય બની ગયેલું ઢાબું હવે વધુ ગ્રાહકોને આકર્ષી શકે છે તે અલગ.” મર્સી અને દેવદત્ત બંને એવા લોકોમાં શામેલ છે જેમને ઉજાલા યોજના દ્વારા સસ્તા એલઈડી બલ્બ મળ્યાં છે.

5 જાન્યુઆરી, 2022નાં રોજ સાત વર્ષ પૂરાં કરી રહેલી ઉજાલા (Unnat Jyoti by Affordable LEDs for All (UJALA)) યોજના વિશ્વનાં સૌથી મોટાં હોમ લાઈટિંગ પ્રોજેક્ટ્સમાંનો એક છે. એટલું જ નહીં, ઉજાલાને કારણે ભારત હવે વિશ્વનું સૌથી મોટું એલઈડી બજાર બની ગયું છે. 19 જુલાઈનાં રોજ સરકાર દ્વારા વિતરીત એલઈડી બલ્બની સંખ્યા 13.3 કરોડ હતી, જ્યારે 1 ડિસેમ્બર, 2021 સુધી 177 ટકા વધારા સાથે તે 36.78 કરોડ થઈ ગઈ. આ યોજનાનો અમલ ઊર્જા મંત્રાલય હેઠળનાં જાહેર સાહસોનાં સંયુક્ત સાહસ એનર્જી એફિશિયન્સી સર્વિસિસ લિમિટેડ (EESL) દ્વારા કરવામાં આવી રહ્યો છે.

ઉજાલા યોજનામાં એલઈડી ક્ષેત્રમાં પરિવર્તનકારી પ્રદાન માટે ‘સાઉથ એશિયા પ્રોક્યોરમેન્ટ ઈનોવેશન એવોર્ડ 2017’, ‘ગ્લોબલ સોલિડ સ્ટેટ લાઈટિંગ એવોર્ડ ઓફ એક્સલન્સ’ જેવા વૈશ્વિક પુરસ્કાર મળ્યાં છે.

# પ્રધાનમંત્રી ગ્રામીણ ઉજાલાના રૂપમાં નવી શરૂઆત

- પ્રધાનમંત્રી ગ્રામીણ ઉજાલા યોજના અંતર્ગત ભારતમાં માત્ર 10 રૂપિયામાં એલઇડી બલ્બ આપવામાં આવી રહ્યા છે, જે વિશ્વમાં સૌથી સસ્તો દર છે. આ યોજના અંતર્ગત દરેક પરિવારને 3થી 4 બલ્બ આપવામાં આવી રહ્યા છે.
- આ યોજના અંતર્ગત 15થી 20 કરોડ ગ્રામીણ પરિવારોને સબસિડી વગરના 60 કરોડ એલઇડી બલ્બ પૂરાં પાડવામાં આવી રહ્યા છે.
- 2014માં બલ્બનો ભાવ રૂ. 310 હતો, જે આજે ઘટીને રૂ. 70 થઈ ગયો છે.
- આ યોજના માટે કેન્દ્ર અથવા રાજ્ય સરકાર પાસેથી કોઇ સબસિડી લેવામા આવી રહી નથી. આ યોજનામાં થનારો તમામ ખર્ચ એનર્જી એફિશિયન્સી સર્વિસિસ લિમિટેડ (EESL) ભોગવી રહી છે. યોજનાનો ખર્ચ કાર્બન ટ્રેડિંગ દ્વારા ભરપાઇ કરવામાં આવશે.



## વૈશ્વિક ઓળખ

**જીવનની ગુણવત્તામાં સુધારો-** વાર્ષિક ઘરેલુ બિલોમાં લગભગ 15 ટકાનો ઘટાડો આવ્યો. ગ્રાહકોને વીજળીના બિલમાં પ્રતિ વર્ષ રૂ. 1600 કરોડની બચત થઈ.

**ઉચ્ચ ગુણવત્તાનું નિર્માણઃ** ભારત હવે વિશ્વનું બીજું મોટું એલઇડી બજાર છે, જે દર વર્ષે 2140 કરોડ રૂપિયા છે.

**જળવાયુ લક્ષ્યમાં યોગદાનઃ** દુર્લભ ઉર્જા સંસાધનોની બચત અને ભારતના કાર્બન ઉત્સર્જનમાં પ્રતિ વર્ષ ત્રણ અબજ ટન CO2નો ઘટાડો, જે પ્રતિ વર્ષ 27 લાખ કાર ફરતી બંધ થવા બરાબર છે.

# એલઇડીથી વીજ વપરાશ ઓછો થાય છે, બચત થાય છે

- એટલે કે લાઇટ એમિટિંગ ડાયોડના સાત વોટના બલ્બથી 14 વોટના સીએફએલ અને 60 વોટના આઇસીએલ સમકક્ષ પ્રકાશ મળે છે.
- એલઇડી બલ્બ દ્વારા આઇસીએલની સરખામણીમાં લગભગ 90 ટકા અને સીએફએલની સરખામણીમાં 50 ટકા ઊર્જાની બચત થાય છે.
- 140 કલાક સુધી વાપરવાથી એલઇડી બલ્બ એક યુનિટ વીજળી ખર્ચ કરે છે, જ્યારે એટલાં જ સમય વપરાશથી સીએફએલમાં બે યુનિટ અને આઇસીએલમાં 9 યુનિટ વીજ વપરાશ થાય છે.
- 140 કલાક સુધી વપરાશ કરવાથી એલઇડી બલ્બમાં ચાર રૂપિયાની વીજળી વપરાય છે, જ્યારે આટલો સમય વપરાશ કરવાથી સીએફએલમાં આઠ રૂપિયા અને આઇસીએલમાં 36 રૂપિયાનો વીજ વપરાશ થાય છે.

## પ્રગતિમાં તેજી

**વીજળીની બચત**

**4800**

**કરોડ યુનિટથી વધુ વીજળીની બચત થઈ દર વર્ષે ઉજાલા યોજના દ્વારા**

**19,110**

**કરોડ રૂપિયા પ્રતિ વર્ષ ખર્ચમાં બચત**

**9,565**

**મેગાવોટથી વધુ વીજળીની માંગમાં ઘટાડો થયો દર વર્ષે યોજનાને કારણે**

- 3,86,98,387 ટન કાર્બન ડાયોક્સાઇડ પ્રતિ વર્ષ ઉત્સર્જન ઓછું થયું. 1.10 કરોડથી વધુ સ્ટ્રીટ લાઇટ લગાવવામાં આવી. 72 લાખથી વધુ ટ્યુબલાઇટ વિતરીત કરવામાં આવી. 23 લાખથી વધુ પંખા વિતરિત કરવામાં આવ્યા.

> **દેશને એક એવા ઉપાયની જરૂર હતી, જેમાં વીજળીનો વપરાશ ઓછો હોય., પ્રકાશ વધુ હોય અને ખર્ચ ઓછો હોય. આ જરૂરિયાતે ઉજાલા યોજનાને જન્મ આપ્યો છે. એલઇડી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા. નીતિઓમાં ફેરફાર કરવામાં આવ્યા. તેનાથી બલ્બની કિંમતમાં ઘટાડો થયો અને જેવી લોકોને તેનાં ફાયદાની ખબર પડી કે તેની માંગ પણ વધી ગઈ.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# જેમણે આઝાદીની મશાલ પ્રજ્વલિત કરીને સમાજ માટે દ્રષ્ટાંત પૂરું પાડ્યું




**ભારતનો સ્વતંત્રતા સંઘર્ષ આધુનિક વિશ્વના મહાન સંઘર્ષોમાંનો એક છે. સ્વતંત્રતા સંગ્રામમાં દરેક વર્ગ અને સમુદાયના લોકોએ ભાગ લીધો હતો અને પોત પોતાની રીતે યોગદાન આપ્યું હતું. તેમનાં સંઘર્ષોનાં પરિણામે જ 15 ઓગસ્ટ, 1947નાં રોજ ભારત આઝાદ થઈ શક્યો. આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આ મહોત્સવમાં સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લઈને માં ભારતીને ગુલામીના બંધનમાંથી મુક્તિ અપાવનારા લડવૈયાઓને આજે દેશ શ્રધ્ધાપૂર્વક યાદ કરી રહ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં મહાદેવભાઇ દેસાઇ, તિલકા માંઝી, ડો. સૈફુદ્દીન કિચલૂ, વિષ્ણુ દામોદર ચિતળેએ આઝાદીની લડાઈમાં ભજવેલી ભૂમિકા અંગે જાણીએ. આ એ સેનાનીઓ છે, જેમણે અંગ્રેજોનો હિંમતભેર સામનો કર્યો, એટલું જ નહીં પણ એક આદર્શ પ્રસ્તુત કર્યો, જે આજે પણ દેશવાસીઓ માટે અનુકરણીય છે...**

# ગાંધીજીનો પડછાયો, અંગત સચિવ અને 'દીકરા' સમાન મહાદેવભાઈ દેસાઈ

**જન્મઃ 1 જાન્યુઆરી, 1892 | મૃત્યુઃ 15 ઓગસ્ટ, 1942**

મહાદેવભાઈ દેસાઈ આમ તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અંગત સચિવ હતા, પણ બંનેની ઉંમરમાં 24 વર્ષનો તફાવત હતો. ઉંમરમાં મોટું અંતર હોવા છતાં તેમનાં સંબંધો સહજ અને મીઠા હતા. એટલાં માટે જ લોકો મહાદેવભાઇને મહાત્મા ગાંધીનો પડછાયો કહેતા હતા. મહાદેવભાઈ ગાંધીજીની તમામ જરૂરિયાતોનું ધ્યાન રાખતા હોવાથી કેટલાંક લોકો તેમને ગાંધીજીનો 'જમણો હાથ' માનતા હતા. ગાંધીજીના સેક્રેટરી તરીકે તેઓ ટાઇપિસ્ટ, અનુવાદક, કાઉન્સેલર, કુરિયર, દુભાષિયાનું કામ કરવાની સાથે તેમના સંકટમોચક પણ હતા. ત્યાં સુધી કે તેઓ ગાંધીજી માટે રસોઈ પણ બનાવી નાખતા. તેમના હાથની બનેલી ખીચડીની ગાંધીજી ખૂબ પ્રશંસા કરતા હતા. મહાદેવભાઈના પ્રેમ અને આત્મીયતાને કારણે ગાંધીજી અને તેમનાં પત્ની કસ્તુરબા તેમને પોતાના પુત્ર સમાન ગણતા હતા. મહાત્મા ગાંધીએ 1917માં દેસાઈ સાથેની પોતાની પ્રથમ મુલાકાતમાં જ તેમનામાં છુપાયેલી પ્રતિભા ઓળખી કાઢી અને તેમને પોતાની સાથે કામ કરવાનો આગ્રહ કર્યો હતો. ત્યારથી 15 ઓગસ્ટ, 1942નાં રોજ મહાદેવભાઈના છેલ્લાં શ્વાસ સુધી બંનેનો સંબંધ જળવાઇ રહ્યો. ગાંધીજીએ 8 ઓગસ્ટ, 1942નાં રોજ મુંબઈમાં કરેલા ઐતિહાસિક ભાષણમાં 'કરો યા મરો'નો નારો આપ્યો હતો. 9 ઓગસ્ટની સવારે અંગ્રેજોએ ગાંધીજી, મહાદેવભાઈ સહિતનાં સેનાનીઓની ધરપકડ કરીને તેમને પૂણેના આગાખાન મહેલમાં બંધ કરી દીધા હતા. આ જ જેલમાં 15 ઓગસ્ટે હૃદયરોગના હૂમલાથી મહાદેવભાઈએ અંતિમ શ્વાસ લીધા. તેમનાં અવસાન બાદ ગાંધીજીએ કહ્યું હતું, "મહાદેવભાઈએ 50 વર્ષની જીંદગીમાં 100 વર્ષનું કામ કરી નાંખ્યું." ગાંધીજીની ઇચ્છા પ્રમાણે આગા ખાન મહેલમાં જ મહાદેવભાઈની સમાધિ બનાવવામાં આવી. તેનાં દોઢ વર્ષ બાદ કસ્તુરબા ગાંધીનું અવસાન થયું ત્યારે તેમની સમાધિ પણ મહાદેવભાઈની સમાધિની નજીક જ બનાવવામાં આવી. સુરત જિલ્લાના સરસ નામના ગામમાં જન્મેલા મહાદેવભાઈએ સ્નાતક સુધીનો અભ્યાસ કર્યા બાદ કાયદાનો અભ્યાસ પણ કર્યો અને વકીલાત પણ કરી. તેમણે ગાંધીજીએ ગુજરાતી ભાષામાં લખેલી આત્મકથા 'સત્યના પ્રયોગો'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. મહાદેવભાઈએ વર્ષો સુધી ડાયરી લખી, જેમાં મહાત્મા ગાંધીની જીવનશૈલી, તેમની પ્રવત્તિઓ વગેરેનું વર્ણન મળે છે. ગાંધીજીનું ચરિત્ર, વિચાર અને તેમની ફિલોસોફીને સમજવા માટે આ ડાયરી આજે પણ મહત્વનો દસ્તાવેજ છે.



**મહાદેવ દેસાઇએ ગાંધીજીએ ગુજરાતીમાં લખેલી આત્મકથા સત્યના પ્રયોગોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. તેમણે વર્ષો સુધી ડાયરી લખી હતી**

# ભારતીય સ્વતંત્રતા સંગ્રામના પ્રથમ શહીદ મનાતા તિલકા માંઝી

**જન્મઃ 11 ફેબ્રુઆરી, 1750 શહીદી દિવસઃ 13 જાન્યુઆરી, 1785**

13 જાન્યુઆરી, 1784નો દિવસ હતો. એક યુવક એક ઝાડ પર ચઢી ગયો અને જેવો એક ઘોડેસવાર અંગ્રેજ સુપરિટેન્ડેન્ટ ક્લિવલેન્ડ ઝાડ પાસેથી પસાર થયો ત્યારે તીર મારીને નીચે પાડી દીધો. આમ કરનાર યુવકનું નામ હતું તિલકા માંઝી. જ્યારે અંગ્રેજો સામે બળવાની વાત પણ કોઈ નહોતું કરતું એ સમયે માંઝીએ અંગ્રેજો વિરુધ્ધ લડાઈ શરૂ કરી હતી. આ ઘટના પછી અંગ્રેજો તેમની પાછળ પડી ગયા. એક રાત્રે તિલકા માંઝી અને તેમના ક્રાંતિકારી સાથી પારંપરિક ઉત્સવ મનાવી રહ્યા હતા ત્યારે અચાનક તેમનાં પર હૂમલો કરવામાં આવ્યો. અચાનક થયેલા આ હૂમલામાં માંઝી તો બચી ગયા પણ બીજાં ઘણાં લોકોનાં મોત થયા. 13 જાન્યુઆરી, 1785નાં રોજ એક અંગ્રેજ અધિકારીના નેતૃત્વમાં તિલકા માંઝીને બંદી બનાવી લેવામાં આવ્યા અને તેમને ઘોડાથી બાંધીને કેટલાંક કિલોમીટર



**પહાડિયા ભાષામાં 'તિલકા'નો અર્થ થાય છે ગુસ્સાવાળો અને લાલ-લાલ આંખો ધરાવતો માણસ**

સુધી ખેંચતા ખેંચતા ભાગલપુર લાવવામાં આવ્યા. અંગ્રેજો સહિતનાં લોકોને આશ્ચર્ય થયું કે આટલા કિલોમીટર ખેંચીને લાવવા છતાં તિલકા માંઝી કઈ રીતે જીવતા રહ્યા. અંગ્રેજો એમ ક્યાં માને એવા હતા? તેમણે માંઝીને ભાગલપુરના ચોક પર એક વિશાળ વડના ઝાડ પર લટકાવીને ફાંસી આપી દીધી. એ મહાન દેશભક્ત હસતા હસતા દેશ માટે શહીદ થઈ ગયા. બાદમાં આઝાદીના લડવૈયાઓએ તિલકા માંઝીનું અનુસરણ કરતાં 'હાંસી હાંસી, ચઢ ગો ફાંસી' ગીત ગાયું. બ્રિટીશ શાસન વિરુધ્ધ સૌ પ્રથમ અવાજ ઉઠાવનાર તિલકા માંઝી પહાડિયા સમુદાયના એવા વીર સિપાહી હતા જેમને ભારતીય સ્વતંત્રતા સંગ્રામના પ્રથમ શહીદ માનવામાં આવે છે. 11 ફેબ્રુઆરી, 1750નાં રોજ બિહારના ભાગલપુરમાં સુલ્તાનગંજના તિલકપુર ગામમાં સંથાલ પરિવારમાં જન્મેલા તિલકા માંઝીનું સાચું નામ જબરા પહાડિયા હતું એમ મનાય છે. તેમનું તિલકા નામ પડવા પાછળ રસપ્રદ કહાની છે. કહેવાય છે કે તિલકા નામ તેમને અંગ્રેજોએ આપ્યું હતું. એક વાર એક અંગ્રેજે તેમની ઘુરતી લાલ આંખોમાં જોયું હતું. ત્યારથી તેમને 'તિલકા' નામ આપવામાં આવ્યું. પહાડિયા ભાષામાં 'તિલકા'નો અર્થ થાય છે ગુસ્સાવાળી અને લાલ આંખોવાળી વ્યક્તિ. અંગ્રેજો સામે 1711થી 1784 એમ 13 વર્ષ સુધી મોરચો સંભાળનાર તિલકા માંઝીએ સ્થાનિક મહાજનો અને સામંતોની ઉંઘ ઉડાવી દીધી હતી. સંથાલોએ કરેલો પ્રસિધ્ધ સંથાળ બળવાનું નેતૃત્વ પણ માંઝીએ કર્યું હતું. તિલકા માંઝીના નામે ભાગલપુરમાં તિલકા માંઝી ભાગલપુર યુનિવર્સિટી પણ છે. આ ઉપરાંત, બાંગલાનાં સુપ્રસિદ્ધ લેખિકા મહાશ્વેતા દેવીએ તિલકા માંઝીના જીવન અને વિદ્રોહ પર બાંગલા ભાષામાં 'શાલગિરર ડાકે' નામની રચના લખી છે, જેને હિન્દીમાં 'શાલગિરહ કી પુકાર' નામથી પ્રકાશિત કરવામાં આવી છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સામેલ આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓનું કેટલું બધું મહત્વ છે એ વાત પરથી સાબિત થાય છે કે તેમને શ્રધ્ધાંજલિ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે 15 નવેમ્બરને જનજાતિય ગૌરવ દિવસ તરીકે મનાવવાનો પ્રારંભ કર્યો છે.

# સ્વતંત્રતા સેનાની અને જલિયાંવાલા બાગના નાયક ડો. સૈફુદ્દીન કિચલૂ

**જન્મઃ 15 જાન્યુઆરી, 1888 મૃત્યુઃ 9 ઓક્ટોબર, 1963**



**15 જાન્યુઆરી, 1888નાં રોજ અમૃતસરમાં જન્મેલા ડો. સૈફુદ્દીન કિચલૂએ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી સ્નાતક અને જર્મન યુનિવર્સિટીમાંથી પીએચડીની ડિગ્રી હાંસલ કરી હતી.**

અમૃતસરના જલિયાંવાલા બાગથી તમે બધાં પરિચિત હશો. આ એ જગ્યા છે જ્યાં અંગ્રેજ અધિકારી જનરલ ડાયરના નેતૃત્વમાં અંગ્રેજ સૈનિકોએ ઉપસ્થિત સેંકડો લોકો પર ગોળીબાર કર્યો હતો. એક અંદાજ પ્રમાણે આ હૂમલામાં 1,000 લોકોનાં મોત થયાં હતાં અને અનેકને ઈજા થઈ હતી. જલિયાંવાલા બાગમાં એ દિવસે ભીડ એકત્ર થવા પાછળનું એક કારણ એ પણ હતું કે લોકો લોકપ્રિય નેતા ડો. સૈફુદ્દીન કિચલૂની ધરપકડના વિરોધમાં એકત્ર થયા હતા. અંગ્રેજ સરકારે 1919માં રોલેટ એક્ટ પસાર કર્યો ત્યારે વ્યવસાયે વકીલ અને હિન્દુ-મુસ્લિમ એકતાના હિમાયતી ડો. કિચલૂએ સરકાર સામે તીવ્ર વિરોધ નોંધાવ્યો હતો. વાસ્તવમાં, આ કાયદામાં એવી જોગવાઈ હતી કે સરકાર કોઈ પણ વ્યક્તિની વોરન્ટ વિના ધરપકડ કરી શકે. આ કાયદા સામે દેશભરમાં વિરોધ થવા લાગ્યો. કિચલૂએ લોકોને હડતાળ અને બ્રિટીશ સરકાર સામે અહિંસક સત્યાગ્રહમાં ભાગ લેવાનો આગ્રહ કર્યો. કિચલૂએ કરેલી અપીલને પગલે જાહેરસભામાં 30,000 લોકોએ ભાગ લીધો, જ્યાં તેમણે જોરદાર પ્રવચન કર્યું. એ પછી ડો. કિચલૂ અને ડો. સત્યપાલે 9 એપ્રિલ, 1919નાં રોજ અમૃતસરમાં સરકાર વિરોધી સરઘસનું નેતૃત્વ કર્યું, જેને પગલે બંને નેતાઓની ધરપકડ કરવામાં આવી અને તેમને ધર્મશાલામાં નજરકેદ કરવામાં આવ્યા. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સતત સક્રિય રહેનાર કિચલૂએ ગાંધીજીએ શરૂ કરેલી અસહકારની ચળવળમાં ભાગ લીધો. તેમણે ખિલાફત આંદોલનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ એક એવા રાષ્ટ્રવાદી હતા, જેમણે અલગ પાકિસ્તાનની મુસ્લિમ લીગની માગણીનો તીવ્ર વિરોધ કર્યો હતો અને 1947માં દેશના ભાગલા સામે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. તેઓ દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટિના સંસ્થાપકોમાંના એક હતા. એમ માનવમાં આવે છે કે તેમણે ભગત સિંહ દ્વારા સ્થાપિત 'નૌજવાન ભારત સભા'નાં માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવી હતી. સ્વતંત્રતા બાદ કિચલૂએ શાંતિની સ્થાપના અને સોવિયત-ભારત સંબંધોને પુનઃવ્યાખ્યાયિત કરવાનું કામ ચાલુ રાખ્યું. 1952માં લેનિન શાંતિ પુરસ્કારથી સન્માનિત થનારા તેઓ પ્રથમ ભારતીય બન્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણમાં તાજેતરમાં જ જલિયાંવાલા બાગમાં સ્મારકનાં નવીનીકરણનું કામ કરવામાં આવ્યું છે. સાથે સાથે, સ્મારક સ્થળ પર સંગ્રહાલય, ગેલેરી તથા લાઈટ એન્ડ સાઉન્ડ શોની સ્થાપના કરવામાં આવી છે.

# સ્વતંત્રતા સેનાની વિષ્ણુ દામોદર ચિતળેએ રાષ્ટ્ર નિર્માણમાં અગ્રણી ભૂમિકા નિભાવી

**જન્મ:4 જાન્યુઆરી, 1906  મૃત્યુ: 1961**

વિષ્ણુ દામોદર ચિતળેનો જન્મ 4 જાન્યુઆરી, 1906નાં રોજ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં થયો હતો. જાણીતા કમ્યુનિસ્ટ હોવા છતાં તેઓ રાષ્ટ્રવાદી હતા, જેમણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં હોંશભેર ભાગ લીધો હતો. આઝાદીની લડાઈની સાથે સાથે તેઓ ખેડૂતો અને મજૂરોના હિત માટે કામ કરતા રહ્યા અને મહાત્મા ગાંધીના વડપણમાં યોજાયેલા મીઠાના સત્યાગ્રહમાં પણ ભાગ લીધો. ભાઈ ચિતળેના નામે જાણીતા વિષ્ણુ દામોદર ચિતળેએ 1929માં પૂણેથી બીએની પરીક્ષા પાસ કરી હતી. જો કે, ભારતને આઝાદ કરાવવા માટે ચાલી રહેલા રાષ્ટ્રીય આંદોલનમાં વ્યસ્ત હોવાને કારણે તેઓ એમએ અને કાયદાની પરીક્ષા પાસ ન કરી શક્યા. વિષ્ણુ દામોદર ચિતળે નીડર વ્યક્તિ હતા, જેઓ માર્ક્સવાદી સાહિત્યથી પ્રભાવિત અને કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય હોવા છતાં પક્ષની નીતિનું આંધળું અનુકરણ ન કર્યું. તેમને કમ્યુનિસ્ટ પાર્ટીની નીતિ ભારતના રાષ્ટ્ર હિતોથી વિપરીત જણાઈ તો તેમણે નીડરતાથી તેનો વિરોધ કર્યો. કહેવામાં આવે છે કે કમ્યુનિસ્ટોએ 1942માં ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો હતો ત્યારે ભાઈ ચિતળેએ તેમનું સમર્થન કર્યું હતું. તેમના પક્ષે તેમને પક્ષમાંથી દૂર કરવામાં આવ્યા હતા. જો કે 1951મા તેમને ફરીથી પક્ષમાં લેવાની ફરજ પડી. ભારત પર ચીનના આક્રમણ વખતે ફરી એક વાર કમ્યુનિસ્ટો સાથે તેમનાં મતભેદ થયા અને તેમણે ભારતના વલણનું સમર્થન કર્યું. આટલું જ નહીં, ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાની સાથે સાથે તેઓ ગોવા મુક્તિ આંદોલનમાં પણ સક્રિય રહ્યા. એ સમયે પોર્ટુગીઝોની ગોળીઓની પરવા કર્યા વિના 1,000 લોકોને લઈને ગોવાના સરહદ પર પહોંચી ગયા હતા. ●



**વિષ્ણુ દામોદર ચિતળે એવી નીડર વ્યક્તિ હતી, જેઓ માર્ક્સવાદી સાહિત્યથી પ્રભાવિત અને કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય હોવા છતાં ક્યારેય પાર્ટીની નીતિનું આંધળું અનુકરણ ન કર્યું.**

# આઝાદી કા અમૃત મહોત્સવની દેશભરમાં ગુંજ

- કૌશલ્ય વિકાસ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી વિભાગના રાજયમંત્રી રાજીવ ચંદ્રશેખરે 29 નવેમ્બરનાં રોજ સપ્તાહ સુધી ચાલનારા 'આઝાદી કા ડિજિટલ મહોત્સવ'નો શુભારંભ કર્યો. તેનો દરેક દિવસ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના લક્ષ્યને સમર્પિત રહ્યો.
- સંસ્કૃતિ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ 4 ડિસેમ્બરનાં રોજ સ્વચ્છ ભારત લોગો માટે આઝાદી કા ડિજિટલ મહોત્સવ દરમિયાન અનંત ગોપાલ ખસબરદારનું સન્માન કર્યું. તેમણે '100 કરોડ રસીકરણ'ના લોગો માટે યાસીન હારૂન સુદેસરા, 'લોકપાલ' માટે પ્રશાંત મિશ્રા, 'બાંસ મિશન લોગો' માટે સાઈ રામ ગૌડ એદિજીની પ્રશંસા કરી.
- ભારત સરકારે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના મુખ્ય સમારોહના ભાગ રૂપે 6 ડિસેમ્બર, 2021નાં રોજ મહાપરિનિર્વાણ દિવસનું આયોજન કર્યું.
- આઝાદીના 75 વર્ષનો ઉત્સવ મનાવવા માટે આરઈસી લિમિટેડે આસામના કામરૂપ જિલ્લાનાં સોનાપુર અને આસપાસના ગામોમાં 'વીજળી ઉત્સવ'નું આયોજન કર્યું
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 14 ઓકટોબરનાં રોજ બીઆરઓ મોટરસાઈકલ અભિયાન India@75, રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્ર નિર્માણ અને માર્ગ સલામતી જાગૃતિ યાત્રાને લીલીઝંડી આપી.
- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહના આદિવાસી સમુદાયોએ આઝાદી કા અમૃત મહોત્સવના 'આઈકોનિક વીક' દરમિયાન આદિવાસી લોકો, સંસ્કૃતિ અને સફળતાના ગૌરવશાળી ઈતિહાસને ઉત્સાહભેર મનાવ્યો.
- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આદિવાસી બાબતોના મંત્રાલયના સપ્તાહ સમારોહમાં દક્ષિણના રાજ્યોનાં 86 આદિવાસી ઉદ્યોગસાહસિકોને સન્માનિત કર્યા.
- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કેન્દ્રએ વારાણસીમાં મહિલાઓનાં પોષણ અને ફોર્ટિફાઈડ ચોખા અંગે જાગૃત કર્યા.
- ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગમાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું
- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પંચાયતી રાજ્ય મંત્રાલયે આદિવાસી બાબતોના મંત્રાલય અને રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થાનના સહયોગમાં વિજ્ઞાન ભવન, નવી દિલ્હીમાં એક દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કર્યું.

# ભારત-રશિયા સંબંધોમાં નવાં પરિમાણ



**આઝાદી પછી ભારત વિશ્વના બાકીના દેશો સાથે સંબંધો ગાઢ બનાવતું હતું ત્યારે રશિયાના રૂપમાં તેને ઉમદા સાથી મળ્યો, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં આ મિત્રતા વધુ ગાઢ બની. રશિયા અને ભારતના સંબંધો વર્તમાન યુગમાં કયા મુકામ પર છે તે 6 ડિસેમ્બરનાં રોજ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિનનાં એક દિવસના ભારત પ્રવાસ પરથી સમજી શકાય છે, કારણ કે વીતેલાં બે વર્ષમાં કોવિડને કારણે પુટિનનો આ માત્ર બીજો વિદેશ પ્રવાસ હતો.**

દિલ્હીમાં 6 ડિસેમ્બરનાં રોજ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન અને નરેન્દ્ર મોદીએ કોરોના મહામારીના સમયમાં બંને દેશો વચ્ચેની દોસ્તીને નવાં પરિમાણ આપ્યા, જે આખી દુનિયાએ જોયું. પુટિન G 20 સમિટ માટે રોમ નહોતા ગયા. તેઓ ગ્લાસગોમાં પર્યાવરણ અને જળવાયુ પર યોજાયેલા કોપ-26 સંમેલનમાં પણ જોડાયા નહોતા. તાજેતરમાં જ તેમને ચીનનો મહત્વપૂર્ણ પ્રવાસ પણ કરવાનો હતો. તેઓ ત્યાં પણ ન ગયા. પણ, 21માં ભારત-રશિયા શિખર સંમેલનમાં આવીને તેમણે મહત્વનો સંદેશ આપ્યો અને તેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુલાકાતમાં કહ્યું, "છેલ્લાં ઘણાં દાયકામાં વૈશ્વિક સ્તર પર અનેક મૂળભૂત પરિવર્તન થયા છે. અનેક પ્રકારના ભૂ-રાજકીય સમીકરણ રચાયા છે. પણ આ બધાં વચ્ચે ભારત-રશિયા વચ્ચેની મિત્રતા સતત સ્થિર રહી છે. બંને દેશોએ એકબીજા સાથે નિઃસંકોચ સહયોગ કર્યો છે, એટલું જ નહીં એક બીજાની સંવેદનશીલતાનું ખાસ ધ્યાન પણ રાખ્યું છે. આંતરરાષ્ટ્રીય મિત્રતાનું આ દ્વિતીય અને વિશ્વસ્તરીય મોડલ છે."●

## 28 સમજૂતિઓ પર હસ્તાક્ષર

- બંને દેશો 2025 સુધી દ્વિપક્ષીય રોકાણને 50 અબજ ડોલર અને વેપારને 30 અબજ ડોલરને પાર લઈ જવા માંગે છે. રાષ્ટ્રપતિ પુટિનની આ મુલાકાતમાં 28 સમજૂતિઓ પર હસ્તાક્ષર થયા છે. બંને દેશોએ કનેક્ટિવિટીથી લઈને લશ્કરી સહયોગ, ઉર્જા અને અવકાશ ક્ષેત્રમાં ભાગીદારી કરી. આ ઉપરાંત, સંયુક્ત નિવેદન જારી કરીને બંને દેશો વચ્ચેની દોસ્તીને શાંતિ, પ્રગતિ અને સમૃધ્ધિની ભાગીદારી ગણાવી.
- રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોફ અને સંરક્ષણ મંત્રી સર્ગેઈ શોઉગુ સાથે ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ જયશંકર વચ્ચે વાતચીત થઇ.
- વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાએ બેઠક બાદ કહ્યું, આ યાત્રામાં 28 સમજૂતિઓ પર હસ્તાક્ષર થયા છે. સમજૂતિમાં વેપાર, ઉર્જા, બૌધ્ધિક સંપત્તિ, બેન્કિંગ, એકાઉન્ટન્સી જેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે. વાર્તામાં દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વધારવા પર ફોકસ રહેશે.
- આંતરરાષ્ટ્રીય ઉત્તરદક્ષિણ ટ્રાન્સપોર્ટ કોરિડોરની યોજનાને આગળ ધપાવવા પર સંમતિ સધાઇ. બીજી બાજુ, બંને પક્ષ ટૂંક સમયમાં ભારતના ચેન્નાઇને રશિયાના વ્લાડિવોસ્ટોક સુધી જોડતા દરિયાઇ કોરિડાર પર પણ ઝડપથી કામ કરવા સંમત છે.
- ભારત અને રશિયાએ પોતાની લશ્કરી અને ટેકનોલોજી સહયોગ સમજૂતિને આગામી 10 વર્ષ માટે લંબાવવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત સંયુક્ત શસ્ત્ર ઉત્પાદન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર સંમતિ સધાઈ છે. ભારતની રિઝર્વ બેન્ક અને રશિયાની બેન્ક ઓફ રશિયાએ સાયબર હૂમલા વિરુધ્ધ સાથે મળીને લડવાની સમજૂતિ કરી છે.

વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો



**PMO India** @PMOIndia ·
हर भारतवासी की भुजाओं में वो बल है, जो अकल्पनीय को साकार कर देता है।

हम तप जानते हैं, तपस्या जानते हैं, देश के लिए दिन रात खपना जानते हैं।

चुनौती कितनी ही बड़ी क्यों ना हो, हम भारतीय मिलकर उसे परास्त कर सकते हैं: PM @narendramodi



**रक्षा मंत्री कार्यालय/ RMO India**
हमारे प्रधानमंत्री श्री नरेन्द्र मोदी ने भारत की बागडोर संभालने के बाद सोमनाथ का पुनरोद्धार किया है, केदारनाथ का पुनर्निमाण किया है और अब काशी विश्वनाथ को पुराना गौरवमयी स्वरूप प्रदान किया है। यह उनकी प्रेरणा है जो अब उत्तराखण्ड में सैन्यधाम के निर्माण का संकल्प लिया गया है: RM



**Amit Shah** @AmitShah ·
2014 में प्रधानमंत्री बनने के बाद से श्री @NarendraModi जी ने निरंतर सनातन संस्कृति की पुण्यस्थलियों को उनकी असली पहचान देने के लिए पूरी श्रद्धा से कार्य किया है।

श्रीराम जन्मभूमि हो या विश्वनाथ धाम का भव्य स्वरूप, इन सभी का साक्षी बनना हम सभी के लिए बहुत ही सौभाग्य की बात है।



**Nitin Gadkari** @nitin_gadkari ·
National highways are growing at unprecedented pace under the leadership of PM Shri @narendramodi ji. The project, NH-334B is nearing completion with ~93% progress and is targeted for an early completion by 3 months in January 2022.
#PragatiKaHighway #GatiShakti



**Pankaj Chaudhary** @mppch...
दृढ़ निश्चय, पक्का इरादा हो तो नामुमकिन भी मुमकिन हो जाता है। देश की नदियों को जोड़ने का सपना हुआ साकार, दशकों से अटकी, भटकी और लटकी सरयू नहर राष्ट्रीय परियोजना हुई पूरी।
#यूपी_की_सिंचाई_क्रांति



**Bhanu Pratap Singh Verma**
एक जनप्रतिनिधि के रूप में प्रधानमंत्री @narendramodi जी
कई आदर्श स्थापित करते हैं। जनता की अपेक्षाओं पर लगातार खरा उतरने, अपने क्षेत्र में विकास की गंगा बहाने व योजनाओं के सफल क्रियान्वयन, ऐसे कई अहम विषयों पर मोदी जी से बहुत कुछ सीखने को मिलता है।



# जब-जब औरंगजेब आया, उठ खड़े हुए शिवाजी : मोदी

प्रधानमंत्री ने किया नव्य, दिव्य और भव्य श्रीकाशी विश्वनाथ धाम का लोकार्पण | संतों का लिया आशीर्वाद, नवनिर्माण में लगे श्रमिकों पर की पुष्पवर्षा | बोले, काशी में है भारत की आत्मा का अनंत विस्तार, मंदिर का नया भवन सनातन संस्कृति का प्रतीक



# सपने में भी न सोचा था, पीएम हम पर फूल बरसाएंगे

## आदियोगी के दरबार में कर्मयोगी भक्त के रूप में पहुंचे पीएम

गंगा के दरस, परस, स्नान, आचमन के बाद की आदित्य की उपासना, रजत कलश में गंगा जल लेकर पीएम पहुंचे श्री काशी विश्वनाथ धाम



# दैनिक जागरण

## नव्य-भव्य धाम

- प्रधानमंत्री ने किया श्रीकाशी विश्वनाथ धाम का लोकार्पण
- जब कोई औरंगजेब आया, उठ खड़े हुए शिवाजी : मोदी
- धाम के निर्माण में लगे श्रमिकों पर की पुष्पवर्षा



## बेटियों के कौशल विकास पर ध्यान देने का लें संकल्प : मोदी

## भारत और ब्रिटेन स्वाभाविक साझेदार: बोरिस जॉनसन

## प्रधानमंत्री मोदी ने मजदूरों पर फूल बरसाए, उनके साथ भोजन किया

# देश को प्रेरणा देता है संसद हमले के वीरों का सर्वोच्च बलिदान

संसद हमले की 20वीं बरसी : दोनों सदनों में शहीदों को किया याद, आतंकी मंसूबों को कामयाब नहीं होने देने का लिया संकल्प

RNI No. :
DELGUJ/2020/78810
January: 1-15, 2022

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date December 21, 2021, Pages - 48)

12 જાન્યુઆરી

# રાષ્ટ્રીય યુવા દિવસ

## સ્વામી વિવેકાનંદ જયંતી



“સ્વામી વિવેકાનંદે ભારતને એક એવી સાંસ્કૃતિક ચેતના તરીકે જોયો, જે સદીઓથી ચાલી આવે છે અને શ્વાસ લઈ રહી છે, એક એવું ભારત જે વિપરીત ભવિષ્યવાણીઓ છતાં દરેક પડકાર બાદ મજબૂત બને છે. તેઓ ભારતને પ્રબુધ્ધ બનાવવા માંગતા હતા અથવા જાગૃત કરવા માંગતા હતા.”

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020